# Journal of the Gujarat Research Society

# ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક

*'Do Research For the Good of Mankind'*
- Pt. Jawaharlal Nehru

Vol. LII • Nos. 3-4 • July-December, 2007

**Editors**

**Dr. Bharati Shelat** **Dr. Krishnakant Kadakia**

सर्वेऽत्र सुखिनः सन्तु
सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु
मा कश्चिद् दुःखमाप्नुयात् ॥

*Let all be crowned with joy unbound.*
*& all be free from all disease.*
*Let none experience pangs of pain.*
*Let good on earth spread all around.*

*- Manusmṛti*

ગુજરાત રિસર્ચ સોસાયટી, અમદાવાદ



***With Best Compliments From :***


# Nilraj Marketing Pvt. Ltd.

210, Sakar-III, Nr. Old High Court Building,
Off. Ashram Road, Navrangpura, Ahmedabad-380014. INDIA
Ph. : (O) 27541013, 2754 1014 Fax : (079) 27541015
E-mail : nilraj_marketing@indiatimes.com

# Editorial

*Gujarat Research Soceity established in 1936 started publishing its own Research Journal in January, 1939 by the means of donation from Seth Shri Lalji Dayal. The Credit of initiating the Journal goes to Prof. C. N. Vakil and Prin. J. H. Trivedi who were the joint editors of the Research Journal. It had published Valuable Research papers of high ranking scholars both in English and Gujarati.*

*We are glad to bring out the second issue of the Journal i.e. July-December, 2007 issue. The Previous issue contained articles on various subjects by learned scholars, Professors, teachers and Doctors. This issue contains articles on History, Culture, Archaeology, Sanskrit Studies, Gujarati language and literature, Education, Economics, Political Science, Medical Science etc. The articles are published in English, Gujarati and Hindi. We are thankful to all Voluntary contributors for their valuable research articles. We are also thankful to propriters of Krishna Graphics for printing this issue of the Journal nicely. Thanks to all those who have supported the Journal by giving advertisement for the Journal.*

***Bharati Shelat***
***Krishnakant Kadakia***

## Guide lines for accepting the articles :

The scholars are requested not to send their articles for publication to any other place, once accepted for this Journal.

The article should be submitted preferably in a computerized copy or if it is a hand-written copy, it should be written only on one side of the paper and it should be clearly readable. The title page should contain the exact title of the article, author's name, affiliation and complete address. The Line drawings and the Photographs along with the article can be printed only on the approval of the Editors.

The references should contain the name of the author or the Editor, title of the book, edition, publication place and the year. The writings of the Journal are protected by copy-right of the Gujarat Research Society.

The Journal is non-profit making and does not pay for the article accepted for publication. However, the authors will get 10 off-prints of their published papers along with a copy of the Journal.

The authors should send two copies of their published book for review. One copy of the book and 10 off-prints of the printed review will be given to the reviewer.

The views expressed in the various articles of this Journal are the views of the authors and it should not be assumed that the editors agree with the views mentioned in the articles.

Subscription : Rs. 100 (including postage)

In Foreign Countries :
U. S. A. : 8 $ (including postage)
Europe and other countries : 3.50 £

Subscription year January to December

Advertisements :

| | | |
|---|---|---|
| Cover page 4 | : | Rs. 5,000/- |
| Cover Page 3 | : | Rs. 4,000/- |
| Cover page 2 | : | Rs. 5000/- |
| Full Page | : | Rs. 3,000/- |
| Half Page | : | Rs. 1,500/- |

For Correspondance write to :
Hon. Director,
**Gujarat Research Society**
445, Paldi (West),
Opp. ESI Dispensary,
D. 42, AHMEDABAD-380007

Publication Year : 2008

Printed by : **Krishna Graphics**
966, Naranpura Old Village, Naranpura, Ahmedabad-380013
Ph. : 079-27494393. (M) 9426300640

# ગુજરાત રિસર્ચ સોસાયટી, મુંબઈ
## સંસ્થાનો પરિચય

ગુજરાત રિસર્ચ સોસાયટી, મુંબઈની સ્થાપના ૧૯૩૬ માં થઈ હતી. સંસ્થાની સ્થાપનામાં અને એના વિકાસમાં અનેક શિક્ષણવિદો, સંશોધકો તથા વિદ્વાનોએ પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો હતો.

માનવીની જિજ્ઞાસાવૃત્તિ અને જ્ઞાન પિપાસાને ધ્યાનમાં રાખીને ગુજરાત રિસર્ચ સોસાયટી ''લાઈફ લોંગ લર્નિંગ'' નામે અભ્યાસક્રમ ચલાવે છે. આ સંસ્થામાં જ્ઞાન અને કલાની પ્રવૃત્તિ ઉપરાંત વિવિધ પ્રકારની સમાજલક્ષી પ્રવૃત્તિઓ પણ થાય છે.

સદ્‌ગત ડૉ. મધુરીબહેન શાહના નેજા હેઠળ સ્થાપનામાં આવેલ હ્યુમન ડેવલપમેન્ટ વિભાગ ખૂબ વિકાસ પામ્યો છે. હકીકતમાં સંસ્થાનો મુખ્ય હેતુ જ્ઞાનના કોઈપણ ક્ષેત્રમાં સંશોધન કરીને વિકાસ કરવાનો હોવાથી સમાજની બદલાતી જરૂરિયાત સાથે આજપર્યંત નિતનવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ સંસ્થામાં વોકેશનલ તથા એજ્યુકેશનલ ગાઈડન્સ સાથે આઈ.સી.એસ.ઈ. અભ્યાસક્રમ પણ ચાલે છે.

સંસ્થામાં મેડિકલ અને ફિઝીયોથેરાપી વિભાગમાં સેવા કરવાના આશયથી માત્ર રૂા.૧માં કેસ કાઢીને પાંચ રૂપિયામાં દવા આપવામાં આવે છે. આ માટે પ્રખ્યાત તથા અનુભવી તબીબો પોતાની ધંધાકીય વ્યસ્તતામાંથી સમય કાઢીને અઠવાડિયામાં ત્રણ દિવસ ચિકિત્સા કરે છે.

મંદબુદ્ધિના બાળકો માટે તદ્દન નિઃશુલ્ક દરે અહીં શિક્ષણ આપવામાં આવે છે. મંદબુદ્ધિના બાળકોને શાળામાં શિક્ષણનું કાર્ય એજ્યુકેશન ડિપાર્ટમેન્ટના સહયોગથી ચાલતું હોવાથી ત્યાંથી તાલીમબદ્ધ શિક્ષકો આવીને શિક્ષણ આપે છે. જ્યારે અન્ય સગવડ સંસ્થા પ્રદાન કરે છે.

વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસથી વંચિત ન રહી જાય તે હેતુથી ડૉ. મધુરીબહેને ૧૯૬૯માં મુંબઈ યુનિવર્સિટીનું એફિલિયેશન લઈને કૉલેજ ઑફ એજ્યુકેશનની સ્થાપના કરી હતી.

હોમ મેનેજમેન્ટ સર્ટિફિકેટ કોર્સમાં શરૂઆતમાં માત્ર ચાર વિદ્યાર્થીઓ હતા. અત્યારે આનો લાભ સેંકડો વિદ્યાર્થીઓ લે છે. હોમ મેનેજમેન્ટના કોર્સને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યો છે.

(૧) સેલ્ફ એન્ડ સોસાયટી (તમે અને સમાજ)

(૨) વેરિયસ ચેલેન્જિસ (વિવિધ પડકારો)

(૩) ફેમિલી ફાઈનાન્સીંગ (કૌટુંબિક આવક)

(૪) હેલ્થ ઍન્ડ પર્સનાલિટી (તંદુરસ્તી અને વ્યક્તિત્વ)

આ કોર્સ દ્વારા મહિલાને સફળ ગૃહિણી તરીકે તૈયાર કરવામાં આવે છે.

લાઈફ લોંગ લર્નીંગના નેજા હેઠળ બાળકો માટે સ્કેટિંગ, સુગમ સંગીત, કેલિગ્રાફી, પર્સનાલીટી ડેવલપમેન્ટ, કેસિયો વાજિંત્ર, ડાન્સીંગ, ઈંગ્લીશ સ્પીકીંગ, સ્ટોરી ટેલિંગ તથા યોગ અને ક્રિકેટની પ્રવૃત્તિઓ પણ ચાલે છે.

જ્યારે યુવતીઓ માટે ફેબ્રીક પેઈન્ટીંગ, બ્યુટિશિયનનો કોર્સ તથા મહેંદી, હેરસ્ટાઈલ, ક્રાફ્ટ, કુકીંગ, એરોબિક્સ, યોગ, કમ્પ્યુટર ટ્રેનિંગ અને ફુડ ઍન્ડ ન્યુટ્રિશિયન જેવી વિવિધ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે.

સંસ્થામાં વેદાંત અને ગીતાના પ્રવચનોનું આયોજન થાય છે. સંસ્થામાં ડાન્સનો કોર્સ ચાલે છે. જેમાં તાલીમ પૂરી થયા બાદ વિદ્યાર્થીએ સ્ટેજ શૉ રજૂ કરવાનો હોય છે. તેમજ ફોટોગ્રાફીનો કોર્સ પૂરો થતાં ફોટોગ્રાફીનું પ્રદર્શન પણ આયોજવામાં આવે છે.

સંસ્થામાં અદ્યતન લાઈબ્રેરી છે. જેમાં અપ્રાપ્ય પુસ્તકો વાંચન તથા અભ્યાસ માટે સભ્યોને આપવામાં આવે છે. આ ઉપરાંત સાડી પેઈન્ટીંગના વર્ગો પણ ચાલે છે. ફોટોગ્રાફી તેમજ પેઈન્ટીંગની પ્રવૃત્તિ શીખવા માટે ઉંમરના બંધન નથી નડતા. આમ સંસ્થામાં વિવિધ પ્રકારના કોર્સ સુંદર આયોજન દ્વારા ચલાવવામાં આવે છે. લાઈફ લર્નિંગ કોર્સનો લાભ યુવા વર્ગ, મહિલાઓ અને વડીલો પણ લે છે.

**દવે હરેશકુમાર ચંદ્રકાન્ત**
સિનિયર ક્લાર્ક
(ગુજરાત રિસર્ચ સોસાયટી)

**હાલ ગુજરાત રિસર્ચ સોસાયટી, અમદાવાદની કાર્યવાહક સમિતિ નીચે પ્રમાણે છે.**

| | | |
|---|---|---|
| (૧) | ડૉ. નીતિનભાઈ એસ. શાહ | પ્રમુખ |
| (૨) | શ્રી કલ્યાણભાઈ ટી. શાહ | ઉપપ્રમુખ |
| (૩) | ડૉ. ભારતીબેન કી. શેલત | માનદ ડાયરેક્ટર |
| (૪) | શ્રી ગૌરાંગભાઈ એન. દીવેટિયા | મંત્રીશ્રી |
| (૫) | શ્રી મયૂરભાઈ પરીખ | ખજાનચી |
| (૬) | ડૉ. કીર્તિકુમાર કા. શેલત | કો. ઓર્ડીનેટર |
| (૭) | શ્રી કૃષ્ણકાન્ત કડકિયા | કારોબારી સભ્ય |
| (૮) | શ્રી જગત વિપ્લવભાઈ પટેલ | કારોબારી સભ્ય |

# ગુજરાત રિસર્ચ સોસાયટી - અમદાવાદ શાખા

આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ જ્ઞાનની સર્વ શાખાઓમાં થતાં સંશોધનોને આગળ વધારવા, વ્યવસ્થિત કરવા અને એ સાથે ગુજરાત અને તેની નિકટના પ્રદેશોની સાથે સંબંધ ધરાવતા અનેક વિષયોને લગતી સામગ્રી એકઠી કરવી અને તે પ્રકાશિત કરવી તે રહ્યો છે. સાથે સાથે આરોગ્ય, ખોરાક, શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય વગેરે અંગે ધ્યાન કેન્દ્રિત કરી તે અંગેની પ્રવૃત્તિઓ વિકસાવવાનો છે. અત્રે ભાષા વિભાગ અને આરોગ્ય વિભાગ ચાલે છે.

આરોગ્ય વિભાગમાં બાળકોને મફત રસી આપવાનો કાર્યક્રમ સ્ત્રીઓના સ્વાસ્થ્ય અંગે તેમનો મેડીકલ ચેકઅપ, સ્ત્રી રોગ નિષ્ણાત ડૉક્ટરો દ્વારા સ્ત્રી વ્યંધીકરણના ઓપરેશનો, કોપર ટી. મૂકી આપવી વગેરે પ્રવૃત્તિઓ ચાલે છે. રોજ સાંજે તથા સવારે દર્દીઓને તપાસી દવાઓ ઇન્જેક્શન વગેરે અપાય છે. જુદી જુદી મેડીકલ શાખાઓના નિષ્ણાત ડોક્ટરો દ્વારા જરૂરિયાત મુજબ દર્દીની તપાસ કરી અપાય છે. અત્રે એક્યુપ્રેશર માટેની સુવિધા ઉપલબ્ધ છે. જેમાં વા કમરનો દુખાવો વગેરે માટે યોગ્ય સારવાર અપાય છે.

ભાષા વિભાગમાં એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી (મુંબઈ) દ્વારા ગુજરાતી વિષયમાં પીએચ.ડી. કરી શકાય છે. ગુજરાતી વિષયમાં માર્ગદર્શક તરીકે ડૉ. બળવંતભાઈ જાની તથા ડૉ. નૂતનબેન જાનીને એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી દ્વારા માન્યતા મળેલ છે. ઇતિહાસ, ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત, તથા અન્ય વિષયોમાં પીએચ.ડી. કરવા માટે એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાં માન્યતા મેળવવા પ્રયત્નો ચાલુ છે. અત્રે ગ્રંથ પ્રકાશન, સંશોધનની પ્રવૃત્તિઓ ચાલે છે. આ અંગે ડૉ. ભારતીબેન શેલત તથા ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા સંશોધન અને માર્ગદર્શનનું કાર્ય કરે છે. આ વિભાગ દ્વારા ગુજરાત રિસર્ચ સોસાયટીનું ત્રૈમાસિક જર્નલ પ્રકાશિત કરાય છે. તેના જાન્યુઆરી-જૂન, ૨૦૦૭ ના અંકનો વિમોચન વિધિ તા. ૯-૯-૨૦૦૭ના રોજ ગુજરાત રિસર્ચ સોસાયટી ખાતે પ્રસિદ્ધ ઇતિહાસવિદ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના હાથે કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત પ્રસંગે વિદ્વાનો, પ્રોફેસરો તથા શિક્ષિત મહાનુભાવોએ હાજર રહી પ્રસંગને સફળ બનાવ્યો હતો.

વિદ્યાર્થિનીઓને આર્ટ્સ કોમર્સમાં બી.એ., બી.કોમ.ની પદવી ઘેર બેઠાં મેળવવી હોય તો Distance Education Programme દ્વારા એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી ખાતે અભ્યાસ કરી શકાય છે. આ અંગે યોગ્ય માર્ગદર્શન ગુજરાત રિસર્ચ સોસાયટી દ્વારા પૂરું પાડવામાં આવે છે.

તા. ૧૦-૨-૨૦૦૮ના રવિવારના દિવસે લાયન્સ ક્લબ ઑફ દિગ્વિજયનગર અને ગુજરાત રિસર્ચ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે એક મેડીકલ ચેકઅપનો કેમ્પ રાખવામાં આવેલો જેમાં દર્દીઓને વિનામૂલ્યે નિષ્ણાત તબીબો દ્વારા માર્ગદર્શન તથા દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમ્યાન હેલ્થને લગતાં ચિત્રોનું પ્રદર્શન તથા પપેટ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. એકંદરે દર્દીઓએ કેમ્પનો સારો એવો લાભ લીધો હતો. અત્રેના ડૉ. ધીરજલાલ ધ. શાહ પુસ્તકાલયમાં લગભગ ૬ થી ૭ હજાર પુસ્તકો છે. જે વિદ્યાર્થીઓના અભ્યાસ માટે મળી શકે છે. સદ્ગત ડૉ. ગોવિંદભાઈ મોદીના કુટુંબીજનો તરફથી ઉપરોક્ત લાઇબ્રેરીને ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસના નવ ગ્રંથો તથા અન્ય પુસ્તકો અને કેટલાક ફારસી દસ્તાવેજો ભેટ મળ્યા જે બદલ સંસ્થા તેમના કુટુંબીજનોની આભારી છે. અહીં ચાલતી શેઠ શ્રી નાનશા કાળિદાસ પેથોલોજી લેબોરેટરીમાં દર્દીના લોહી પેશાબ વગેરેની તપાસ રાહતના દરે કરી અપાય છે.

જુલાઈ-ડિસેમ્બર, ૨૦૦૭ નો ગુજરાત રિસર્ચ સોસાયટીનો આ અંક પ્રસિદ્ધ થઈ રહ્યો છે. તેમાં વિવિધ વિષયો—ઇતિહાસ અને સંસ્કૃતિ, શિક્ષણ, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સંસ્કૃત સાહિત્ય, ગુજરાતી સાહિત્ય, મેડિકલ સાયન્સ વગેરેને લગતા લેખોનો સમાવેશ કરાયો છે. વાચકનો રસ જળવાઈ રહેશે એવી અપેક્ષા છે. ભાવિમાં અન્ય કાર્યક્રમો વિચારણા હેઠળ છે. ભાષા વિભાગમાં સેમીનારના આયોજન માટે લાંઘણજ(ઉત્તર ગુજરાત)ના શ્રી નટવરલાલ રણછોડલાલ પટેલે રૂા. ૫૦૦૦નું દાન આપેલ છે. તે બદલ સંસ્થા તેમની આભારી છે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| Editorial | | |
| ગુજરાત રિસર્ચ સોસાયટી, મુંબઈ : સંસ્થાનો પરિચય | | |
| ગુજરાત રિસર્ચ સોસાયટી - અમદાવાદ શાખા | | |
| માનવસંસ્કૃતિનો ઉષ:કાળ | સિદ્ધાર્થ નરહરિ ભટ્ટ | ૧ |
| વૈજ્ઞાનિક પદ્ધતિ, 'ક્લાઈમેટ ચેન્જ' અને 'સૃષ્ટિસર્જનવાદ' | દિનેશ શુક્લ | ૫ |
| 'ગુલાગ : એ હિસ્ટરી ઑફ ધી સોવિયેટ કેમ્પ્સ' | યોગેન્દ્ર માંકડ | ૮ |
| વિશિષ્ટ આર્થિક ઝોન | રમેશ બી. શાહ | ૨૦ |
| યક્ષપ્રશ્ન ઇતિહાસના નિરૂપણનો | ડૉ. રસેશ જમીનદાર | ૨૪ |
| અમદાવાદનું અપ્રસિદ્ધ મુઘલકાલીન ખતપત્ર | ડૉ. ભારતી શેલત | ૩૪ |
| વાસ્તવવાદી પ્રશ્નપ્રધાન નાટકો | ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા | ૪૦ |
| પિત્તાશયની પથરી | ડૉ. કે.એસ. પુરોહિત | ૬૧ |
| अभिज्ञान शाकुन्तल का तांत्रिक (आध्यात्मिक) अर्थघटन | डॉ. हर्षदेव माधव | ६४ |
| Bhaṭṭikāvya Recension in the context of Vālmiki's Rāmāyaṇa | Prof. H. G. Shastri | ૬૮ |
| A case study on the use of Transactional Analysis in developing content mastery of teacher-trainees in History subject. | Smt. Sharada Ganapathy, Smt. Vaishali Sawant | ૭૬ |
| Attitude of 8th and 9th Standard Students towards the Computer Assisted Instruction – A study focusing Thane Region. | Dr. Karuna H. Sinha | ૮૪ |
| Geriatric Medicine | Dr. Sunil Shah | ૯૦ |
| Symptomatology of Psychiatric Disorders and Role of Ayurvedic Drugs in Psychiatric Disorders | Dr. Pranav Shelat | ૯૭ |
| Dynamics of the testes and Dilemas of an Undescended testicle | Dr. Kirti K. Shelat. | ૧૦૬ |

# માનવસંસ્કૃતિનો ઉષઃકાળ

◆

**સિદ્ધાર્થ નરહરિ ભટ્ટ***

મનુષ્ય અને તેણે રચેલા સામૂહિક જીવન (અથવા પ્રચલિત અર્થમાં સમાજ) વિશે જ્ઞાનની અનેક શાખાઓમાંની એક શાખા એવી સમાજશાસ્ત્રની વિગતોમાં જવું નથી. ભટકતા ફરતા આદિ માનવે રાની પશુઓથી બચવા સલામતીની ખોજમાં શું કર્યું હશે તેની અટકળો જ કરવી રહી. ચાર પગે ચાલતી પશુસૃષ્ટિમાંથી એક ફાંટો છૂટો પડ્યો અને તેના બે પગે ઊભો રહેલો અંતે મનુષ્યમાં પરિણમ્યો. તે ચાલતો થયો અને દોડતો થયો. તેનાથી બળવાન પશુઓથી બચવા તેણે કંઈક આધાર લેવો પડ્યો હશે. અને, તેના આગલા બે પગ હવે હાથ બન્યા અને એ બે હાથને આધારે તેની પાસે બચવાનું જે કંઈ આવ્યું હશે, પછી તે પથ્થર હશે કે ઝાડની ડાળી અથવા એવું કંઈક આત્મરક્ષણ આપી શકે તેવું કોઈક સાધન, તેના થકી તે સ્વબચાવ કરતો થયો હશે.

તો, ઊગતા સૂર્ય, માથા પર આવતા સૂર્ય,અને આથમતા સૂર્યનું તેને કંઈક કુતૂહલ થયું હશે. ટાઢ, તડકો, વરસાદ જેવી કુદરતી ઋતુચક્રની અવસ્થામાં આવતા પરિવર્તને તેનું કુતૂહલ વધાર્યું હશે. વાદળાં ગડગડતાં હોય, વીજળીના ચમકારા થતા હોય, આ અને આવી અનેક કુદરતી ઘટનાઓએ તેના અચરજમાં વધારો કર્યો હશે. ધરતીનું ધ્રૂજવુંથી માંડીને પશુ પક્ષીના વિવિધ અવાજોએ તેને તેવું જ કંઈક કરવા પણ પ્રેર્યો હોઈ શકે. છેક પ્રાથમિક અવસ્થામાં તે ઘરઘરાટી કરતો હતો, વરસાદથી બચવા વૃક્ષનો આશરો લેતો હતો, રાની પશુથી બચવા દોડતો ભાગતો અકસ્માતે ગુફા શોધી હોય અને વૃક્ષ કરતાં તેમાં આશરો લેવો તેને વધારે સલામત લાગ્યો હશે. તેમાંથી, સદીઓ પછી ઘર-બારી બારણાંથી સુરક્ષિત સલામતીનું આશ્રય સ્થાન તેણે રચ્યું હશે. તેની ઘરઘરાટી તો ધ્વન્યાત્મક હતી અને તેથી આસપાસની સૃષ્ટિને જેમ તે ઓળખતો ગયો હશે તેમ, તે જ જોતો તેને ચોક્કસ ધ્વનિથી ઓળખતો થયો હશે.અને કાળે ક્રમે,એ જ ઘરઘરાટી થકી નીપજતો ધ્વનિ, તેને પ્રત્યેક ધ્વનિ માટે, અર્થનો સંકેત આપતો થયો હશે. આમાંથી, આજની ભાષાનું આદિ સ્વરૂપ ઘડાયું હશે.

તેવું થયું હશે તે પહેલાં, એકલા રખડતા ફરતા અને રાની પશુ અને કુદરતી આફતોથી બચવા પ્રયત્ન કરતા મનુષ્યે ગુફા શોધી હશે અને એ ગફામાં તેની પેઠે તેના જેવા અનેક આદિ મનુષ્યોએ શરણું લીધું હશે. અને તેમાંથી જેને ખોરાક અને સલામતીની ભાવના, મનુષ્યની અનિવાર્ય જરૂરિયાત બને છે તેમ તેની અનેક શારીરિક જરૂરિયાતો, ક્યાં પહેલાં એકલા અને પછી, અકસ્માતે નાનકડા જૂથમાં રહેલા સ્ત્રી-પુરુષોએ, પારસ્પરિક શારીરિક અનિવાર્ય અને ટાળી ન શકાય તેવી જરૂરિયાતો સંતોષવાનું શરૂ કર્યું હશે.એ જ, તબક્કે આજના

---

* નિવૃત્ત પ્રાધ્યાપક, રાજ્યશાસ્ત્ર વિભાગ, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

પરિવારનું આદિ સ્વરૂપ શરૂ થયું હશે. સૂકી ડાળીઓના અથડાવાથી કે અકસ્માતે પથ્થરના ટુકડાને કારણે પેદા થતા અગ્નિએ, કાચા પદાર્થો ખાવા કરતા શેકીને અને અનુભવે શીખતા શીખતાં રાંધવા તરફ તેને પ્રેર્યો હશે. આ થઈ, આજના માનવસમાજના આદિ સ્વરૂપની અટકળ કે કલ્પના. અને, તેના આધારો કે તેવી અટકળ કે કલ્પનાને પુષ્ટિ આપે તેવા આદિ સ્વરૂપના સમાજો કે નાનકડી માનવવસાહતો આજે પણ જગતમાં જોવા તો મળે છે. એમેઝોન નદીના વિસ્તારોમાં વસ્ત્રની જરૂરિયાત હોવા છતાં તેને બનાવવાનું શીખ્યા ન હોય તેવા નાનકડા માનવસમૂહો આજે પણ છે. તો ઓસ્ટ્રેલિયાની છેક ઉત્તરે વસેલાઓ, તેવી અવસ્થામાંથી વિકસેલા તબક્કાઓમાં આજે પણ મળે છે. અને, આફ્રિકાનાં જંગલોમાં આવી અવસ્થાવાળા નાનકડા માનવસમૂહો પણ જોવા મળે છે. માનવસંસ્કૃતિનાં આ બધાં આદિ સ્વરૂપો છે.

અમેરિકામાં માર્ગારેટ મીડ નામનાં પ્રખર જ્ઞાન ધરાવતાં મહિલા થઈ ગયાં. પેસિફિક મહાસાગરમાં પથરાઈને પડેલા ટાપુઓમાં રખડીને તેમણે કરેલા અભ્યાસો આપણી અનેક અટકળો અને કલ્પનાઓને પુષ્ટિ આપે છે. નૃવંશશાસ્ત્ર થકી આરંભ થતું માનવજ્ઞાન વિકસીને આજના સમાજશાસ્ત્ર તરફ ગયું હોય તેવું માનવું વધારે પડતું નથી. આદિ માનવે છોડેલા અનેક પુરાવાઓ જગતભરના વિસ્તારોમાંથી મળી આવે છે, આદિમ વસાહતોના નમૂના મળી આવે છે, ઓજારો મળી આવે છે, નાશના છેલ્લા તબક્કામાં પ્રવેશેલા ખંડેરો મળી આવે છે, અને જો છેક સંપૂર્ણ હાડપિંજર નહીં તો પણ અસ્થિઓ અને શરીરના માનવખોપરી સમેત અનેક પ્રકારના અસ્થિઓ મળી આવે છે. અને, આ સર્વમાંથી જે પ્રકારનું જ્ઞાન વિકસતું જાય છે તેમાં આજના સમાજના આદિ સ્વરૂપનું પગેરું નીકળે છે અને તે થકી સંસ્કૃતિના આદિ સ્વરૂપથી માંડીને તેના વિવિધ તબક્કાઓની ધારણાઓ અને એ ધારણાઓને ટેકો આપતા સબૂતો પણ તર્કની એરણ પર ચકાસી શકાય તેવા સાંપડ્યા છે. માનવ ઇતિહાસના આ આદિ કે શરૂઆતના તબક્કા કે માનવસંસ્કૃતિના આ શરૂઆતનાં પગથિયાંઓને તપાસવાં, ચકાસવાં, અને તેને તાર્કિક આધાર પામવા પૂરતું માનવજ્ઞાન અવશ્ય વિકસ્યું છે.

આ અદ્‌ભુત કથા વિશે ખોબે ખોબે લખી શકાય. છેક પશ્ચિમના પ્રદેશો એવા ઉત્તર અને દક્ષિણ અમેરિકાની સંસ્કૃતિઓનાં પુરાણાં સ્વરૂપોથી માંડીને છેક પૂર્વમાં આવેલા પ્રશાંત મહાસાગરના અસંખ્ય ટાપુઓ પર આજે પણ પ્રાગૈતિહાસિક અને ત્યારપછીના તબક્કાઓના અનેક સબૂતો મળે છે અને પુરાતત્ત્વથી માંડીને નૃવંશશાસ્ત્ર અને આજના વિકસિત સમાજશાસ્ત્ર અને તે સાથે સંકળાતી સંસ્કૃતિ-સંસ્કાર સમેત જ્ઞાનની અનેક શાખાઓથી એ સર્વને તપાસવાનું શક્ય બન્યું છે. ત્યારે, તેમાંથી આજના માનવજાતના શારીરિક સમેત અનેક સ્વરૂપના જ્ઞાનને નાણવાનું શક્ય બન્યુ છે, ત્યારે, આ સર્વમાં કંઈક સામ્ય, કંઈક ચોક્કસ સ્વરૂપની ભાત (પેટર્ન) અવશ્ય જોવા મળે છે. મનુષ્ય અને મનુષ્યેતર પશુજગતમાં કંઈક ભેદ છેઃ મનુષ્ય સાંપડતા અનુભવમાંથી ક્યારેક તો કંઈક શીખે છે અને સાંપડેલી પરિસ્થિતિ કે સંજોગોમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરે છે અને પશુની સરખામણીએ મનના ભાવને વ્યક્ત કરવા મનુષ્યને ભાષા મળી છે. સાંપડેલી પરિસ્થિતિમાંથી બહાર આવી વધારે અનુકૂળ પરિસ્થિતિ વિશે કલ્પના કરવી અને તે પરત્વે જવાની ઇચ્છાઓ જ આજના વિજ્ઞાનનું આદિ સ્વરૂપ પડ્યું છે.

આવી અવસ્થામાં મનુષ્યને ભૂતકાળ હોય છે. પરંતુ તવારીખીઓ ઇતિહાસ હોતો નથી. તેના ઇતિહાસની તારીખીઆ વિગતો હોતી નથી પરંતુ યુગનું લાંબુ અંતર છે. ત્યારે,એ યુગના આગલા તબક્કાના સ્વરૂપની કલ્પના કરવાની હોય છે અને તબક્કાનું સ્વરૂપ બદલાતું જાય તેની કલ્પના કરવાની હોય છે, અને, તબક્કા પરિવર્તનની પણ કલ્પના કરવાની હોય છે. ભાષા આવી ન હતી છતાં મનષ્ય તેવી ઘરઘરાટી કે ચેષ્ટાથી અન્ય સાથે કંઈક સંપર્ક (કમ્યુનિકેશન) કરતો જ હશે. પછી, તેનું સ્વરૂપ ધ્વનિ કે શારીરિક હાવભાવનું પણ હોય. આજના સાહિત્યની આદિ સ્વરૂપની ગાંડી કલ્પના આપણને આદિમ કાળ સુધી લઈ જાય છે.

આજના ગદ્ય પહેલાં પદ્ય આવ્યું કારણ પદ્ય ગેય છે. તો, એ પદ્યનું આદિ સ્વરૂપનું પગેરું ક્યાં કાઢીશું ? કલ્પનાનો જ આધાર લઈએ : જ્યારે કેવળ ધ્વનિ જ હતો અને સંકેત કે અર્થના સ્વરૂપમાં શબ્દ આવ્યો ન હતો ત્યારે પણ માતા તેના શિશુને સુવાડવા કંઈક લયના સ્વરૂપનો ધ્વન્યાત્મક સૂર તો કાઢતી હશે. તો, 'હા...લા' એ આજના હાલરડાંમાં છે તેનું કંઈક ધ્વન્યાત્મક સ્વરૂપ ત્યારે અવશ્ય વિકસ્યું હશે.

ભાષાના વિકાસ અને સમાજઘડતરના આદિ સ્વરૂપ વિશે આજે મળી આવતા અવશેષોને આધારે જ અટકળ થઈ શકે અને હવે ભૌતિક વિજ્ઞાનો પણ એ સર્વની કાલગણના માટે પૂરતાં વિકસ્યાં છે પછી ભલે છેક વર્ષ કે દિવસની ઝીણવટ ભરી વિગતોની પુષ્ટિ આપી શકતાં ન હોય અને તેવું કરવાની જરૂર પણ નથી. આજનો મનુષ્ય, તેના જ્ઞાન અને તેના સમાજનો વિકાસ તબક્કાવાર થયો છે ત્યારે પાછે પગલે જઈને પગેરું કાઢવાની મનુષ્યની જ્ઞાનની ક્ષમતાનો અવશ્ય વિકાસ થયો છે ત્યારે, આજના સંદર્ભમાં ગઈકાલના સ્વરૂપને જાણવું અને ગઈકાલથી આજ સુધીના વિકાસના માર્ગનો ખ્યાલ કરવો અને શક્ય એટલા પ્રમાણમાં તેને પ્રમાણભૂત કરવો અને તેમ કરીને આવતી કાલ કેવી હશે તેની પણ કલ્પના થઈ શકે. જો, આજથી ગઈકાલને જાણી શકવાની જ્ઞાનાત્મક ક્ષમતા મનષ્યે ઊભી કરી હોય તો એ જ જ્ઞાનાત્મક ક્ષમતા તેને ઉપલબ્ધ જ્ઞાન અને સાધનો થકી આવતી કાલનાં સ્વરૂપને નિર્ધારિત કરવાનું સરળ બન્યું છે. કશું પણ સ્થગિત કે તેની તે અવસ્થામાં રહેતું નથી. નિર્જીવ પદાર્થોનો પણ ક્ષય થતો હોય છે કે તેના સ્વરૂપમાં પણ ફેર પડતો હોય છે. ત્યારે, સતત ગતિશીલ, જીવંત અને વિચારી શકતા મનુષ્યના વિકાસને જ્ઞાનાત્મક આકાર અવશ્ય આપી શકાય છે.

આ લેખમાં એક બાબતનો ઉલ્લેખ કર્યો હતો : ભૂતકાળ હોય છતાં ઈતિહાસ ન હોય. પ્રાગૈતિહાસિક મનુષ્ય વિશે આ કહી શકાય. જ્યાં, સમાજ વ્યવસ્થિત થયો હોય કે સામૂહિક જીવન શક્ય બન્યું હોય, ભાષા આવી હોય, સામૂહિક જીવનને જરૂરી નગરરચના અને બજાર વિકસ્યાં હોય, સમગ્ર સમાજને નિયમનમાં રાખનારાં ધોરણો (નીતિ નિયમો અને સદાચારના સંદર્ભમાં મૂલ્યો) વિકસ્યાં હોય, સમાજના વ્યવહારોને નિયંત્રિત કરતી સંસ્થાઓનો વિકાસ થયો હોય, સમાજમાં અથડામણો ન થાય તે માટે સર્વને સ્પર્શતા (અને છતાં, શક્ય એટલા પ્રમાણમાં ધર્મનિરપેક્ષ) તંત્ર પ્રકારની રાજ્યવ્યવસ્થા વિકસી હોય. આવું કંઈક થયું હોય ત્યારે, ઈતિહાસ શરૂ થાય છે તેવું કંઈક જાડું વિધાન આપણે કરી શકીએ. ટકવા માટે શક્તિ કેળવવી અને સાંપડેલા સંજોગોને અનુકૂળ થતા જઈ, હોઈએ તેવી પરિસ્થિતિમાંથી વિકસતા જવું એ વૃત્તિથી મનુષ્ય મનુષ્યેતર જીવોથી જુદો પડે છે. માટે, તે સમાજ, સંસ્કૃતિ અને સભ્યતાનું નિર્માણ કરી શક્યો છે. માટે, તે તેના ભૂતકાળથી બહાર આવી શક્યો છે. માટે, તે આગલા તબક્કા કરતાં આધુનિક થઈ શક્યો છે. આધુનિક થવા માટે ભૂતકાળને ભૂલવો પડે. છતાં, ભૂતકાળ સાથે છેડો ફાડી શકતો નથી. મનષ્યની ઓળખ જેટલી તેના વર્તમાનમાં છે તેવી જ અને તેટલી તેના ભૂતકાળમાં પણ છે.

આર્નોલ્ડ ટોયમ્બી અને વિલ અને એરિયલ ડુરાં(દંપતિ)ના અભ્યાસો તપાસો. ટોયમ્બીએ માયા, ઇન્કા સમેત 'ફોસિલ' સ્વરૂપ પામેલી ઘણી સંસ્કૃતિઓના અભ્યાસો કર્યા છે. ત્યારે ડુરાં દંપતિ છેક પ્રાગૈતિહાસિક કે ત્યાર પછીના તબક્કાઓના સંસ્કૃતિ સંસ્કારનો અભ્યાસ કરતાં નથી. તેમને, તેનું વ્યાપક જ્ઞાન હોવા છતાં તેઓ બંધાતાં નથી અને તેથી જેને પ્રમાણમાં એ પ્રાચીન તબક્કાઓની સરખામણીએ આધુનિક કહી શકાય તેવાં સ્વરૂપોની ઊંડી ચર્ચા કરે છે. એવા પ્રકારના અભ્યાસો આપણા દેશમાં કેટલા થયા છે ? યુરોપ કે પશ્ચિમના જગતમાં સમાજના અવશેષો, ખંડેરો, પ્રાચીન કે ત્યાર પછીના સબૂતો જાળવવાની ચિંતા જેટલી એ સમાજોમાં છે તેટલી આપણા સમાજ કે સમાજોમાં કેમ નથી ? શું, આપણી ઉષ્ણ કે સમશીતોષ્ણ આબોહવાને આના કારણરૂપ લેખીશું ? શું, આપણા જીવનવ્યવહારો જે રીતે વિકસ્યા છે તેને કારણરૂપ ગણીશું ? શું, પુનર્જન્મ જેવી માન્યતાઓ, તેવા સબૂતોને સાચવવા પરત્વેની આપણી ઉદાસીનતાના કારણરૂપ નહીં હોય ?

એક જ ઉદાહરણ પર્યાપ્ત થશે. મહર્ષિ અરવિંદે 'સાવિત્રી' લખાણ કર્યું. જગપ્રસિદ્ધ થયું. તેનાં અનેક મુદ્રણો થયાં. જેમ અન્ય પ્રકાશનો વિશે છે, તેવું જ આ પ્રકાશન વિશે પણ છે. તેને પણ 'કોપી રાઈટ'થી રક્ષણ મળ્યું હતું. એ 'કોપી રાઇટ'નાં વર્ષો પૂરાં થતાં કોઈક પ્રકાશકે તેને ફરી છાપ્યું. પરંતુ, આઘાતજનક એ છે કે, મૂળ લખાણ હતું તેની સરખામણીએ નવા પ્રકાશિત પ્રકાશનમાં ઘણું બધું લખાણ અદશ્ય થયું હતું, છપાયું જ ન હતું. મામલો અદાલતે ગયો. નવું પ્રકાશન મૂળ પ્રમાણે ન હતું. તેનો 'દાખલો' અદાલતને આપવો પડે. હવે, પ્રશ્ન એ હતો કે એવો 'દાખલો' લાવવો ક્યાંથી ? કારણ, દાયકાઓ પછી મહર્ષિજીના હસ્તાક્ષરોનું લખાણ ઊકલી શકે તેમ ન હતું અને તેવા મૂળ લખાણના કાગળો પણ છેક જ જીર્ણ થઈ ગયેલાં અને તેમાંના ઘણા નષ્ટ પણ થઈ ગયેલા. છેવટે, છેલ્લું પ્રકાશન થયું તેને અદાલતનું અનુમોદન મળ્યું. જ્યાં, આપણે એકાદ બે પેઢીઓના સબૂતોને જાળવવા જેટલી દરકાર કરી શકતા નથી ત્યાં પ્રાચીન 'દાખલા' ઓનું શું કહેવું ? છતાં, તેનો અર્થ એવો નથી કે ભારતને ભૂતકાળ અને નોંધ લઈ શકાય તેવો ઇતિહાસ નથી.

જો, આજની માનવજાતના 'આદમ કે 'ઇવ' કે બન્નેનું પગેરું આજના આફ્રિકા ખંડમાં પૂરું થાય છે તો સમયના અતિ લાંબા પટમાં આપણા દેશમાં પણ મનુષ્યો, એકલદોકલ કે નાનકડા સમૂહોમાં, વસતા જ હતા પછી, તેમની ત્યારની અવસ્થાનું સાબિત કરી શકાય તેવું પગેરું કે સબૂત આપણને મળતા નથી. જગતની પ્રાચીન અને શ્રેષ્ઠ કહી શકાય અને પૂર્ણપણે નાગરિક સમૂહજીવન અને સાર્વજનિક અને આયોજિત જનવ્યવહારો વિકસેલા હોય, આપણા દેશ પ્રદેશના બહારના દેશ પ્રદેશ સાથે વ્યવહારો ચાલતા હોય તેવી ઉત્તમ સંસ્કૃતિના 'દાખલા' આપણા મોહેં-જો દડો, લોથલ જેવામાં મળે જ છે. એટલું અવશ્ય સ્વીકારવું રહ્યું, આ સર્વ પૂર્વેની આપણા વિસ્તારોના મનુષ્યની સ્થિતિ કેવી અને કઈ હશે તેનું પગેરું મળતું નથી. જેવું અન્ય પ્રદેશોનું હશે તેવું જ આપણું પણ હશે એટલું તાર્કિક રીતે પણ સ્વીકારવું રહ્યું. જગતભરમાં માનવસમાજોની આદિ સ્વરૂપની સમૂહ વ્યવસ્થાનું સ્વરૂપ એક સરખું જ હતું. તે પૂર્વેની મનુષ્યના રખડતા ફરવાની સ્થિતિ પણ એક સરખી જ હતી. માનવજાતનું પારણું એક જ પ્રદેશમાં બંધાયું હશે તે સૈદ્ધાંતિક રીતે પણ સ્વીકારી શકાય તેમ નથી. ડાર્વિને તેના પ્રવાસમાં જે સ્થળે જે જોયું તેવું સર્વત્ર હશે જ તેવું તર્કથી સ્વીકારવું રહ્યું ત્યારે, જગતભરના સમાજોને ભૂતકાળ હતો અને તેમનો ઇતિહાસ પાછળથી આવ્યો તે પણ સ્વીકારવું રહ્યું. પ્રશ્ન એટલો જ છે, આપણે આધુનિક થવું છે અને છતાં ભૂતકાળને છોડી શકતા નથી. એક સંજોગમાં, સમાજવ્યવસ્થા કે સામૂહિક જનવ્યવહારોને નીભાવતાં અને જાળવતાં જે ધોરણો વિકસ્યાં તે સદાકાળ તેવા જ સ્વરૂપે રહી ન શકે. આપણા સમાજે આનો પણ સ્વીકાર કરવો રહ્યો.

વાસ્તવિકતા મનની બહાર પડેલી છે. તે મનમાં નથી. જે બહાર છે તેનું વૈચારિક પ્રતિબિંબ મનમાં પડે છે. તેથી, મનની જેવી જ્ઞાનાત્મક સજ્જતા તેવી તેની મનની બહારની વાસ્તવિકતાને સમજવાની શક્તિ. ત્યારે, જો બહાર પ્રવર્તતી વાસ્તવિકતાને પૂર્ણપણે, યથાર્થપણે સમજવાની જ્ઞાનાત્મક સજ્જતા એટલી કેળવાઈ ન હોય તો, વાસ્તવિકતાને સમજવામાં દોષયુક્ત પ્રતિબિંબ મનમાં ઊભું થવાની શક્યતા વધારે. ત્યારે, આપણાં જ્ઞાનાત્મક 'ફિલ્ટર્સ' ને બરાબર ચકાસવાં જોઈએ. આપણી હાલની પરિસ્થિતિ અથવા વર્તમાનને પણ યથાર્થપણે સમજવા માટે અંતરાયરૂપ થતાં 'ફિલ્ટર્સ' ને બરાબર તપાસીશું અને આપણી માન્યતાઓ અને મૂલ્યોને તદનુરૂપ ગોઠવીશું તો આજની ગઈ કાલ તરફ જવાનું આપણે માટે મુશ્કેલ નહીં બને. જગત હતું તેનાથી વધારે સ્પર્ધાત્મક થતું જાય છે ત્યારે 'જ્ઞાન જ સાચી શક્તિ ' છે તે બરાબર સમજીને આપણે માની લીધેલા માનસિક સલામતીના કિલ્લાઓમાંથી બહાર આવીશું તો જ આપણે છેક યથાર્થ સ્વરૂપે નહીં તો પણ તેની નજીક જવાય તે રીતે તેને સમજી શકીશું. બાકી, કહેવાયું છે તે કેટલેક અંશે સાચું પણ છે : 'The more you go out, the more you go in !'

# વૈજ્ઞાનિક પદ્ધતિ, 'ક્લાઈમેટ ચેન્જ' અને 'સૃષ્ટિસર્જનવાદ'

◆


## દિનેશ શુક્લ*


કોઈપણ માનવપ્રવૃત્તિ જે સંસ્કૃતિમાં આકાર ધારણ કરતી હોય તેનાથી સંપૂર્ણપણે સ્વતંત્ર કે સ્વાયત્ત હોઈ શકતી નથી. બધા મનુષ્યો કોઈને કોઈ પ્રકારની સંસ્કૃતિમાં જન્મે છે, ઉછરે છે અને વિવિધ પ્રવૃત્તિઓ કરે છે, એટલે જાણે-અજાણે તેનાથી પ્રભાવિત થયા વિના રહી શકતી નથી. આમ છતાં, કેટલીક પ્રવૃત્તિઓ એવી હોય છે જે બીજી પ્રવૃત્તિઓ કરતાં સંસ્કૃતિ પર ઓછા પ્રમાણમાં આધારિત હોય છે, ઓછા પ્રમાણમાં પ્રભાવિત થતી હોય છે. આવી એક પ્રવૃત્તિ છે, શુદ્ધ વિજ્ઞાનની પ્રવૃત્તિ. જુદી જુદી સાંસ્કૃતિક પશ્ચાદ્ ભૂમિકાવાળા વૈજ્ઞાનિકો દ્વારા તે પ્રવૃત્તિ હાથ ધરાતી હોવા છતાં કેટલાક પાયાના સિદ્ધાંતો અને સુસ્થાપિત પદ્ધતિઓ પર આધાર રાખતી હોય છે. એનો અર્થ એવો થતો ન હોય કે વૈજ્ઞાનિકો ક્યારેય ગોથું ખાતા નથી. તેઓ પણ આખરે તો મનુષ્યો છે અને કહેવાય છે કે 'મનુષ્યમાત્ર ભૂલને પાત્ર.' આમ છતાં વિજ્ઞાન વિષે એક બાબત સ્પષ્ટ છે; અને જે તેનું એક આગવું અને વિશિષ્ટ લક્ષણ છે કે તે લાંબા ગાળે સ્વસુધાર (સેલ્ફ કરેક્ટીંગ)નું વલણ ધરાવે છે. વૈજ્ઞાનિકો પોતાના અભ્યાસ દ્વારા જે કંઈ તારણો તારવે છે, તે બીજાઓ દ્વારા ચકાસી શકાય તેવાં હોય છે. એ અર્થનાં વિજ્ઞાન, જો તે સાચા અર્થમાં વિજ્ઞાન હોય, તો ફેરફારો, સુધારા-વંધારાના સંદર્ભમાં ખુલ્લું છે, બંધિયાર ખાબોચિયું નથી.

### સાચો વૈજ્ઞાનિક શું કરે છે ?

૧. વૈજ્ઞાનિક ખુલ્લું મન રાખીને નિરીક્ષણો કરે છે. આ એવાં નિરીક્ષણો છે, જે વિષે કોઈને કોઈ ખુલાસો અથવા સમજૂતી આપવાની જરૂર છે. સીધાં સાદાં કે જટિલ નિરીક્ષણો સાચાં છે, એમ માની લેવાની ઉતાવળ વૈજ્ઞાનિક કરતો નથી.

૨. એ વૈજ્ઞાનિક અથવા બીજો વૈજ્ઞાનિક એ નિરીક્ષણોથી સમજૂતી આપતો આધારસિદ્ધાંત (હાઈપોથિસિસ) રજૂ કરે છે. વધુ સઘન નિરીક્ષણો અથવા શક્ય હોય ત્યાં પ્રયોગો દ્વારા એ હાઈપોથિસિસને વિવિધ કસોટીઓ દ્વારા ચકાસીને તેમાંથી કંઈક ભાવિકથન અથવા આગાહીઓ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે.

૩. જો હાઈપોથિસિસમાં કંઈક તથ્ય જણાય તો બીજા વૈજ્ઞાનિકો તેની ચકાસણી કરવા ઉદ્યુક્ત થાય છે.તેઓ પણ સ્વતંત્રપણે તેની ચકાસણી કરે છે.

૪. જો હાઈપોથિસિસ વિવિધ કસોટીઓમાંથી પાર ન ઊતરે તો તેને ફગાવી દેવામાં આવે છે અને જો પાર ઊતરે તો તેનો સ્વીકાર કરવામાં આવે છે.

---


* નિવૃત્ત પ્રાધ્યાપક, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

૫. જે હાઈપોથિસિસ ભાવિકથનો અથવા આગાહીઓ કરવામાં સફળ થાય અને વૈજ્ઞાનિક પુરાવા દ્વારા જેનો પ્રતિવાદ ન થાય તે આગળ જતાં સિદ્ધાંત નિર્માણમાં ફાળો આપે છે. આવા સિદ્ધાંતો વિજ્ઞાનના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપે છે.

૬. આવા સિદ્ધાંતો પણ આખરી અને અંતિમ છે, એવું માની લેવામાં આવતું નથી. શક્ય છે કે વિવિધ વિદ્યાશાખાઓમાં નવાં નિરીક્ષણો થાય, નવા પ્રયોગો થાય, તેમાંથી જે જ્ઞાન અથવા સૂઝ પ્રાપ્ત થાય, તેને આધારે આ સિદ્ધાંતો ચકાસવામાં આવે અથવા તેમને મઠારવામાં આવે. આ સતત પ્રક્રિયા દ્વારા વિજ્ઞાનની આગેકૂચ ચાલતી રહે છે. વિજ્ઞાનનો ઇતિહાસ આપણા આ અનભવની સાક્ષી પૂરે છે.

### વિજ્ઞાન, ક્લાઇમેટ ચેન્જ અને સ્થાપિત હિતો :

આપણા હવામાનમાં પરિવર્તન (ક્લાઇમેટ ચેન્જ) થઈ રહ્યું છે. આ પરિવર્તન શાથી થઈ રહેલું છે, પ્રકૃતિમાં જે એક સાઇકલ છે (ક્યારેક અતિશય ઠંડી કે અતિશય ગરમીના ગાળા આવતા રહે છે, એવી માન્યતા), તેના કારણે હવામાનમાં ઊલટાસૂલટી ફેરફારો થઈ રહ્યા છે કે મનુષ્યપ્રવૃત્તિને કારણે તેમાં ફેરફારો થઈ રહ્યા છે, એ વિષે હાલ વિવાદ ચાલી રહ્યો છે. વિવિધ વિજ્ઞાન શાખાઓમાં કાર્ય કરતા વૈજ્ઞાનિકોમાં એક વ્યાપક સર્વસંમતિ ઊભી થઈ છે કે 'હવામાનમાં પરિવર્તન' મહદંશે મનુષ્ય પ્રવૃત્તિને કારણે થઇ રહ્યું છે. કેટલાક વૈજ્ઞાનિકો એ વિષે સહમત થતા નથી. તેઓ કહે છે કે મનુષ્યપ્રવૃત્તિને કારણે જ આ પરિવર્તન થઇ રહ્યું છે, એવું આપણે નિર્વિવાદપણે કહી શકીએ તેમ નથી. બીજી બાજુ, એવા લગભગ અકાટ્ય એવા પુરાવા પ્રાપ્ત થાય છે કે ઊર્જા મેળવવા માટે આપણે કોલસો અને બીજી પેટ્રોલિયમ બનાવટોનો ઉપયોગ વધારતા જઇએ તેમ તેમ હવામાં ગ્રીનહાઉસ વાયુઓનું પ્રમાણ વધતું જાય છે, તેને કારણે પૃથ્વીના સરેરાશ તાપમાનમાં વધારો થતો જાય છે. ગ્રીનહાઉસ વાયુઓનું બાહ્ય વાતાવરણમાં જે ઉત્સર્જન (એમિશન) થાય છે, તેમાં ઘટાડો કરવાની જરૂર છે. ક્લાઈટ ચેન્જમાં આ નિદાન અને તેના ઉપાયો કેટલાક અત્યંત શક્તિશાળી આર્થિક સ્થાપિત હિતો ને પડકારે છે. આ સ્થાપિત હિતો અત્યંત શક્તિશાળી હોવાથી જે પુરાવા ઉપલબ્ધ થયા છે, તેને પડકારે છે અને એ માટે કેટલાક જુદો મત ધરાવતા વૈજ્ઞાનિકોની 'સેવાઓ' પ્રાપ્ત કરે છે. અને રાજકીય લોબીઓ દ્વારા દેશના નીતિઘડવૈયાઓ (મુખ્યત્વે રાજકીય પક્ષો અને તેમના દ્વારા ચાલતી સરકારો) ને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરે છે. આમ, વિજ્ઞાન અને સ્થાપિત હિતો વચ્ચે અવારનવાર ઘર્ષણ થતું હોય છે. ક્લાઈમેન્ટ ચેન્જ વિષેનો વિવાદ તેનો દાખલો છે.

### ઉત્ક્રાંતિવાદ અને 'સૃષ્ટિસર્જનવાદ' :

તાજેતરનાં વર્ષોમાં સૃષ્ટિની ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિ વિષેની સ્થાપિત વૈજ્ઞાનિક માન્યતાઓ અને તે વિષેની ધાર્મિક માન્યતાઓ અને અર્થઘટનો વચ્ચે મોટો વિવાદ ઊભો થયો છે. તેને સંક્ષેપમાં 'સૃષ્ટિનું સર્જન ઈશ્વરે કર્યું છે તેવી માન્યતા (ક્રિએશનીઝમ) વિરુદ્ધ 'સૃષ્ટિની ઉત્ક્રાંતિ થઇ છે' (ઇવોલ્યુશનીઝમ) તરીકે ઓળખવામાં આવે છે. દરેક સંસ્કૃતિમાં સૃષ્ટિના સર્જન વિષે કેટલીક માન્યતાઓ (મિથ) પરાપૂર્વથી ચાલી આવે છે. સૃષ્ટિ છે, તો કોઈક તેનો 'સર્જક' હોવો જોઈએ. સૃષ્ટિના વ્યવહારો ચાલે છે, તો કોઈક તેનો 'ચાલક' હોવો જોઈએ. અને આ 'સર્જક' અથવા 'ચાલક' 'ઈશ્વર' સિવાય બીજો કોઈ હોઈ શકે ? સામાન્ય માણસને તરત જ ગળે ઊતરી જાય એવો આ ખુલાસો છે.

એની સામે ડાર્વિન અને બીજા વૈજ્ઞાનિકોએ નિરીક્ષણો અને પુરાવાઓને આધારે એવું સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે કે સૃષ્ટિનું કોઈએ સર્જન કર્યું નથી, પણ તેની લાખો વર્ષ દરમિયાન ઉત્તરોત્તર ઉત્ક્રાંતિ થઈ છે અને તેનું સંચાલન કેટલાક ભૌતિક ઉત્ક્રાંતિના નિયમોને આધારે થાય છે. ઉત્ક્રાંતિ વિષેના આ સિદ્ધાંતે વિવિધ ધર્મોની સ્થાપિત માન્યતાઓને પડકારી છે. સ્થાપિત ધર્મોની તેમના અનુયાયીઓ પર જબરદસ્ત પકડ છે. અને

તેમની અત્યંત શક્તિશાળી લોબીઓ રાજકારણને મોટા પ્રમાણમાં પ્રભાવિત કરે છે. અમેરિકાનાં કેટલાંક રાજ્યોની શાળાઓમાં ઉત્ક્રાંતિવાદને બદલે બાઈબલમાં રજૂ કરવામાં આવેલી ઈશ્વરની સારા સૃષ્ટિ સર્જનની 'થિયરી' ભણાવવા વિષે મોટો વિવાદ ઊભો થયો છે. ધાર્મિક શિક્ષણને રાજ્ય તરફથી કોઈ મદદ કે ટેકો ન મળે એવો બંધારણીય પ્રતિબંધ અમેરિકામાં છે અને અમેરિકી અદાલતોએ 'સૃષ્ટિ સર્જનવાદ' એ ધાર્મિક ખ્યાલ છે, વૈજ્ઞાનિક સિદ્ધાંત નથી, એવું સ્પષ્ટ કર્યું છે.

પણ ઈટલિ, બ્રિટન, પોલૅન્ડ, ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં 'સૃષ્ટિસર્જનવાદ'માં માનનારાઓની વગ વધતી જાય છે, જે ચિંતાજનક છે. આવી માન્યતાઓ વૈજ્ઞાનિક અને રેશનલ અભિગમના વિકાસ અને પ્રસારમાં અવરોધરૂપ બને છે, એ વિષે બેમત નથી.

વધતા ઓછા પ્રમાણમાં દરેક ધર્મના ગ્રંથોમાં સૃષ્ટિના સર્જન વિષે કેટલીક કપોળ કલ્પનાઓ (મિથ) રજૂ કરવામાં આવી છે. આ કપોળ કલ્પનાઓ આધુનિક વિજ્ઞાનોની કસોટીએ બિનપાયાદાર પુરવાર થઈ છે.જુદા જુદા ધર્મો પાળનારાઓનાં કુટુંબોમાં ઉછરતા બાળકોમાં બાળપણથી ધર્મગ્રંથોમાં જે કંઈ લખવામાં આવ્યું છે, તે સાચું છે, અને તેમાં જ 'શ્રદ્ધા' રાખવી જોઈએ એવું ગળથૂથીમાંથી જ ઠસાવવામાં આવે છે. પછી જ્યારે તેઓ શાળા કૉલેજોમાં (વિજ્ઞાન) શિક્ષણ મેળવે છે, ત્યારે તેમના મનમાં ગૂંચવાડો ઊભો થાય છે. ધર્મગ્રંથોમાં જે લખવામાં આવ્યું છે અને બાળપણથી મનમાં જે ઠસાવવામાં આવ્યું છે તે સાચું છે કે પછી વિજ્ઞાનમાં જે શીખવવામાં આવે છે, તે સાચું છે ? વિજ્ઞાન શિક્ષકો પણ મહદંશે ધર્મગ્રંથોમાં જે લખવામાં આવ્યું છે, તેને સાચું માનતા હોય છે. આપણા વિજ્ઞાન શિક્ષણમાં જુદાં જુદાં વિજ્ઞાનોનું શિક્ષણ આપવામાં આવે છે, પણ વિજ્ઞાન જે પદ્ધતિને અનુસરીને 'સત્યો' ઉજાગર કરે છે અને સ્થાપિત કરે છે, તે વૈજ્ઞાનિક પદ્ધતિ કે રેશનલ અભિગમનું ક્યાંય શિક્ષણ તો શું પણ, તેનો ઉલ્લેખ સુદ્ધાં કરવામાં આવતો નથી. પરિણામે વિદ્યાર્થીઓ વિજ્ઞાનોનું પોપટિયું જ્ઞાન પ્રાપ્ત કરે છે. તેમાં ઊંચી ટકાવારી પ્રાપ્ત કરે છે અને તેમાંથી કેટલાક તો આગળ જતાં 'વૈજ્ઞાનિકો' પણ બને છે, પણ તેમનામાં જે વૈજ્ઞાનિક મનોવલણ (સાયન્ટિફિક ટેમ્પર) કે બૌદ્ધિક અભિગમ વિકસવાં જોઈએ તે વિકસતાં નથી. આપણે 'વૈજ્ઞાનિકો' પેદા કરીએ છીએ પણ વૈજ્ઞાનિક માનસ ધરાવતા, અંધશ્રદ્ધા, વહેમ વગેરેમાં નહીં માનતા 'નાગરિકો' પેદા કરી શકતા નથી. આ આપણા શિક્ષણની મોટી ઊણપ ગણાય.

સાચું શિક્ષણ વિદ્યાર્થીઓને જાતે વિચાર કરતાં શીખવવાનું છે. જે કંઈ કહેવામાં આવે, તેને બુદ્ધિની કસોટીએ કસવાનું શીખવવાની જરૂર છે. તેને શંકા કરતા શીખવવાની, પ્રશ્નો કરવાની તાલીમ આપવાની જરૂર છે. તેમનામાં રહેલી તર્કબુદ્ધિને ધાર આપવાની જરૂર છે. એને એ સમજાવવાની જરૂર છે કે તર્કબુદ્ધિ (રિઝનીંગ) એ મનુષ્યને મળેલી પ્રકૃતિની અણમોલ ભેટ છે. મનુષ્યમાં વિકસેલી આ ક્ષમતા ખુદ ઉત્ક્રાંતિનું પરિણામ છે.

સૃષ્ટિસર્જનવાદીઓએ પોતાની માન્યતાને વધુ લોકભોગ્ય અને લોકસ્વીકૃત બનાવવા માટે પ્રકૃતિમાં અમુક પ્રકારની 'બૌદ્ધિક ભાત' (ઇન્ટેલીજન્ટ ડિઝાઈન) રહેલી છે, એવું સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે. પ્રકૃતિમાં કશું આડેધડ નથી, તેમાં અમુક પ્રકારની વ્યવસ્થા, અમુક પ્રકારની 'ભાત' અથવા 'તરેહ' છે, જેની પાછળ કોઈક 'બૌદ્ધિક તત્ત્વ' અથવા 'પ્રજ્ઞા' રહેલી છે, અને તેને ચાલના આપનારું કોઈ 'ગૂઢ તત્ત્વ' અથવા 'પરિબળ' છે. આ વિચાર ઘણો આકર્ષક છે. 'જગત સર્જક' અને 'જગન્નિયંતા' 'ઈશ્વર'નો સીધોસીધો ઉલ્લેખ કરવામાં આવતો નહીં હોવાથી ઘણા કહેવાતા 'નાસ્તિકો' પણ તેને સ્વીકારવા તૈયાર થઈ જાય છે.

ધાર્મિક માન્યતાઓ અને વિજ્ઞાન વચ્ચેનો સંઘર્ષ સદીઓ જૂનો છે. જૂની પરંપરાગત ધાર્મિક માન્યતાઓનું ખંડન કરતાં કરતાં વિજ્ઞાને અદ્‌ભુત હરણફાળ ભરી છે, છતાં ધર્મે હજુ પોતાની પકડ ગુમાવી નથી. ક્યારેક તો એવું લાગે છે કે તેની પકડ વધતી જાય છે. વિજ્ઞાને સતત તેનો પડકાર ઝીલતા રહેવાનું છે.

# 'ગુલાગ : એ હિસ્ટરી ઑફ ધી સોવિયેટ કેમ્પ્સ'*

◆

**યોગેન્દ્ર માંકડ**+

1917માં રશિયામાં સામ્યવાદી ક્રાંતિ થઇ અને તેની સાથે પશ્ચિમની મૂડીવાદી, ઔદ્યોગિક લોકશાહી સામે તેના વૈશ્વિક, વિશ્વસનીય અને ટકાઉ વિકલ્પ હોવાનો દાવો કરતી 'માર્ક્સવાદી' રાજકીય પ્રથાનો જન્મ થયો – વિશ્વના પ્રથમ કથિત 'શ્રમજીવીઓનું રાજ્ય' (Worker's State)નો આવિર્ભાવ થયો. આ સંદર્ભમાં માર્ક્સના અનેક વિચારોમાંથી કેટલાક વિચારો ખૂબ જ મહત્ત્વના છે : (1) શ્રમ મૂલ્યનું નિર્માણ કરે છે. (2) માર્ક્સ એ પહેલો દાર્શનિક હતો જેણે વસ્તુ, પદાર્થ કે મિલકત વગેરેને static objects of perception ને બદલે માનવ શ્રમના પરિણામ તરીકે જોવાનો પ્રયત્ન કર્યો. જો તાજમહાલ કે ઇજિપ્તના પિરામિડો ઉદાહરણ તરીકે લેવામાં આવે તો પણ માર્ક્સ એવો પ્રશ્ન પૂછે કે આ ભલે વિશ્વના આશ્ચર્યોમાંનાં આશ્ચર્યો હોય પરંતુ આ કલાકૃતિઓ પાછળ શ્રમ કોનો હતો ? કોણ તેનો માલિક કે ઉપભોક્તા છે અને કોણે તેની કેટલી કિંમત, કયા સ્વરૂપે અને ક્યાં સુધી ચૂકવી ? એટલે સંબંધોને ઉત્પાદકીય સંબંધો તરીકે લેખવામાં આવ્યા અને વસ્તુઓને કુદરતી વસ્તુઓ તરીકે લેખવામાં આવી જેમાં માનવ શ્રમ દ્વારા પરિવર્તન આણી શકાય. (3) આ રીતે નીતિમત્તા અને જ્ઞાનશાસ્ત્રને શ્રમ અને ઉત્પાદન દ્વારા જ્ઞાનના સિદ્ધાંત તરીકે સાંકળવામાં આવ્યા. (4) ફિલૉસોફીને માત્ર ચિંતન કરવાની જ બાબત નહિ પણ નક્કર પ્રવૃત્તિ તરીકે ગણવી જોઈએ જે દ્વારા વિશ્વમાં વાંચ્છિત પરિવર્તન લાવી શકાય. (5) આને કારણે 'માઇન્ડ'થી 'મૅટર' તરફનો સિદ્ધાંતતરેહલક્ષી બદલાવ (paradigmatic shift) અસ્તિત્વમાં આવ્યો અને કામ, ઉત્પાદન અને શ્રમ વિશેના ખ્યાલોને માનવીય ગૌરવ અને સરવાઈવલ સાથે જોડવામાં આવ્યા. ઓગણીસમી સદીના શોષણખોર મૂડીવાદના સંદર્ભમાં આ વિચારોનું બહુ ઊંચુ મૂલ્ય છે. આથી સ્વાભાવિક રીતે 1917ની કથિત માર્ક્સવાદી / સમાજવાદી ક્રાંતિની ઘટના પાછળ ચડિયાતી નૈતિકતાના દાવાઓ પડેલા હતા. વાસ્તવમાં એક 'નવા સમાજવાદી માનવી'નો દાવો કરવામાં આવ્યો અને એમ કહેવામાં આવ્યું કે તે નૈતિક રીતે મૂઠી ઊંચેરો માનવી હશે અને કથિત મૂડીવાદી દૂષણો/ દુર્ગુણો જેવા કે શોષણ, અસમાનતા, અન્યાય અને અમાનવતાથી તે મુક્ત હશે. એ અર્થમાં સોવિયેટ યુનિયનને માર્ક્સવાદી આદર્શને વ્યવહારમાં ચરિતાર્થ કરતી વ્યવસ્થા તરીકે બિરદાવવામાં આવી.

પરંતુ સામાન્ય રીતે ક્રાંતિની બાબતમાં બનેલું જોવા મળે છે તેમ વાસ્તવિક વ્યવસ્થા તરીકે આદર્શ અને વ્યવહાર વચ્ચે મોટું અંતર ઊભું થયું અને તેમાં અનેક આત્યંતિક વિકૃતિઓ પેદા થઈ. મુક્તિવાદી વિચાર, વ્યવહારમાં સર્વસત્તાવાદી પ્રથામાં પરિણમ્યો. આ સર્વસત્તાવાદી પ્રથાનાં લક્ષણો આ પ્રમાણે છેઃ (1) સર્વસત્તાવાદી પ્રથા રાજ્ય અને સમાજ વચ્ચેની ભેદરેખા મિટાવે છે. (2) વ્યક્તિ રાજ્યની માલિકી બને છે

+ નિવૃત્ત અધ્યાપક, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

જેને રાજ્યના હેતુઓ સિદ્ધ કરવા માટે જોતરી શકાય. (3) જેમાં સત્તા પોતે જ પોતાની ન્યાયોચિતતા છે. (power is a self legitimising fact.) (4) આ પ્રકારની પ્રથામાં બહુત્વતા અને અધિકારોનું હનન થાય અને (5) આવું રાજ્ય પાશવી અને આત્યંતિક વિચારધારાકીય અનુશાસનવાળું હોય. વક્રતા એ છે કે મૂડીવાદી વિષમતાઓ, ભીષણતાઓ અને રાજકીય આપખુદશાહીમાંથી કથિત મુક્તિ આપનાર વિચારોએ જ સર્વસત્તાવાદી સિસ્ટમને જન્મ આપ્યો. સોવિયેટ સર્વસત્તાવાદી વ્યવસ્થાનું વિકરાળ અને આતંકિત કરી મૂકે તેવું સ્વરૂપ એટલે ગુલાગ. *Gulag : A History* એ વીતેલા યુગની વિકરાળ પ્રથાની વાત છે.

**આતંકનો ઉદય :**

1917ના નવેમ્બરમાં લેનિન સત્તા પર આવ્યા અને શાસનની શરૂઆતથી જ બોલ્શેવિકોએ લોકોને આતંકિત કરવાનું શરૂ કર્યું. તેમણે બંધારણનો છેદ ઉડાડ્યો અને પ્રતિસ્પર્ધી રાજકીય પક્ષોના નેતાઓની હત્યાઓ શરૂ કરી દીધી. અને છતાં ય 1918 ના જાન્યુઆરી મહિનાથી લેનિને ફરિયાદ કરવાની શરૂ કરી દીધી કે તેમની છૂપી પોલિસ જે 'ચેકા' (Cheka) તરીકે ઓળખાતી તે પ્રતિક્રાંતિકારીઓ પ્રત્યે કૂણી હતી. વર્ષના અંત સુધીમાં તો સામૂહિક આતંકના હુકમો અપાઈ ચૂક્યા હતા અને તેમાં પરિસ્થિતિ પ્રમાણે સેંકડો લોકોની હત્યા કરવાનો કે તેમને હદપાર (deport) કરવાનો સમાવેશ થયો હતો.

આ સાથે 'રેડ ટેરર'ની શરૂઆત થઈ જેણે આંતરવિગ્રહ જીતવામાં મદદ કરી અને તેને કારણે સામ્યવાદી સત્તાનું સ્વરૂપ નિશ્ચિત થયું. વાસ્તવમાં ઍપલબૉમ** એમ કહે છે કે લેનિન અને સ્ટૅલિનને ક્રાંતિનાં ધ્યેયો પરિપૂર્ણ કરવા માટે આતંકની જરૂર હતી અને આતંકને ગુલાગની. પરંતુ રસપ્રદ બાબત એ છે કે અંગ્રેજીના શબ્દકોષમાં 'ગુલાગ' શબ્દ લગભગ 1970 પછી ઉમેરાયો.એટલે કે સ્ટૅલિનના મૃત્યુના બે દાયકા અને ગુલાગની સિસ્ટમ શરૂ થયાને પચાસ વર્ષ વીતી ગયાં પછી. આનાં કેટલાંક કારણો હતાં એમાંનું એક મહત્ત્વનું કારણ એ હતું કે બીજા વિશ્વયુદ્ધ વખતે રશિયા હિટલરની સામે પશ્ચિમનું સાથી હતું. આથી તેની કોઇ ક્રિટિકલ ચકાસણી થઇ જ નહિ. અને છતાં ઍપલબૉમના કહેવા પ્રમાણે, "સોવિયેટ યુનિયનના અતીત પ્રત્યેનાં આપણાં વલણો તેની રાજકીય વિચારધારા સાથે જોડાયેલાં નથી. એમાંના ઘણાં [વલણો] બીજા વિશ્વયુદ્ધ વખતની આપણી વિસરાતી જતી સ્મૃતિઓની આડપેદાશ છે. આજે આપણે દૃઢપણે એમ માનીએ છીએ કે બીજું વિશ્વયુદ્ધ એ સંપૂર્ણ ન્યાય માટેનું યુદ્ધ હતું અને એ માન્યતામાંથી આપણે વિચલિત થવા માગતા નથી. કોઇ એ સાંભળવા તૈયાર નથી કે વિજયની કાળી બાજુ પણ છે જેમાં એક તરફ જ્યાં હિટલરની યાતના-શિબિરો મુક્ત થતી જતી હતી ત્યાં બીજી બાજુ સ્ટૅલિનની યાતના-શિબિરો વિસ્તરતી જતી હતી ! યુદ્ધ પછી હજારો રશિયનોને કમોતે મરાવવા અથવા યાલ્ટા પછી લાખો લોકોને સોવિયેટ દમનને હવાલે કરી પશ્ચિમી સાથી રાજ્યોએ બીજાઓને માનવજાત સામે ગુનાઓ આચરવા માટે મદદ કર્યાનો એકરાર કરવો તે આપણી તે સમયની ઊજળી નૈતિકતાનું ધોવાણ કર્યા બરાબર છે. કોઇ એમ સ્વીકારવા માગતું નથી કે સામૂહિક હત્યા કરનાર એક હત્યારાનો નાશ કરવા માટે આપણે બીજા હત્યારાની મદદ લીધી. કોઈ એ યાદ રાખવા માગતું નથી કે આ સામૂહિક હત્યારો પશ્ચિમી રાજકર્તાઓ સાથે ચતુરાઈપૂર્વક સારાસારી રાખી શક્યો. બ્રિટિશ વિદેશ મંત્રીના શબ્દોમાં, 'મને સ્ટૅલિન બહુ ગમે છે. તેણે ક્યારેય વચનભંગ કર્યો નથી.' યાલ્ટામાં ત્રણેયની સાથે મુક્ત હાસ્ય વેરતી અનેક તસ્વીરો છે."

ઉપર ઉલ્લેખિત પુસ્તકમાં ઍન ઍપલબૉમ ગુલાગને રેડ ટેરરની સંસ્થીકૃત અભિવ્યક્તિ તરીકે ઓળખાવે છે. અને વિશ્વસનીય દસ્તાવેજો આધારિત ફરજિયાત વેઠપ્રથાનો તેની શરૂઆત થઈ ત્યારથી ગોર્બાચોવના જમાનામાં તે અંત આવ્યો ત્યાં સુધીનો તાદશ ચિતાર આપે છે. ગુલાગ (GULAG - **G**lvnoe Upravlenie **L**agerai)નો અંગ્રેજીમાં અર્થ થાય છે Main Camp Administration. આ પુસ્તકમાં ઍન

ઍપલબૉમે કેમ્પમાં લખાયેલાં સંસ્મરણો, સાહિત્ય, સોવિયેટ યુનિયનના પતન પછી ઉપલબ્ધ થયેલી આરકાઈવલ માહિતી, રશિયાની જુદી જુદી ભાષામાં લખાયેલા ઇતિહાસો, ગુલાગીય યાતનામાંથી બચેલી વ્યક્તિઓના ઇંટરવ્યૂઝ વગેરેનો આધાર લીધો છે. અલબત્ત આ પુસ્તક સોલ્ઝેનિત્સીનના *The Gulag Archipelago* (1973) ની તોલે આવી શકે તેમ નથી એવો એક પ્રબળ મત પ્રવર્તે છે પણ તેથી તેનું મૂલ્ય ઓછું થતું નથી. Holocaust વિશે આપણને પ્રચુર માત્રામાં સાહિત્ય જોવા મળે છે અને તે ઘટનાને સર્વગ્રાહી રીતે તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, કારણ કે તેની ભયાનકતા અને વિકરાળતા આપણી સામે અનેક સ્વરૂપે આવી છે અને હૉલિવુડમાં તેને લગતી અનેક ફિલ્મો પણ ઊતરી છે (*Schindler's List or Sophie's Choice* - Steven Speilberg). વાસ્તવમાં હિટલરી યાતના-શિબિરોનું એક પણ પાસું એવું નથી કે જેની તલસ્પર્શી છણાવટ ન થઈ હોય. બીજા વિશ્વયુદ્ધ પછી સ્વસ્તિક જોઇને પશ્ચિમમાં ઘૃણાની લાગણી થતી પણ એવું હથોડા અને દાતરડા(સામ્યવાદનું ક્રાંતિચિહ્ન)ની બાબતમાં બન્યું નથી. અલબત ઠંડા યુદ્ધે જેમ્સ બૉન્ડને જન્મ આપ્યો પરંતુ ગુલાગની બાબતમાં 'સમૃદ્ધ' સાહિત્ય ઉપલબ્ધ હોવા છતાં બહુ લોકોનું ધ્યાન તેના તરફ ગયું નથી.

વિભાવના અને શબ્દ તરીકે concentration camp અથવા યાતના શિબિરની શરૂઆત અત્યંત સંકુલ છે. ક્યુબામાં થયેલા બળવાની સામે સ્પેને તેનો સૌ પ્રથમ ઉપયોગ કર્યો હતો. અમેરિકનોએ ફિલિપાઇન્સ અને અંગ્રેજોએ બોઅર વૉર વખતે તેનો ઉપયોગ કરેલો. આ કેમ્પો દોજખનો પર્યાય હતા (આજે અમેરિકનો આવું જ કંઈક ગ્વાન્ટાનામો બેમાં કરી રહ્યા છે તેવા અહેવાલો છે). તેનો ભોગ બનેલા અનેક લોકો મોતને શરણ થયા અને છતાંય ઍપલબૉમ પ્રમાણે ગુલાગ એક જુદા જ પ્રકારની જેલ વ્યવસ્થા હતી. લેનિન અને ટ્રોટ્સ્કીએ 1918થી kontslager (concentration camp) શબ્દનો ઉપયોગ કરવાની શરૂઆત કરી અને સાઇબિરિયામાં બોલ્શેવિકોની સામે લડતા ઝેક સૈનિકો માટે આ કેમ્પો તૈયાર કરવામાં આવ્યા. ત્યાર પછી લેનિને પણ શ્રીમંત કિસાનો અને જમીનદારો સામે તેનો ઉપયોગ કર્યો. આમ કરવા પાછળ ખ્યાલ એ હતો કે અમુક પ્રકારની વ્યક્તિઓને અલગ પાડવી, તેમના પર યાતના ગુજારવી અને છેવટે તેમની હત્યા કરવી. આવી વ્યક્તિઓમાં પાદરીઓ, જમીનદારો અને ક્રાંતિના અન્ય કથિત દુશ્મનોનો સમાવેશ થતો હતો. પરંતુ આ કેમ્પો પાછળનો મુખ્ય હેતુ એ હતો કે એક પ્રકારનું labour pool ઊભું કરવું જેથી વેઠપ્રથા માટે ગુલામો તૈયાર કરી શકાય. સોલોવેટ્સ્કી ટાપુમાં યાતના શિબિરની સ્થાપનાના જમાનાથી જ તે નિશ્ચિત થઈ ગયેલું હતું કે કેદીઓ મનુષ્યો ન હતા પણ શ્રમનાં એકમો હતા. અને તેથી સમગ્ર કેમ્પ સિસ્ટમનું ગઠન તે જ રીતે કરવામાં આવ્યું. આ કેમ્પોમાં બધા જ પ્રકારના કેદીઓ હતા. રશિયાના વૈજ્ઞાનિકો ખાસ કરીને સ્પેસ વૈજ્ઞાનિકો, મિસાઇલ પ્રોગ્રામ તૈયાર કરનાર વૈજ્ઞાનિકો વગેરેને પણ મૂળભૂત રીતે કેદી લેખવામાં આવતા. આ કેમ્પો બાંધવાની શરૂઆત 1919 થી થઈ. 1920ના અંત સુધીમાં સોવિયેટ યુનિયનના 84 કેમ્પો હતા, જેમાં લગભગ 50,000 કેદીઓ હતા. પરંતુ માત્ર ત્રણ જ વર્ષમાં આ કેમ્પોની સંખ્યા ત્રણ ગણી થઈ ગઈ.

રશિયનોએ બાકીના વિશ્વથી આ સિસ્ટમને છુપાવવાનો પ્રયત્ન કર્યો તો પણ તે વિશે છૂટી છવાઈ વાતો તો આવતી જ હતી. વાસ્તવમાં આ સિસ્ટમના કેટલાક ચાહકો પણ હતા. 1921માં એક યુવાન જર્મન રાજકારણીએ Volkischer Beobachter નામના મૅગેઝિનમાં પોતાના લેખમાં આ સિસ્ટમનાં ખૂબ વખાણ કર્યાં અને કહ્યું, " આવા કેમ્પોમાં તેમને પૂરી દઈને આપણા લોકોને વંશીય પ્રદૂષણથી બચાવી શકાય !" આ લેખકનું નામ હતું આડોલ્ફ હિટલર અને વંશીય પ્રદૂષણ એટલે યહુદીઓ જેને હિટલર સાંસ્કૃતિક પ્રદૂષકો માનતો હતો. નવ મહિના પછી બર્લિનમાં નૅશનલ ક્લબમાં ભાષણ આપતાં હિટલરે કહ્યું કે જો તે સત્તા પર આવશે તો સૌ પ્રથમ આવા કેમ્પો બાંધવામાં આવશે.

જેની લેનિને શરૂઆત કરી તેને સ્ટેલિને વિસ્તાર્યા. The Gulag "metastasised" સોલ્ઝેનિત્સિને લખ્યું. બધું થઈને કેમ્પનાં 476 સંકુલો હતાં. આ દરેક સંકુલમાં અનેક નાનાં નાનાં સંકુલો હતાં જે lagpuncts કહેવાતાં. 1929 થી 1953 સુધીમાં એક કરોડ એંસી લાખ લોકો આ સિસ્ટમમાંથી પસાર થઈ ચૂક્યા હતા, જેમાં સામાન્ય ગુનેગારોથી માંડીને રાજકીય કેદીઓનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત લગભગ 60 લાખ 'દેશવટો' આપેલા લોકોને સાઇબિરિઆના બરફના રણમાં કડક જાપ્તા નીચે અથવા તો કઝાખસ્તાનના રણમાં અથવા ખાસ વસાહતોમાં મોકલી આપવામાં આવતા. ખ્રુશ્ચોવ, બ્રેઝનેવ, ઍન્ડ્રોપોવ, ચેરનેન્કો અને ગોર્બાચોવના શાસન દરમિયાન આ કેમ્પોમાં રાજકીય કેદીઓની વણઝાર ધીમી પડી, પરંતુ તેનો અંત તો સોવિયેટ યુનિયનના પતન સાથે જ આવ્યો.

ગુલાગના ઇતિહાસમાં 1937 નું વર્ષ આતંકની દષ્ટિએ સીમાચિહ્ન છે. કેમકે અત્યાર સુધી કોઈ પણ જાતના ઢંગધડા વગર જે કેમ્પો ચાલતા હતા અને લોકો આકસ્મિક રીતે મરતા હતા ત્યાં આ વર્ષમાં કેમ્પોમાં ખરેખર મોટા પાયા પર ઉપરછલ્લાં બહાનાં આપીને લોકોને મારી નાખવામાં આવતા અથવા તેમની પાસે એટલી હદ સુધી મજૂરી કરાવવામાં આવતી કે તે લોકો તેમાં જ મરી જતા.

1937 અને 1938 એ 'સાફસૂફી'નાં વર્ષો હતાં જેણે સૌ પ્રથમ સ્ટૅલિનના સાથીઓ અને ત્યાર પછી કેમ્પ કમાન્ડરોનો ભોગ લીધો. કેમ્પોમાં આ બન્ને વર્ષો ગુલાગના સ્થાપકો ખાસ કરીને ગેન્રીખ યગોડા (છૂપી પોલીસનો વડો) અને કેમ્પોનો વિસ્તાર કરવા માટે મુખ્યત્વે જવાબદાર વ્યક્તિઓનો ભોગ લેવા માટે જાણીતાં છે. (અન્યોમાં લાઝાર, કોગન, ફ્યોડોર આઇકમાન્સ વગેરેનો પણ સમાવેશ થાય છે.)

**સ્ત્રીઓ અને બાળકો :**

**કાયદાનું શાસન, મૂળભૂત અધિકારો** વગેરેની ગેરહાજરીમાં સ્ત્રીઓની ધરપકડ કરવા માટે કોઈ પણ કારણ કે બહાનું પૂરતું હતું. આ ઉપરાંત કેદીઓ અને કેમ્પ કમાન્ડરોની કેટલીક જરૂરિયાતો પૂરી કરવા માટે ગળે ન ઊતરે તેવાં કારણોસર સ્ત્રીઓને કેમ્પમાં મોકલવામાં આવતી. સ્વાભાવિક રીતે કેમ્પમાં જન્મેલાં મોટાં ભાગનાં બાળકો illegitimate બાળકો હતાં. પરંતુ બધાં જ બાળકો કેમ્પમાં જન્મતાં ન હતાં. ઘણાંની તેમની મા સાથે 'ધરપકડ' કરવામાં આવતી. તેમની ધરપકડના નિયમો પણ અસ્પષ્ટ હતા. ગર્ભવતી અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓને પણ પકડવામાં આવતી. જે માબાપોને enemies of the people તરીકે પકડવામાં આવ્યાં તેમાંનાં મોટાં ભાગનાંને deportation ના બે મોટા દોર દરમિયાન પકડવામાં આવ્યાં હતાં : (1) 1930માં શ્રીમંત ખેડૂતો (kulaks) અને (2) બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન વંશીય અને રાષ્ટ્રવાદી જૂથો.

ઉદાહરણ તરીકે વ્લાદિમિર ગ્લેકોવ - બોલ્શેવિક નેતા લેવ કામેનેવનો પુત્ર-ની ધરપકડ કરવામાં આવી ત્યારે તે ચાર વર્ષનો હતો. તેને પશ્ચિમ સાઇબિરિયામાં તૈયાર કરાયેલા ખાસ children orphanage માં 'દેશવટો' આપવામાં આવ્યો. અહીં 40% બાળકો દેશના દુશ્મનોનાં બાળકો હતાં, 40% બાળ ગુનેગારો હતા અને 20% બાળકોનો ગુનો એ હતો કે તે વિચરતી જાતિનાં સંતાનો હતાં ! તેના પોતાના શબ્દોમાં, "મારા સાથીદારે મને કેટલીક બાબતો શીખવી જેણે મને મારું રક્ષણ કરવામાં પાછળથી ઘણી મદદ કરી. (શરીર પર)કોઇક ઘા અહીં છે, કોઇક ત્યાં છે. જ્યારે લોકો તમારા પર ચપ્પુથી હુમલો કરતા હોય ત્યારે તેનો સામનો કરતાં તમને આવડવું જોઈએ. બીજા તમારા પર ઘા કરે તે પહેલાં અગાઉથી તૈયાર રહેવાની વાત મુખ્ય છે. આ હતું અમારું સુખી સોવિયેટ બાળપણ !" સરવાળે આ બાળકોની દશા કેવી હતી તેનું વર્ણન વિક્ટર સર્જ નામના એક રશિયન લેખકે કર્યું છે, "મેં તેમને લેનિનગ્રાડ અને મૉસ્કોની ગટરોમાં, જાહેરાતોનાં પાટિયાંઓ નીચે અને કબરસ્તાનોની ખાલી જગ્યાઓમાં જોયાં છે જ્યાં તેઓ પોતે પોતાના માલિક હતાં. તેઓ રાતે જાહેર મૂત્રાલયોમાં કૉન્ફરન્સ ભરતાં, ટ્રેનોનાં છાપરાં પર મુસાફરી કરતાં કે નીચે

સળિયા પર ચાલતાં. અતિશય પરસેવો થવાને કારણે કાળા થઈ ગયેલા ચહેરાઓ સાથે તેઓ રસ્તા પર થોડાક કૉપેક (રશિયન સિક્કો) માટે ભીખ માંગતા અને પૈસાની તફડંચી માટે લાગ જોતાં બેસી રહેતાં." રશિયન જાસૂસી સંસ્થા NKVD ના પોતાના આંકડા પ્રમાણે 1942-43 ની સાલમાં 'Children reception centre' માં 8,42,144 ઘરબાર વગરનાં બાળકો હતાં જેમાંથી મોટા ભાગનાંને માબાપ પાસે કે બાળઘરોમાં પાછા મોકલવામાં આવ્યાં. પરંતુ 50,000 થી વધુ બાળકો labour educational colonies માં હતાં જે યાતના શિબિરનો પર્યાય હતી !

* * *

આ ગુલાગ ક્યાં હતા ? તે સર્વત્ર હતા. સાઇબિરિયાના રણ જેવા દૂર દૂરના પ્રદેશોમાં તો તે હતા જ, પણ મોટાં શહેરોમાં પણ હતા. નાનાં નાનાં શહેરોમાં આજે જેમને ઍપાર્ટમેન્ટ્સ કહેવામાં આવે છે તે કોઈ જમાનામાં બૅરેકરૂપી કેમ્પ જ હતા. એક અર્થમાં ગુલાગ સમગ્ર સોવિયેટ સમાજનું અવિભાજ્ય અંગ બની ચૂક્યા હતા. નાનાં નાનાં શહેરો જ્યાં ખાસ કોઇ વિકાસ કે વસતિ ન હતાં તે પણ આવા કેમ્પમાં કેન્દ્રો બન્યાં. આમાં સમગ્ર યુરેશિઆના વિશાળ પ્રદેશનો સમાવેશ થાય છે. વાસ્તવમાં સ્ટાલિનનો ઇરાદો જ આવા કેમ્પો દ્વારા રશિયાનું ઔદ્યોગિકીકરણ કરવાનો હતો. તે એવું પણ માનતો હતો કે ગુલાગનો નફાકારક એન્ટરપ્રાઇઝ તરીકે ઉપયોગ થઈ શકે. પણ એવું બન્યું નહિ. આતંકનું સ્થાપત્ય હંમેશાં મોઘું હોય છે. અને છતાં ય આ મૂળભૂત રીતે કૃષિપ્રધાન દેશમાં કેદીઓએ રસ્તાઓ બાંધ્યા, રેલ્વે બાંધી, ફૅક્ટરીઓ બાંધી, બંધો બાંધ્યા, ખાણો વિકસાવી, તેલના કૂવાઓ ખોદ્યા, જંગલો સાફ કર્યાં અને કૉકેસસમાં કતલખાનાઓ પણ ચલાવ્યાં. ઍપલબૉમના મત પ્રમાણે ગુલાગના કેદીઓએ મિસાઇલોથી માંડીને ડ્રમ વગાડતાં સસલાંઓનાં રમકડાં સુધી બધું બનાવ્યું. સ્ટૅલિનના હુકમથી તેમણે હાસ્યાપદ અને સંપૂર્ણ રીતે અવ્યવહારુ કહેવાય તેવા પ્રોજેક્ટ્સ ઉદાહરણ તરીકે White Sea થી Baltic Sea વચ્ચે કેનાલ બાંધવી-પણ હાથ ધર્યા હતા.

જે પ્રમાણે નાઝીઓના જમનામાં ઔશ્વિત્સ બર્કેનાઉ જેમ હિટલરની વંશવિનાશની નીતિનું પ્રતિનિધિત્વ કરતા હતા તેમ ગુલાગીય સિસ્ટમમાં સૌથી કુખ્યાત દૂર પૂર્વના રશિયામાં કોલિમામાં (Kolyma) 100 થી વધુ કેમ્પો આવેલા હતા. ભૌગોલિક દષ્ટિએ કોલિમાનો વિસ્તાર ફ્રાંસથી છ ગણો મોટો છે જેમાં 1931થી સ્ટાલિનના મૃત્યુ સુધીના સમયમાં 30,00,000 માણસો મોતને વર્યા. તેનાં ગણતંત્રો સહિત સમગ્ર સોવિયેટ યુનિયનમાંથી કેદીઓને ત્યાં ભારખાનામાં ઊભા ઊભા મોકલવામાં આવતા અને ત્યાંથી જહાજમાં વ્લાડિવૉસ્ટૉક જેવાં બંદરવાળાં શહેરોમાં મોકલવામાં આવતા. જો આ રેલની મુસાફરીમાંથી કેદીઓ બચે-મોટા ભાગના બચતા ન હતા – તો રશિયાના ઉત્તર છેડાના કોલિમાના પાટનગર માગાડાન મોકલવામાં આવતા.

આ કેદીઓને લઈ જનારાં જહાજો ઘણી વાર દિવસો સુધી બરફમાં ફસાઇ જતાં. હજારો કેદીઓ જહાજનાં ભંડકીયાંમાં જ મૃત્યુ પામતા. ઘણીવાર ગાર્ડ્સ તેમનાં શબ જે કેદીઓ બચી ગયા હોય તેને ખવડાવતા; તો બીજા કેટલાકને સમુદ્રમાં ફેંકી દેવામાં આવતા જ્યાં દિવસો અને મહિનાઓ સુધી તેમનાં શબો તરતાં અને સડતાં. જે કેદીઓ કોલિમા સુધી પહોંચતા તે સોનાની ખાણોમાં કે અન્ય ઊદ્યોગોમાં કામ કરતા અને મોટા ભાગના વધુ પડતી વેઠ કે ભૂખમરાથી મરી જતા. જેમની મરવાની તૈયારી હોય તે ટકી જતા.

* * *

આ પુસ્તક ત્રણ ભાગમાં વહેંચાયેલું છે : 1. કેમ્પની ઉત્પત્તિ 2. ધરપકડ કરવામાં આવી હોય ત્યાંથી માંડીને છોડી મૂકવામાં આવ્યા હોય ત્યાં સુધીના કેદીઓના અનુભવો અને 3. કેમ્પ ઔદ્યોગિક સંકુલનો ઇતિહાસ અને તેમનું ધીરે ધીરે બંધ થવું અને છેવટે ગોર્બાચોવના સમયમાં તેમનું સંપૂર્ણ પણે પડી

ભાંગવું. એક અલગ પ્રકારની દુનિયા તરીકે ગુલાગના પોતાની ભાષા અને પોતાના codes હતા - જેમ કે કેમ્પના વહીવટદારો માટે સગર્ભા સ્ત્રીઓ 'books' તરીકે ઓળખાતી, બાળકો સાથેની સ્ત્રીઓને 'receipts' કહેવામાં આવતી, પુરુષોને 'accounts' કહેવામાં આવતા, દેશવટો ભોગવતા લોકોને 'rubbish' કહેવામાં આવતા, જે કેદીઓ વિશે તપાસ ચાલતી હોય તેમને 'envelopes' કહેવામાં આવતા. કેમ્પના ડિવિઝનને 'factory' કહેવામાં આવતી અને કેદીઓની સઘન તપાસ અને પૂછપરછને કેદીઓ 'meat grinder' તરીકે ઓળખાવતા. એમાં આપણને રાજકીય કેદીઓ, અઠંગ વ્યસનીઓ, બળાત્કારીઓ, ખૂનીઓ વગેરે વિશે પણ જાણવાનું મળે છે. તે ઉપરાંત આપણને tufta કામ કરવાનો ઢોંગ કરવાવાળા અને mastyrka એટલે કામ ન કરવા માટે બહાના શોધતા લોકો વિશે પણ જાણવાનું મળે છે. મહત્ત્વની વાત એ છે કે ગુલાગની slang સમય જતાં સમગ્ર સોવિયેટ યુનિયનની slang બની ગઈ. રશિયાની અશ્લિલતા અને બિભત્સપણાનો સમૃદ્ધ શબ્દકોષ કેમ્પમાં વિકસ્યો.

**શિક્ષાની પદ્ધતિઓ :**

ડિમિત્રી લીખાચેવ, પ્રાચીન રશિયાના સાહિત્યના વિદ્વાન અને તેમના શહેરના કરુણ ઇતિહાસનું પ્રતીક હતા (તેમનો જન્મ થયો ત્યારે શહેરનું નામ સેંટ પિટર્સબર્ગ હતું, કિશોરાવસ્થામાં તેનું નામ પેટ્રોગ્રાડ પડ્યું, યુવાવસ્થામાં તે લેનિનગ્રાડ તરીકે બદલાયું અને 1990 પછી તે પાછું સેંટ પિટર્સબર્ગ બન્યું). ઍન ઍપલબૉમે લિખાચેવનો in depth interview લીધો છે. તેમની ઉંમર ત્યારે 84 વર્ષની હતી અને તેઓ પુશ્કિન હાઉસ નામની સંસ્થાના ડાયરેક્ટર હતા. સામ્યવાદી યુગના શરૂઆતના દિવસોની તેમની સ્મૃતિને વાચા આપતાં તેઓ કહે છે કે "અમે અમારા લખતિનસ્કાયા સ્ટ્રીટ પર આવેલા ફ્લૅટની બારી ખોલતા ત્યારે આખી રાત અમને ધાણીની જેમ ફૂટતી મશિનગનના અવાજો સંભળાતા". સોવિયેટ યુનિયનના પતન પછી તેઓ નવા વિનીતવાદી વાયરાઓને આવકારવા વિશે વક્તવ્યો આપવામાં રોકાયેલા રહ્યા. ગુલાગ એ સ્ટૅલિનની નહિ પણ લેનિનની શોધ છે તેનો જીવતો જાગતો પુરાવો લિખાચેવ છે કારણ કે તેઓ લેનિનની પ્રથમ યાતના શિબિરના કેદી હતા.

લિખાચેવના રસનો મુખ્ય વિષય ભાષાશાસ્ત્ર હતો અને સામ્યવાદી યુગના માનસિક દમનમાંથી છૂટવા માટે તેઓ ભાષાવિષયક સંશોધનમાં રચ્યાપચ્યા રહેતા. 1928ના ફેબ્રુઆરીમાં તેમની ધરપકડ કરવામાં આવી અને જેલની ઓરડીમાં ધકેલી દેવામાં આવ્યા. ત્યાર પછી પૂછપરછ દરમિયાન જેલનો ઑફિસર બરાડ્યો,"ભાષાસુધારને નામે તમે શું કહેવા માગો છો ? કદાચ સમાજવાદ નીચે આપણને ભાષાની જરૂર જ નહિ પડે (!)".

સમય જતાં તેમને આર્કટિક સર્કલ નજીક આવેલા વ્હાઇટ સી (White Sea)ની અંદર આવેલા સોલેવેટ્સ્કી નામના ટાપુઓ પર મોકલી દેવામાં આવ્યા જ્યાં પ્રાચીન જમાનામાં ખ્રિસ્તી સાધુઓ આશ્રમો બાંધતા, સોળમી સદીમાં ઝારો જેલો બાંધતા અને 1923માં બોલ્શેવિકોએ યાતના શિબિરો બાંધી. 1999માં લિખાચેવનું મૃત્યુ થયું તે પહેલાં તેમણે પોતાના સંસ્મરણોમાં સોલેવેટ્સ્કી ટાપુઓની ભૂગોળ, ત્યાંની સ્થિતિ, જે વિદ્વાનો અને ગુનેગારો સાથે તેમને મિત્રાચારી થઈ તેમની અને તેમણે જોયેલી અને અનુભવેલી જે અને જેટલા પ્રકારની ક્રૂરતા આચરવામાં આવતી હતી તે વિશે કેટલીક નોંધ કરી હતી. (જુઓ નકશાઓ.) ઉદાહરણ તરીકે સોલેવેટ્સ્કી ટાપુઓમાં જ સૌ પ્રથમવાર એવી પદ્ધતિ દાખલ કરવામાં આવી કે કેદીઓને તેમણે કરેલા કામના પ્રમાણમાં જ ભોજન મળે. તેની પાછળનો ખ્યાલ એ હતો કે જે 'નબળા' હોય તે આપોઆપ ભૂખ અને 'કુદરતી' કારણોસર મૃત્યુ પામે જ્યારે બીજી બાજુ જે મજબૂત હોય તે રાજ્યનું ઔદ્યોગિક infrastructure ઊભું કરવામાં મદદરૂપ બને. આ જ સોલેવેટ્સ્કી ટાપુઓમાં ત્યાંના ગાર્ડ્સે

કેદીઓ પર યાતના ગુજારવાની અનેક પદ્ધતિઓ શોધી કાઢી હતી જેમાં ઉદાહરણ તરીકે કેદીને મકાનના દાદરા પરથી ફેંકી દેવા જેવી પદ્ધતિઓનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત ઉનાળા દરમિયાન જ્યારે મચ્છરોનો ત્રાસ પુષ્કળ પ્રમાણમાં વધી ગયો ત્યારે કેદીઓને expose કરવા જેવી બાબતોનો પણ તેમાં સમાવેશ થતો હતો. બીજા એક કેદીએ લખેલાં સંસ્મરણો પ્રમાણે, "મચ્છરો અમારા ખમીસ અને કોટની બાંયમાં અને પાટલૂનમાં સેંકડોની સંખ્યામાં ભરાતા. અમારા ચહેરાઓ મચ્છરોના ડંખથી સૂજી જતા. જ્યાં અમે કામ કરતા ત્યાં જ અમને જમવાનું પિરસવામાં આવતું અને જ્યાં સુપ પીવા જઈએ ત્યાં આખો વાડકો મચ્છરોથી ભરાઈ જાય. આ મચ્છરો આંખ, નાક અને ગળામાં પણ ઘૂસતા અને લોહી જેવો મીઠો તેમનો સ્વાદ લાગતો."

સોલોવેટ્સ્કી ટાપુઓના કેદીઓ બાકીની દુનિયાથી લગભગ છૂટા પડી ગયેલા જેવા હતા. થોડાક ખ્રિસ્તી સાધુઓ અને ગાર્ડ્સને બાદ કરતાં તેમની પીડા અને યાતનાનું કોઈ સાક્ષી ન હતું. તે એ પણ જાણતા હતા કે મરી ગયા પછી તેમને અનામી કબરોમાં દફનાવવામાં આવશે. અને છતાંય લિખાચેવની કેદને એક વર્ષ થઈ ગયા પછી તેમને અને તેમના સાથી કેદીઓને જ્યારે ખબર પડી કે મૅક્સિમ ગોર્કી ત્યાં આવવાનો છે ત્યારે આશાનું એક નવું કિરણ બંધાયું કેમકે ગોર્કીની છાપ શ્રમજીવીઓના રક્ષણહાર તરીકેની હતી. આથી પરિસ્થિતિના પ્રત્યક્ષ સાક્ષી હોવાને નાતે તેઓ જરૂરી રજૂઆત સરકાર પાસે કરશે તેવો આશાવાદ ઊભો થયો. ગોર્કી, રશિયનો માટે પોતાના જમાનાનો અત્યંત લોકપ્રિય લેખક હતો એટલે યાતના, અસહ્ય શારીરિક વેઠ/મજૂરી, ભૂખ, વ્યાધિ, નિર્વસ્ત્રતા, વાજબી કાનૂની કાર્યવાહી વગર કરવામાં આવેલી સજા વગેરેની તેઓ ગંભીર નોંધ લેશે અને ઘટતું કરશે તેવી લાગણી પ્રબળ બની.

બીજી બાજુ, ગુલાગના વહીવટદારોએ કેમ્પની સજાવટ કરવામાં કોઈ મણા બાકી રાખી ન હતી. આખા કેમ્પમાં સાફસૂફી કરવામાં આવી, દીવાલો રંગવામાં આવી, નવાં વૃક્ષો વાવવામાં આવ્યાં અને પતિપત્નીઓને સાથે રહેવાની છૂટ આપવામાં આવી, વગેરે (સામાન્ય સંજોગોમાં આવી છૂટ ન હતી). ગોર્કીએ માત્ર આ બધું જોયું અથવા માત્ર બાહ્ય દેખાવની જ નોંધ લીધી. સજા માટેની ઓરડીઓમાં પણ થોડી મિનિટો ગાળી અને 'excellent' એવો પ્રતિભાવ આપ્યો. કેદીઓ માટે તેણે કોઈ સમય ફાળવ્યો નહિ. માત્ર એક યુવાન છોકરા સાથે તેણે 40 મિનિટ વાત કરી (લિખાચેવ પ્રમાણે તે છોકરો ફરી પાછો કેમ્પમાં દેખાયો જ નહિ કેમકે બીજે દિવસે તેને ગોળી મારી દેવામાં આવી !). ગોર્કી ત્યાં ત્રણ દિવસ સુધી રહ્યો અને બધો સમય કેમ્પના અધિકારીઓ સાથે જ પસાર કર્યો.

સ્વાભાવિક રીતે આના સંદર્ભમાં તેણે જે લખ્યું તે માટે કેમ્પના અધિકારીઓને ગર્વની જ લાગણી થાય. તેણે લખ્યું, "કેમ્પ જીવન વધુ પડતું નિયંત્રિત છે તેવી છાપ પડતી નથી. આને જેલ કહેવાય જ નહિ. જો કહેવું હોય તો એમ કહેવાય કે કોઈ ડૂબી ગયેલા જહાજના યાત્રીઓને બચાવીને અહીં રાખવામાં આવ્યા છે. અહીંના રાજકીય કેદીઓ પ્રતિક્રાંતિકારીઓ છે કે ઝારશાહીમાં માનનારાઓ છે. જો કોઈ સભ્ય યુરોપીય સમાજમાં આ કોલોની જેવો પ્રયોગ કરવામાં આવ્યો હોત અને આપણે જેવાં પરિણામો મેળવ્યાં છે તેવાં તેણે મેળવ્યાં હોત તો તેનું ડીમડીમ વગાડવામાંથી તે સમાજ ઊંચો આવત નહિ !"

ગોર્કીના ગયા પછી કેમ્પના ગાર્ડોએ સામૂહિક હત્યાઓનો દોર શરૂ કર્યો. લિખાચેવ લખે છે : "હત્યાઓ શરૂ થઈ તેના આગલા દિવસથી કબરો ખોદાવાની શરૂઆત થઈ ગઈ હતી. મારાઓ પીધેલી હાલતમાં હતા. એક શિકાર માટે એક ગોળી. ઘણાને જીવતા દાટવામાં આવ્યા. તેમની કબર પર ધૂળનું પડ પણ અત્યંત પાતળું હતું. સવારે ખાડા પર વાળેલી ધૂળ સળવળતી દેખાય. 'ઉપર છલ્લા માણસો'નો સફાયો કરી નાખવામાં આવ્યો હતો."

વહીવટદારોએ મુખ્ય કૅમ્પ આગળ નિશાની રૂપ લખાણ મૂક્યું જે લેનિનના કાર્યક્રમનો વ્યવસ્થિત ચિતાર આપે છે :"With an Iron Fist, We will lead Humanity to Happiness."

ઍપલબૉમ કૅમ્પમાં શિક્ષા કરવાની પદ્ધતિઓમાં 'નવીનતાઓ' ઉલ્લેખ કરે છે. ઉદાહરણ તરીકે જો કોઈ બ્રેડની ચોરી કરતો પકડાય તેને બાકીના કેદીઓ હવામાં ઉછાળે અને જમીન ઉપર પટકાવા દે. આમ વારંવાર કરવામાં આવે - જ્યાં સુધી તેની કિડની ભાંગી ન જાય ત્યાં સુધી ! ત્યાર પછી તેના શરીરને સડેલા માંસના ટુકડાની જેમ બૅરેકની બહાર ફેંકી દેવામાં આવે ! ઍનાતોલી માર્ચેન્કો નામના હ્યુમન રાઇટ્સ ઍક્ટિવિસ્ટ જેનું 1986માં ક્રિસ્ટોપૉલમાં મૃત્યુ થયું તેમણે કેટલીક સ્વઘાતક શિક્ષાઓનું વર્ણન કર્યું છે જેમાં પોતાના શરીરમાં ચેપી નિડલથી ઇંજેક્શન આપવાનો સમાવેશ થાય છે. તેઓ લખે છે કે તેમણે એક કેદીને પોતાનાં ગુપ્તાંગોને બેંચ પર દબાવીને ખીલી ઠોકતાં જોયો હતો. ઍપલબૉમ લખે છે : એવા પણ કિસ્સા નોંધાયા છે જેમાં કોઈ એક ગુનેગારોની જોડી નક્કી કરે કે ત્રીજી વ્યક્તિ સાથે ભાગી છૂટવું છે. આ ત્રીજી વ્યક્તિને "the meat" તરીકે ઓળખવામાં આવતી અને બીજા બેની મુસાફરી દરમ્યાન તેનો ખોરાક તરીકે ઉપયોગ કરવામાં આવવાનો છે તેની આ ત્રીજી વ્યક્તિને ખબર પણ ન હોય !

નાઝીઓની જેમ સોવિયેટ કૅમ્પ સિસ્ટમ સોબિબોરકે ટ્રેબલિન્કા કે મૈયડાનેક કે ઑશ્વિત્સવ જેવી સમૂહ સંહાર માટેની હાઇ-ટેક ફૅક્ટરીઓ (ગૅસ ચેમ્બર્સ) ન હતી. છતાં ગુલાગમાં સામૂહિક હત્યાઓ થતી જેમાં કાં તો માથામાં ગોળી મારીને કે exhaust fumes આપીને ગૂંગળાવી નાખી મારવામાં આવતા. પરંતુ નાઝીઓ અને સોવિયેટ્સમાં એક ભેદ હતો : સોવિયેટ સિસ્ટમ પાછળનો હેતુ સભાનપણે સામૂહિક સંહારનો ન હતો. અલબત ક્યારેક એમ થતું પણ ખરું. સ્ટૅલિનનો હેતુ ગુલાગનો ઉપયોગ કરીને રાજ્ય અને રાષ્ટ્રનું નિર્માણ કરવાનો અને ત્યાર પછી તેને આતંકમાં જકડી રાખવાનો હતો.

નાઝીઓના "holocaust" પ્રોજેક્ટનો હિટલરની લશ્કરી હાર સાથે અંત આવ્યો અને ત્યાર પછી "બિનનાઝીકરણ" (denazification) ની અત્યંત સંકુલ પ્રક્રિયા શરૂ થઇ. યુદ્ધની સ્મૃતિઓ અને ખાસ કરીને વિશ્વયુદ્ધ પછીના જર્મનીમાં રાજકારણ અને ચેતના પરિવર્તનમાં હોલોકૉસ્ટની મોટી ભૂમિકા રહી. એમ કહેવાય છે કે હિટલરી શાસનના અંત પછી જર્મનીમાં હોલોકૉસ્ટ સંગ્રહાલયનાં સૌથી વધુ વખાણ થાય છે અને આજે પણ આ બધું કેવી રીતે બન્યું તે માટેના વિવાદો શમ્યા નથી.

તેથી વિરુદ્ધનું, સોવિયેટ યુનિયનના પતન પછી શાસકો કે લોકોમાં ગુલાગના ભોગ બનેલાઓ માટે કોઈ વિશેષ કરુણાની લાગણી કે નિસબત નથી.1991 પછી કોઇ 'truth commission'ની રચના કરવામાં નથી આવી - જેમ સાઉથ આફ્રિકામાં બન્યું. યેલ્તસિને સામ્યવાદી પક્ષ સામે કાનૂની કાર્યવાહી કરી પરંતુ ધીરે ધીરે તે અપ્રસ્તુત બની ગઈ અને કોઈએ તેની ખાસ નોંધ પણ લીધી નહિ. વાસ્તવમાં બે દાયકાનો દેશવટો ભોગવ્યા પછી સોલ્ઝેનિત્સિન જ્યારે સ્વદેશ પાછા ફર્યા ત્યારે ત્યાંના લિબરલ બુદ્ધિજીવીઓએ તેમને ઠંડો જ આવકાર આપ્યો અને ગુલાગ આર્કિપેલેગોના વાંચનારાઓની સંખ્યા બીજે કરતાં વધારે નથી. અલબત્ત, મેમોરિઅલ હ્યુમન રાઇટ્સ સેંટર જેવાં કેટલાંક જૂથો કૅમ્પ ઉપર કામ કરી રહ્યા છે પણ રશિયાના સમાજની તેના પ્રત્યે કોઈ વિશેષ સંવેદનશીલતા નથી.

1991ના ઑગસ્ટમાં KGB ના નેતૃત્વ હેઠળ નિષ્ફળ બળવો થયો અને ત્યાર પછી લુબ્યાન્કાની (મૉસ્કોની કેન્દ્રીય જેલ) બહાર દેખાવકારો ભેગા થયા અને થોડા જ સમયમાં સોવિયેટ છૂપી પોલિસના જનક ફેલિક્સ ઝરઝિન્સ્કીનું પૂતળું તોડી પાડવામાં આવ્યું. નવા યુગની આ કદાચ શરૂઆત હતી. પરંતુ વક્રતા એ છે કે ત્યાર પછી મેમોરિયલ નામની સંસ્થાના સભ્યો સોલોવેટ્સ્કીથી મોટો પથ્થર લઇ આવ્યા અને લુબ્યાન્કાની બહાર મૂક્યો અને જ્યારે દમનખોર સોવિયેટ શાસનના ભોગ બનેલાઓને આ પથ્થર સમર્પિત કરવામાં

આવ્યો ત્યારે હાજર રહેનારાઓની સંખ્યા અહેવાલો પ્રમાણે થોડીક હતી, સૌથી વધારે ન હતી અને રશિયાનાં માધ્યમોમાં પણ તેને ખાસ પ્રસિદ્ધિ આપવામાં આવી નહિ.

હવે ગુલાગ રહ્યા નથી પણ આટલા વર્ષો પછી બીજું પણ ખાસ બદલાયું નથી. પ્રમુખ પુટીન પોતે પણ મૂળ KGB ના કર્નલ છે અને તેમના શાસનમાં રશિયામાં એક પ્રકારની સ્થિરતા આવી છે. પરંતુ તેઓ પણ જોસેફ સ્ટાલિનની યુદ્ધ સમયની તેની ભૂમિકાનાં વખાણ કરતાં થાકતા નથી. વાસ્તવમાં 2003માં જ્યારે સ્ટાલિનના મૃત્યુની પચાસમી જયંતિ ઉજવવામાં આવી ત્યારે માધ્યમોમાં તેને ઘણી પ્રસિદ્ધિ આપવામાં આવી પરંતુ તેમાં ગુલાગ અને તેના ભોગ બનનારાઓ વિશે ખાસ કશું ન હતું. બલ્કે એક સર્વેક્ષણ પ્રમાણે 53% લોકો એમ માનતા હતા કે સ્ટાલિને તેમના દેશના જીવનમાં વિધાયક ભૂમિકા ભજવી છે. ઠંડા યુદ્ધના સમય દરમિયાન પશ્ચિમમાં પણ વામપંથી ઝોક ધરાવતા ઈતિહાસકારો અને બુદ્ધિજીવીઓ ગુલાગના અસ્તિત્વની વાતને બહુ ગંભીરતાથી લેતા ન હતા. 1973 માં જ્યારે 'ગુલાગ આર્કિપેલગો' પ્રસિદ્ધ થયું ત્યારે શરૂઆતના ઉન્મેષ પછી પુસ્તકની વિશ્વસનીયતા અંગે મોટા વિવાદો પણ થયા. ગુલાગની બાબતમાં એક મહત્ત્વનો મુદ્દો એ છે કે સ્ટૅલિને જે લોકોને કેદી તરીકે મોકલ્યા તેમાં રશિયાની વંશીય લઘુમતિનાં લોકો પણ હતા જેમાં ચેચેન, ઇન્ગુશ, ક્રાઈમિઅન ટાર્ટારો વગેરેનો સમાવેશ થાય છે. આ વંશીય રાષ્ટ્રીયતાઓ પર આક્ષેપ એવો કરવામાં આવતો હતો કે તેમણે જર્મનો સાથે હાથ મિલાવી દેશદ્રોહી કૃત્ય આચર્યું પણ વાસ્તવમાં તેની પાછળનો હેતુ મૉસ્કોની અબાધિત સત્તા સામે કથિત રાષ્ટ્રવાદી આંદોલનને કચડી નાખવાનો હતો. આથી 1991માં જ્યારે તેમને તક મળી ત્યારે તેમણે સોવિયેટ સમવાય તંત્રમાંથી છૂટા પડવાનું પસંદ કર્યું.

આ બધા ઉપરાંત અનુસોવિયેટ વાસ્તવિકતા એ છે કે સમગ્ર રશિયામાં ગુલાગીય ભયંકરતાઓ અને પાશવતા માટે કોઈપણ પ્રકારના guilt ની લાગણી નથી. ઍપલબૉમ પ્રમાણે 2001 ના ડિસેંબર મહિનામાં સોવિયેટ યુનિયનના વિઘટનને દસ વર્ષ પૂરાં થયાં ત્યારે તેમાંથી છૂટાં પડેલાં 15 ગણતંત્રોમાંથી 13 માં પૂર્વ સામ્યવાદીઓ જ શાસનકર્તા હતા. આ જ સ્થિતિ પૉલેન્ડ સહિત પૂર્વ યુરોપમાં પણ હતી જેમણે સોવિયેટ યુનિયનને લાખોની સંખ્યામાં ગુલાગ માટે નાગરિક મજૂરો (!) પૂરા પાડ્યા અને સેંકડો ગામડાંઓ ઉજાડ્યાં. બૌદ્ધિક, બિઝનેસ અને મિડિયાનાં અગ્રવર્ગીય વર્તુળોમાં પણ જૂના સામ્યવાદીઓનો જ પ્રભાવ રહ્યો. હાલના પ્રમુખ વ્લાદિમિર પુટીન પોતે ચેકાના સભ્ય હતા તે માટે ગૌરવની લાગણી અનુભવે છે અને જ્યારે તેઓ રશિયાના વડા પ્રધાન હતા ત્યારે ચેકાના સ્થાપના દિન પ્રસંગે લુબ્યાન્કાની મુલાકાત લીધી અને યુરી આન્દ્રોપોવની (સોવિયેટ કૉમ્યુનિસ્ટ પાર્ટીના ભૂતપૂર્વ મૃત જનરલ સેક્રેટરી) સ્મૃતિમાં તકતી સમર્પિત કરી ! આજે પણ ક્યારેક મૃતાત્માઓનાં જથ્થામાં દાટેલાં હાડકાંઓથી ભરેલો ખાડો ક્યાંક આકસ્મિક રીતે મળી આવે તો થોડા સમય માટે વંટોળ ઊભો થાય પણ પછી તે શમી જાય છે. ઍપલબૉમ પ્રમાણે ઘણી જગ્યાએ આ સિવાય વિશેષ કંઈ બદલાયું નથી. છૂપી પોલિસ અને તેનાં ઉપકરણો - કાડર, સાધનો, ઑફિસો લગભગ જેમનાં તેમ છે. રશિયાને સોવિયેટ સત્તા વારસામાં મળી છે અને પોતાના અતીતની યાતનાયુક્ત સ્મૃતિઓની ગેરહાજરીમાં આધુનિક રશિયામાં કાયદો કે ન્યાયને લગતા સુધારા માટે અત્યંત ઓછો અવકાશ છે તેવી છાપ પડે છે.

**સમાપન**

સૈદ્ધાંતિક રીતે સોવિયેટ યુનિયન શ્રમજીવીનું રાજ્ય હોવા છતાં વિરોધાભાસ એ છે કે શ્રમજીવીઓને જ વેઠપ્રથાનો ભોગ બનાવવામાં આવ્યા. બીજું, સોવિયેટ યુનિયન અનેક વંશીય અસ્મિતાઓનો બનેલો દેશ છે તે જાણીતી વાત છે. ગુલાગમાં જે લોકોને કેદી તરીકે મોકલવામાં આવતા તેમાં ગુનાઈત કૃત્ય કર્યું હોય તેવા લોકો ઉપરાંત લોકો જે હતા તે માટે પણ ગુલાગમાં મોકલી આપવામાં આવતા ! હિટલરની બાબતમાં

તો વાત બહુ સ્પષ્ટ હતી : યહુદીઓ સાંસ્કૃતિક પ્રદૂષકો હોવાને કારણે તેમનો વંશવિનાશ કરવાની વાત હતી. પરંતુ અહીં તો નાગરિકોને કોઈપણ કારણ કે વજૂદ વગર ગુલાગમાં મોકલવામાં આવતા ! વક્રતા એ છે કે વેઠપ્રથા, ભયંકર શિક્ષાઓ અને અન્ય દૂષણો / વિકૃતિઓનો આશરો વિકાસ, કથિત મુક્તિવાદી વિચારધારા, રાષ્ટ્રનિર્માણ કે પશ્ચિમની મૂડીવાદી અને ઔદ્યોગિક લોકશાહીની તુલનામાં ટકાઉ, વિશ્વસનીય અને નૈતિક રીતે ચડિયાતી રાજકીયં / આર્થિક વ્યવસ્થાને નામે લેવાતો. સોવિયેટ યુનિયન જ્યારે અસ્તિત્વમાં હતું ત્યારે આર્થિક અને વૈજ્ઞાનિક સિદ્ધિઓના તેણે જે કોઈ દાવાઓ કર્યા તેને ગુલાગે ઊભી કરેલી વેઠપ્રથા સાથે સીધો સંબંધ હતો. આ વેઠપ્રથા વગર સોવિયેટ યુનિયન કથિત આર્થિક વિકાસ સાધી શક્યું હોત કે કેમ તે ચર્ચાનો મુદ્દો છે.

---

* *Applebaum, Anne, Gulag : A History of the Soviet Camps,* Penguin Books, 2004

** ઍન ઍપલબૉમે રશિયન ઇતિહાસ અને સાહિત્યનો યેલ યુનિવર્સિટીમાં અને આંતરરાષ્ટ્રીય સંબંધોનો લં Ip સ્કૂલ ઑફ ઇકોનોમિક્સ અને સેંટ ઍન્થની કૉલેજ, ઑક્સફર્ડમાં અભ્યાસ કર્યો છે. તેઓ *The Economist* માં લખે છે, *Spectator* ના ડેપ્યુટી એડિટર રહી ચૂક્યા છે અને હાલમાં Washington Post માં કટાર લેખક છે અને તેના એડિટોરિયલ બૉર્ડના સભ્ય છે.




1 The route of the Ukhtinskaya Expedition, Komi Republic, 1929


KOLYMA
USSR
Vladivostok
KOREA
JAPAN
K O L Y M A
Kolyma River
Maldyak
Seimchan
Elgen
Yagodnoe
Butygychag
Magadan
Bukhta Nagaevo
K A M C H A T K A
N
0
300 miles
0
500 km




The Gulag at its zenith, 1939–53

# વિશિષ્ટ આર્થિક ઝોન

◆

**રમેશ બી. શાહ***

ભારતીય વર્તમાન આર્થિક નીતિઓમાં આજે સેઝ (Special Economic Zone) અંગેની નીતિ ખૂબ વિવાદાસ્પદ બની છે. વિવાદના એ મુદ્દાઓને સમજતાં પહેલાં સેઝ વિષે સ્પષ્ટ થઈ જવું જોઈએ. સેઝની પુરોગામી રચનાઓમાં 18મી સદીથી શરૂ થયેલા મુક્ત વેપાર વિસ્તાર (free trade area)ને નિકાસ પ્રોસેસિંગ વિસ્તારો (Export Processing Zone) નો સમાવેશ થાય છે. વીસમી સદીના છેલ્લા બે દસકા દરમિયાન વિશ્વસ્તરે આ નિકાસ ઝોનનો ખ્યાલ લોકપ્રિય નીવડ્યો હતો. 1988માં દુનિયામાં 850 જેટલા નિકાસ ઝોન રચાયા હતા. તે સંખ્યા વધીને 2003 માં ત્રણ હજાર પર પહોંચી હતી. દુનિયાના 116 જેટલા દેશોમાં આ નિકાસ ઝોન રચવામાં આવ્યા હતા. નિકાસ ઝોનની રચના પાછળ મુખ્યત્વે બે ઉદ્દેશો હોય છે : એક, દેશની નિકાસોને પ્રોત્સાહન આપવું અને તે માટેના મૂડીરોકાણને પ્રોત્સાહક વાતાવરણ પૂરું પાડવું. બીજું, તે હેતુ માટે વિદેશી મૂડીરોકાણોને પ્રેરવાં. આ બંને હેતુ માટે મુખ્યત્વે કરવેરાની નીતિનો ઉપયોગ કરવામાં આવે છે. નિયત વિસ્તારમાં ઉત્પાદન કરતાં એકમોને આયાત જકાત અને નિકાસ જકાતમાંથી મુક્તિ આપવામાં આવે છે અથવા તેમાં મોટા પ્રમાણમાં રાહત આપવામાં આવે છે. એ જ રીતે કંપની વેરામાં પણ રાહત આપવામાં આવે છે. ઔપચારિક રીતે દેશના મજૂરદાયકાઓ નિકાસઝોનને લાગુ પાડવામાં આવતા હોય તો પણ તેના અમલમાં શિથિલતા દાખવવામાં આવે છે. વિસ્તારમાં પાયાની સગવડો (infrastructure) રાજ્ય દ્વારા પૂરી પાડવામાં આવે છે. ભારતમાં કંડલાનો નિકાસઝોન તેનું એક જૂનું ઉદાહરણ છે.

સેઝની રચના ઘણી મહત્ત્વની બાબતોમાં નિકાસઝોનથી જુદી પડે છે. સેઝમાં થતી ઉત્પાદક પ્રવૃત્તિઓને કેવળ કરવેરાઓની બાબતમાં જ 'અલગ પ્રદેશ' કે 'વિદેશી પ્રદેશ' (special or foreign territory) ગણવામાં આવનાર નથી. બીજી અનેક મહત્ત્વની બાબતોમાં તે રાજકીય અને વહીવટી રીતે સ્વાયત્ત એકમો બનવાનાં છે. એના સંદર્ભમાં સેઝ અંગે પસાર કરવામાં આવેલા કાયદાની કેટલીક જોગવાઈઓ નોંધવી જરૂરી છે.

1. સેઝના 2005ના કાયદાની એક જોગવાઈ પ્રમાણે કોઈ એક સેઝને કે તમામ સેઝને કેન્દ્ર સરકારના કોઈ પણ કાયદામાંથી કે કોઈ પણ નિયંત્રણમાંથી મુક્તિ આપી શકાશે. આ પાયાની જોગવાઈનું અર્થઘટન વિવાદાસ્પદ છે. એક અર્થઘટન પ્રમાણે આ જોગવાઈ સેઝને દેશના બંધારણની હકૂમત બહાર લઈ જનારી છે, જ્યારે સરકારી ખુલાસા પ્રમાણે દેશના કાયદાઓ સમાન રીતે સેઝને લાગુ પડશે.

2. સેઝમાં નાગરિક સેવાઓ ખાનગી કંપનીઓ દ્વારા પૂરી પાડવામાં આવશે. આ નાગરિક સેવાઓમાં

* પ્રાધ્યાપક, અર્થશાસ્ત્ર વિભાગ, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

પાણીપુરવઠો, રોગનિયંત્રણ, જન્મમરણના દાખલા વગેરેનો સમાવેશ થાય છે. આ કંપનીઓ સરકારના કોઈ સત્તામંડળને જવાબદાર નહિ હોય.

3. સેઝમાં નગરપાલિકા કે પંચાયત જેવી કોઈ સ્થાનિક સરકાર નહિ હોય. તેથી લોકોને ચૂંટણી દ્વારા પોતાની સ્થાનિક સરકાર પસંદ કરવાનો અધિકાર નહિ હોય.

4. વિવિધ મજૂરકાયદાઓની કેટલીક મહત્ત્વની ગણી શકાય એવી જોગવાઈઓનો અમલ સેઝમાં કરવામાં આવશે નહિ. આમ, હકીકતમાં કામદારોને યથેચ્છ રીતે રોકવાનો અને છૂટા કરવાનો અધિકાર કંપનીઓને આપવામાં આવશે. મહારાષ્ટ્ર સરકારે કરેલી જોવાઈ પ્રમાણે તો સેઝમાં કામદારોને હડતાળ પાડવાનો અધિકાર પણ નહિ રહે.

5. ઉત્પાદન પ્રવૃત્તિની પર્યાવરણ પર પડનારી સંભવિત અસરનું આજે મંજૂરી આપતાં પહેલાં જે મૂલ્યાંકન કરવામાં આવે છે તે સેઝમાં કરવામાં નહિ આવે.

6. વીજળીનાં ઉત્પાદન અને વિતરણને લગતાં જે નિયંત્રણો રાજ્યસ્તરે લાગુ પડે છે તેમાંથી સેઝના વીજઉત્પાદકો-વિતરકોને મુક્તિ અપાશે. ટૂંકમાં, સેઝના રૂપમાં દેશના અન્ય ઉત્પાદકો અને લોકોની તુલનામાં કેટલાક મહત્ત્વના કાયદાઓની બાબતમાં 'વિદેશી ટાપુઓ' સર્જવામાં આવનાર છે.

રાજકીય-વહીવટી સ્વાયત્તતા ધરાવતા આવા ટાપુઓ કે 'રજવાડાં' સર્જીને કયાં વિશિષ્ટ (special) અને ચોક્કસ (specific) ઉદ્દેશોનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે એવો પ્રશ્ન સહજ રીતે ઊભો થાય છે. ચીનમાં 1978-80 ના ગાળામાં જ્યારે તેના દક્ષિણ કિનારાના બે ગરીબ પ્રાંતો (Guagdoug અને Fujian) માં પ્રાયોગિક રીતે ચાર સેઝ રચવામાં આવ્યાં ત્યારે તેના કેટલાક ચોક્કસ ઉદ્દેશો હતાઃ ચીન બજારના અર્થતંત્ર પર જવા માગતું હતું. બજારતંત્ર માટેની જરૂરી બધી અનુકૂળતાઓ અહીં સર્જવાનો ખ્યાલ હતો. બીજો ઉદ્દેશ ખાનગી વિદેશી મૂડીરોકાણોને આકર્ષવાનો હતો, ખાસ કરીને અગ્નિ એશિયાના દેશોમાં રહેતા ધનાઢ્ય ચીનાઓને મૂડીવાદી અર્થતંત્ર તરફ જઈ રહેલા ચીનમાં આકર્ષવાનો ઉદ્દેશ હતો. એ ચાર સેઝ પૈકી શેનઝેન (Shenzen) ને ખૂબ સફળતા મળી હોવાથી એ સેઝ વિશ્વવિખ્યાત બન્યો છે. ફક્ત બે દસકામાં શેનઝેનની વસ્તી ત્રણ લાખથી વધીને ચાલીસ લાખ પર પહોંચી હતી.

ભારતમાં સેઝની રચના પાછળ ક્યા ઉદ્દેશો રહેલા છે તે અર્થઘટનનો પ્રશ્ન છે. સેઝની બાબતમાં જે વૈવિધ્ય સર્જાવાનું છે તે લક્ષમાં રાખીએ તો ઉદ્દેશો નક્કી કરવાનું વધુ મુશ્કેલ બને છે. દેશમાં ન્યૂનતમ ધોરણે 10 હેકટરથી માંડીને 1000 હેકટર સુધીના સેઝ રચવાની મંજૂરી આપવામાં આવે છે. સેઝ દ્વારા દેશના ઔદ્યોગિક વિકાસનો વેગ વધારવાના વ્યાપક ઉદ્દેશને પાર પાડવાની ગણતરી તેની પાછળ છે. સેઝ દ્વારા એ ઉદ્દેશો બે રીતે પાર પાડવાની અપેક્ષા છે.

એક, સમગ્ર દેશમાં કે તેના મોટા ભાગના વિસ્તારોમાં 'વર્લ્ડ ક્લાસ ઇન્ફ્રાસ્ટ્રકચર' પૂરુ પાડવાની ગુંજાશ રાજ્ય ધરાવતું નથી અને ખાનગી સાહસ પણ સમગ્ર દેશમાં એવી સેવાઓ પૂરી પાડે તેવી અપેક્ષા રાખવાની નથી, પરંતુ સેઝમાં એ કામગીરી ખાનગી સાહસ કરી શકે. આ માટે ખાનગી સાહસને કરવેરાના રૂપમાં અને અન્ય માર્ગોએ મોટાં પ્રોત્સાહનો પૂરાં પાડવામાં આવ્યાં છે.

બે, ઉદ્યોગોમાં અપ્રિય થઈ પડેલા કેટલાક કાયદાઓને સુધારવાની રાજકીય હિંમત કોઈ સરકાર દાખવી શકી નથી. મજૂરકાયદાઓ અને પર્યાવરણને લગતા કાયદાઓ તેનાં ઉદાહરણો છે. એ જ રીતે 'પરવાના રાજ' ના અંત પછી પણ ઔદ્યોગિક એકમોને બે ડઝન જેટલી મંજૂરીઓ મેળવવી પડે છે. આ મર્યાદાઓમાંથી બહાર આવવા માટે સેઝનો ઉપયોગ કરવામાં આવનાર છેં. સેઝની રચના માટે ખાનગી કંપનીઓએ જે ઉત્સાહ

દાખવ્યો છે તે સેઝ દ્વારા પૂરાં પાડવામાં આવેલાં પ્રોત્સાહનનું પરિણામ છે કે સેઝમાં ભવિષ્યમાં જમીનના ભાવવધારાની અપેક્ષાથી સર્જાયેલી સટ્ટાની માનસિકતાનું પરિણામ છે તે નક્કી કરવાનું મુશ્કેલ છે. જે મોટી સંખ્યામાં સેઝને મંજૂરી આપવામાં આવી છે (એ આંકડો 550 થી અધિક થવા જાય છે) તેમાં ચારેક લાખ હેક્ટરથી વધુ જમીન સંપાદન કરવી પડશે. તેમાં પાયાની સવલતો વિકસાવવા માટે રૂા. 3,30,000 કરોડથી રૂ. 5,50,000 કરોડનું રોકાણ કરવું પડશે એવો અંદાજ છે. આમાંથી બે પ્રશ્નો ઊભા થાય છે.

એક, જમીન સંપાદનનો પ્રશ્ન દેશમાં અત્યંત વિકટ છે, તે અત્યાર સુધીના મર્યાદિત અનુભવો પરથી સ્પષ્ટ થઈ ગયું છે. આમાં એક બાજુ જમીન પરની માલિકીના કાનૂની અધિકારની સંદિગ્ધતા અને સરકારી તંત્રોનો ભ્રષ્ટાચાર એક અવરોધક પરિબળ છે અને બીજી બાજુ વિસ્થાપિતોના પ્રશ્ને સક્રિય બનેલા સંગઠનોએ જમીન સંપાદનની પ્રક્રિયાને રાજકીય પરિમાણ આપી દીધું છે. પ્રશ્ન માત્ર ખેતી નીચેની જમીન કૃષીતર હેતુ માટે રોકાય તેનો નથી. હકીકતમાં તો પરિમાણાત્મક દૃષ્ટિએ એ પ્રશ્ન તદ્દન ગૌણ છે. સૂચિત સેઝની પાછળ જે જમીન રોકવાનો અંદાજ છે તે દેશમાં વાવેતર નીચેની કુલ જમીનના અડધા ભાગ જેટલી પણ નથી. પ્રશ્ન એ જમીનનો ઉપયોગ કરીને જીવનનિર્વાહ ચલાવતા લોકોનો છે.તેમાં કેવળ ખેડૂતોનો જ સમાવેશ થતો નથી, તેમાં ખેતમજૂરો, પશુપાલકો, વગેરે અન્ય સમૂહોનો પણ સમાવેશ થાય છે. જમીન પર ખાનગી કે વ્યક્તિગત માલિકી નહિ ધરાવતાં પણ તેના આધાર પર જીવનનિર્વાહ ચલાવતાં સમાજનાં આ અત્યંત નબળાં જૂથોના પુનઃવસનનો પ્રશ્ન અત્યંત વિકટ છે. મુદ્દો એ છે કે મજૂરકાયદાઓ અને અન્ય કાયદાઓ સુધારવા જતાં જે રાજકીય પ્રશ્ન ઊભા થાય છે એવો જ પ્રશ્ન જમીન સંપાદનની બાબતમાં પણ ઊભો થાય છે.

બે, બીજો પ્રશ્ન સેઝ માટે મૂડી ઊભી કરવાની ખાનગી ક્ષેત્રની ક્ષમતાને સ્પર્શે છે. સેઝને પાયાની સગવડોની રીતે વિકસાવવાની જવાબદારી એ પ્રોજેક્ટ હાથ ધરનાર કંપનીની રહેવાની છે. આમાં મહત્ત્વનો મુદ્દો એ છે કે સેઝનો અપેક્ષિત વિકાસ થાય ત્યારે જ અન્ય ઉત્પાદક એકમો ત્યાં આવવા પ્રેરાય અને એ પછી જ સેઝની સ્થાપક કંપની તેનાં રોકાણો પર વળતરની અપેક્ષા રાખી શકે. જમીન માટે રોકાણ કરવામાં ત્યારથી શરૂ કરીને આ સમયગાળો આઠથી દસ વર્ષનો હોઈ શકે. આ લાંબા ગાળા દરમિયાન કંપનીને સેઝમાં મૂડી રોકી રાખવી પડે. ઉપર નોંધ્યું છે તેમ, સેઝની સ્થાપના માટે મોટા પાયા પર મૂડીરાકાણ કરવું પડે તેમ છે. આ મૂડી સેઝની સ્થાપક કંપની કયા માર્ગોએ ઊભી કરી શકશે એ પ્રશ્ન છે. દુનિયાના અન્ય દેશોમાં સફળ નીવડેલા કેટલાક સેઝમાં પ્રારંભમાં પાયાની સવલતોમાં મૂડીરાકાણ રાજ્ય દ્વારા કરવામાં આવ્યું હતું. સેઝ સફળ થવાના ચોક્કસ સંકેતો સાંપડે એ પછી ખાનગી સાહસની પાયાની સગવડોમાં રોકાણ કરવા આગળ આવે છે. ભારતમાં સેઝની જે કલ્પના કરવામાં આવી છે તેમાં પાયાની સવલતોમાં વિકાસની જવાબદારી મહદ્અંશે ખાનગી સાહસે ઉપાડવાની છે. આ પ્રયોગમાં ખાનગી સાહસ કેટલે અંશે સફળ નીવડશે તે પ્રશ્ન છે. જમીનના અપેક્ષિત ભાવવધારાના લાભથી પ્રેરાઈને સેઝ રચવા માટે ખાનગી કંપનીઓ આગળ આવી હોય તે શક્ય છે. પરંતુ સેઝ માટે સંપાદિત કરવામાં આવનાર જમીનના લગભગ 45 % જેટલી જમીન વેચીને (ભાડે આપીને) નાણાં ઊભા કરી શકાય તેમ નથી એવી જોગવાઈઓ જોતાં જમીનના ભાવ બમણાં થાય એ પછી જ તેના પર વળતરની અપેક્ષા રાખવાની છે.

સેઝ અંગે વિવાદાસ્પદ બનેલા કેટલાક મુદ્દાઓનો ઉલ્લેખ ઉપરની ચર્ચામાં થઈ ગયો છે. કેટલાક અન્ય મુદ્દાઓ સંક્ષેપમાં મૂકીએ.

1. સેઝ માટેની જે દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી છે તે પૈકી 50 % જેટલી દરખાસ્તો માહિતી ટેકનોલોજી માટેની છે. આ હકીકતમાંથી બે બાબતો ફલિત થાય છે. એક, માહિતી ટેકનોલોજી માટેના એકમો માટે ઝાઝી પાયાની સવલતો સર્જવી પડતી નથી. તેથી મોટી સંખ્યામાં સેઝ રચાવાથી દેશમાં ખાનગી સાહસ

દ્વારા પાયાની સવલતો વિકસાવવાનો પ્રમુખ ઉદ્દેસ કેટલે અંશે પાર પડશે તેવો પ્રશ્ન ઉદ્ભવે છે.

બીજું, માહિતી ટેકનોલોજી ઉદ્યોગો સેઝની રચના માટે જે ઉત્સાહ દાખવ્યો છે તેની પાછળની ગણતરી કંપની વેરામાં આજે મળી રહેલી રાહતોને લાંબા સમય સુધી લંબાવવાની છે. આમાંથી એવું ફલિત થાય છે કે દેશના અન્ય વિસ્તારોમાં કરવેરા અને અન્ય જે લાભો મળતા નથી તે મેળવવા માટે ઉત્પાદન પ્રવૃત્તિઓ દેશના અન્ય વિસ્તારોને ભોગે સેઝમં કેન્દ્રીત થશે. મતલબ કે દેશના અન્ય વિસ્તારોના ભોગે સેઝનો વિકાસ થશે. આ માર્ગે દેશના વિકાસ પ્રાદેશિક રીતે કેન્દ્રિત થાય તે કેટલું ઇચ્છનીય છે તે તપાસવું પડે.

2. આના સંદર્ભમાં કરવેરાની ગુમાવવી પડનાર આવક અંગે નાણાં ખાતા અને વેપાર ખાતા વચ્ચેના મતભેદને તપાસવાનો છે. એને અંગે જે મોટા આંકડાના અંદાજો મૂકવામાં આવ્યા છે તેને ટાંકવાની જરૂર નથી, પરંતુ સેઝમાં સરકારને કરવેરાની જે આવક જતી કરવી પડશે તેની સામે દેશનાં અન્ય વિસ્તારોમાં વિસ્તરનારી ઉત્પાદન પ્રવૃત્તિઓથી સરકારને કરવેરાની વધુ આવક સાંપડશે એવો દાવો કેટલો સાચો સાબિત થશે તે પ્રશ્ન છે.

3. સેઝ અંગે જે મોટી આશંકા પ્રવર્તે છે તે સેઝ માટેની સંપાદિત જમીન અને તેની સટ્ટાખોરી અંગે છે. સેઝની સફળતાના પગલે સેઝ વિસ્તારમાં જમીનના ભાવોમાં જે મોટો વધારો થાય તેનો લાભ લેવા માટે ખાનગી કંપનીઓ અને રાજકારણીઓ આગળ આવ્યા છે એ ટીકામાં ઘણું તથ્ય છે. આમાંથી ઊભો થતો પ્રશ્ન આ છે. જેઓ કેવળ જમીન અને સટ્ટાખોરીથી પ્રેરાઈને સેઝ રચવા આગળ આવ્યા છે તેઓ સેઝને વિકસાવવાની વૃત્તિ અને ક્ષમતા દાખવી શકશે ? આમાં બે શક્યતાઓ છે એક જેઓ કેવળ જમીનના સટ્ટા માટે સેઝ રચવા પ્રેરાયા હોય અને તેને વિકસાવવાની આવડત તથા નાણાકીય ગુંજાશ ધરાવતા ન હોય તેઓ સેઝને વિકસાવવામાં સફળ ન નીવડે એ શક્ય છે. આમાં સેઝનું સ્થાન (location) પણ નિર્ણાયક નીવડી શકે.

બીજી શક્યતા એટલી જ મહત્ત્વની છે. જેણે સેઝની જમીન ખરીદવામાં નાણાં રોક્યાં હોય તેઓનું હિત સેઝ વિકસે અને જમીનના ભાવ વધે તેમાં રહેલું છે. તેઓ સેઝને વિકસાવવાના બધા પ્રયાસો કરી છૂટે એ સહજ છે. આમ સટ્ટાનો હેતુ સેઝને વિકસાવવા માટે મોટું પ્રેરક બળ બની શકે. સેઝની સફળતા માટે આમ નિશ્ચિતરૂપે આપણે કશું કહી શકીએ નહિ.

4. છેલ્લો મુદ્દો સેઝ દ્વારા આર્થિક નીતિઓની બાબતમાં સર્જનારા ભેદભાવને સ્પર્શે છે. દેશના જ નાગરિકો માટે દેશની ધરતી પર જ કરવેરા અને અન્ય બાબતોમાં મોટો ભેદભાવ સર્જતું પગલું કેટલે અંશે ન્યાયી ગણાય તે પ્રશ્ન છે. પ્રાદેશિક અસમાનતા ઘટાડવાના આપણા સ્વીકૃત ઉદ્દેશ સાથે પ્રાદેશિક અસમાનતા સર્જવાની ભારે ક્ષમતા ધરાવતા સેઝ કેટલે અંશે સુસંગત થશે તે વિચારવાનું છે.

# યક્ષપ્રશ્ન ઇતિહાસનાં નિરૂપણનો

◆

ડૉ. રસેશ જમીનદાર

## અડધી સદી દરમ્યાન ઇતિહાસનો અભિગમ

અઠ્ઠાવન વર્ષ થયાં આપણને આઝાદી પ્રાપ્ત કર્યે અને પંચાવન વર્ષ થયાં આપણને પ્રજાસત્તાકની પ્રાપ્તિનાં, પણ દુર્ભાગ્યે કોણ જાણે કેમ છેલ્લાં કેટલાંક વર્ષથી સમાચાર માધ્યમોમાં અને રાજકારણીય લેખાંજોખાંમાં આપણા રાષ્ટ્રના ઇતિહાસના નિરૂપણના અભિગમ પરત્વે ચર્ચાવિવાદના સમાચાર પ્રગટતા રહ્યા છે. પરંતુ રાજકીય કંઠીધારી અને રાજકારણના દીક્ષાર્થી ઇતિહાસ લેખકોએ (કેમ કે એમને ઇતિહાસવિદો કહેવા એ અપમાનજનક ગણાય તેથી) આપણા રાષ્ટ્રના ઇતિહાસને રાજકીય રંગથી આલેખ્યા છે; ખાસ તો, બ્રિટિશ નજરે અને સામ્યવાદી અભિગમથી. હા, આ વિવાદ ચર્ચા (જેમાં સંવાદને કોઈ મૂલ્યસ્થાન નથી) એટલા વાસ્તે થઈ નથી જ કે આપણા ભૂતકાળ વિશે સારી સમજણ પ્રજાસત્તાક ભારતમાં, કહો કે પ્રજાસમસ્તમાં વ્યાપક બને તેના પ્રયત્ન-પ્રચાર સ્વરૂપે; નહીં કે એક પરિપક્વ દીર્ઘકાલીન, કહો કે ચિરંજીવ સંસ્કૃતિ તરીકે એનાં વલણ-વર્તન બાબતે; નહીં કે પ્રાપ્ત થતાં જતાં વિશિષ્ટ અને અભિનવ જ્ઞાપકોને વિકસતા પરિપ્રેક્ષ્યમાં સાંકળવા કાજે; પરંતુ ખાસ કરીને સનસનાટીયુક્ત કારણો અને વાદવિવાદાર્થે તથા રાજકીય મતમતાંતરોના સંદર્ભે, જેના ફળસ્વરૂપે કેવળ અને કેવળ ગૂંચવાડા કે કોલાહલ થતા રહ્યા અને ઇતિહાસી હકીકતો રદ થતી રહી, અર્થઘટન રાજકીય પરિપ્રેક્ષ્યમાં થતાં રહ્યાં અને વિદ્યાર્થીઓ ભ્રામક ઇતિહાસથી ભરમાતા રહ્યા. પરિણામે રાજકીય વિચારધારા, ઇતિહાસલેખનના કેન્દ્રસ્થાને ઘૂસી ગઈ અને વિશુદ્ધ સમજણ, અલબત્ત ઇતિહાસની, એની આંગળી પકડી બહાર ધકેલાઈ ગઈ. સરવાળે આપણી પ્રજા આ વિવાદના વમળમાં આબાદ ફસાઈ ગઈ અને જ્યાં સુધી ઇતિહાસના શિક્ષણમાં રાજકીય ઘાલમેલ થતી રહેશે અને તેનાં લેખન-આલેખન રાજકીય સંદર્ભથી થતાં રહેશે ત્યાં સુધી રાષ્ટ્રનો વિશુદ્ધ ઇતિહાસ વિદ્યાર્થીઓથી જોજન દૂર રહેશે. વીસમી અને એકવીસમી સદીને સાંકળતાં અંત-આરંભનાં થોડાંક વર્ષ બાદ કરતાં, આપણા દેશનો ઇતિહાસ લગભગ અડધી સદી સુધી સામ્યવાદી વિચારસરણીથી યુક્ત અને યુરોપીય અભિગમથી સભર લખાતો રહેલો. છેલ્લાં થોડાંક વર્ષથી આ ઝોક પુનશ્ચ જોરશોરથી આગલી હરોળની બેઠકમાં બીરાજમાન છે. ત્યારે કેટલાક યક્ષપ્રશ્ન ઇતિહાસ-લેખન સંદર્ભે પ્રજાજોગ કરવા-ગણવા હિતાવહ લેખાશે; અલબત્ત કોઈ પણ રાજકીય કંઠી-ગ્રંથિથી મુક્ત રહીને.

## વિચાર વિશ્વસ્તરનો, આચાર સ્વયમ્‌નો

સાર્વભૌમત્વ એવા આપણા રાષ્ટ્રમાં શિક્ષણની પદ્ધતિ, કહો કે તરાહ, આપણા રાષ્ટ્રના બૌદ્ધિક પર્યાવરણને અનુકૂળ હોય તેવી અને આપણાં સાંસ્કારિક-સાંસ્કૃતિક પરંપરાના પરિપ્રેક્ષ્યથી મંડિત હોય તેવી

એટલે કે સહુને ઉત્થાનના માર્ગે લઈ જાય તેવી હોવી જોઈએ. ખાસ તો, ઇતિહાસલેખનના અભિગમ પ્રત્વે શંકા-વિવાદને સ્થાન હોવાં જોઈએ નહીં. કહેવાનું તાત્પર્ય એ છે કે ઇતિહાસ અને જ્ઞાનવિજ્ઞાનના વિષયને શીખવવાનો અભિગમ આપણી પોતીકી પરંપરાને અનુસરતો અને રાષ્ટ્રની અસ્મિતાને ઊજમાળતો-સમજાવતો - પુષ્ટ કરતો હોવો જોઈએ. આ સંદર્ભે અહીં એ બાબત ધ્યાનયોગ હોવી જરૂરી છે કે જેમનાં આપણે આંધળાં અનુકરણ અંકે કર્યાં છે, કહો કે આપણા રક્તમાંસમાં ભળી ગયાં છે, અથવા હજીયે ચાલુ રાખ્યાં છે તે હેરોડોટ્સ, કોલિંગવુડ કે ટોયન્બી જેવા વિશ્વખ્યાત ઇતિહાસવિદોએ જેમ પોતાની પરંપરાના મૂળ સ્રોતને અને મૂળગત જ્ઞાપકોને જ મજબૂત રાખીને, દૃઢતાથી, સક્ષમતાથી વળગી રહીને તથા એની જ બુનિયાદનો વિનિયોગ કરીને, ફક્ત અન્ય દેશનાં કેટલાંક જ દૃષ્ટિબિંદુને જરૂર જણાયે સ્વીકાર્યાં છે તેમ આપણે આપણા રાષ્ટ્રના ઇતિહાસને નિરૂપતી વેળાએ કરવું જોઈએ. અને આમ કરતાં આપણને કોણ રોકે છે ? એટલે કે આપણે જો ખરેખર અનુકરણના અભિગમને માર્ગે જવું જ હોય તો યુરોપીય ઇતિહાસલેખકોની પદ્ધતિએ જવામાં શો વાંધો હોઈ શકે ? અર્થાત્ આપણે આપણાં સાધનોની પરંપરાને સુદૃઢ રાખીને,આપણા સ્વયમ્‌ના અભિગમને મજબૂત રાખીને, પછી જ જરૂર જણાય ત્યાં અન્ય રાષ્ટ્રનાં દૃષ્ટિબિંદુ સ્વીકારીએ. અને તો જ આપણી વિચારધારા દૃઢશ્રદ્ધ થશે. કહેવું તો સ્પષ્ટતાથી એ છે કે જેમ પશ્ચિમના, ખાસ તો જેમનું આંધળું અનુકરણ કરીએ છીએ તે યુરોપીય તજ્જ્ઞોએ પોતાની પરંપરા, પોતાનાં સાધનો અને પોતાના અનુભવો વિશે જ ધ્યાન કેન્દ્રિત કર્યું છે તેમ આપણે પણ આપણાં જ્ઞાપકોનો તથા આપણી સાંસ્કૃતિક પરંપરાઓનો આપણા અભિગમથી અને આપણી સાંસ્કૃતિક વિચારધારાથી વિનિયોગ કરવો જોઈએ એ જ શ્રેયાર્થી માર્ગ છે, વૈશ્વિક અભિગમ છે અને તેમ કરતાં વિશ્વસમસ્તમાં વિકસેલી અને શાશ્વત ઉત્તમ પ્રકારની અન્વેષણ પદ્ધતિ યથાવકાશે અખત્યાર કરવી જોઈએ. એટલું જ કહેવું જરૂરી છે કે વિચારો વિશ્વ ક્ષિતિજે, પણ આચરો ઘર આંગણે.

## ઇતિહાસશિક્ષણનો અભિગમ

હા, આ રીતે, સ્વાનુભવના પથ પર પ્રસ્થાન કરવામાં કે સ્વકીય પરંપરા કે દેશસ્થ સ્રોતની પકડ મજબૂત બનાવવામાં આવશ્યક શરત એ છે કે આપણાં પોતાનાં ભાષા-સાહિત્ય-લિપિ તથા સંસ્કાર-સંસ્કૃતિ -સ્મૃતિનાં પ્રગાઢ જ્ઞાન તથા તલસ્પર્શી અન્વેષણ આપણને આત્મસાત્ થયેલાં હોવાં અનિવાર્ય છે. માત્ર ઉપરચોટિયાં ભાષાંતરથી કે ઉતારાથી નબળી ગુણવત્તાવાળાં કાર્ય થાય છે તેની નોંધ અહીં લેવાની જરૂર છે. આપણે એવા ભ્રમથી સવેળા મુક્ત થવું જોઈએ કે આપણે અનુકરણ દ્વારા પશ્ચિમની મદદથી આધુનિક જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. એટલે આપણા અનુભવથી અને આપણાં જ્ઞાપકોથી આપણે સુપરિચિત હોવા જોઈએ અને એના વિનિયોગથી લેખન થતાં રહે તો તે માનાર્હ થાય તેમ મૌલિક પણ બની રહે.

આ ભૂમિકા સંદર્ભે સવાલ એ ઉદ્‌ભવે છે કે ઇતિહાસનાં શિક્ષણ શા વાસ્તે જરૂરી છે ? પ્રશ્ન ખૂબ જ યથાર્થ અને સમયોચિત છે. ઇતિહાસનાં શિક્ષણ અને સમજ આપણા સારુ સંસ્કાર અને સંસ્કૃતિને તથા તેના વૈભવી વારસાને અને ખાસ તો આપણને સ્વયમ્‌ને પારદર્શક સમજવા કાજે વાતાયનની સુવિધા બક્ષે છે.એટલે કહેવાનું એ છે કે માનવી માનવ તરીકે કેવી રીતે આવિર્ભાવ પામે છે તે સમજવા વાસ્તે ઇતિહાસનાં શિક્ષણ આવશ્યક છે. આ દૃષ્ટિએ ક્રાન્તદર્શી રવીન્દ્રનાથ ઠાકુરનું વાક્ય ખૂબ જ ધ્યાનાર્હ છે – There is only one history, the History of Man. પણ આ માટે અભ્યાસક્રમ આ ભાવનાને અનુરૂપ તૈયાર થવો જોઈએ, પાઠ્યપુસ્તક તે દૃષ્ટિએ લખાયેલાં હોવાં જોઈએ અને સહુથી વિશેષ આ બંને બાબતને વિદ્યાર્થી પ્રત્યક્ષ કરી શકે તેવા શિક્ષક હોવા જોઈએ. હા, જો કેવળ ગુણ પ્રાપ્ત કરવા કાજે જ ઇતિહાસનો અભ્યાસ કરવાનો હોય તો બહેતર છે કે એક વિષય તરીકે એની બાદબાકી થવી જોઈએ. એટલું અવશ્ય

ધ્યાનમાં રહેવું જોઈએ કે ઇતિહાસ તવારીખો, યુદ્ધો, રાજાઓ, સંધિઓ અને રક્તપાતમાં સીમિત રહેતો નથી. એનો એ સ્વભાવ નથી. આપણા રાષ્ટ્રનો ઇતિહાસ તો આવા સીમાડાઓથી પર છે. હકીકતમાં આપણી પ્રજાનાં સંસ્કાર-સંસ્કૃતિ કે પરંપરાને લોકપ્રત્યક્ષ કરવાનો અભિગમ ઇતિહાસનો છે. આપણા રાષ્ટ્રે અનેક અવરોધ વચ્ચે, કેટલાંક આક્રમણ સામે, તથાકથિત આપત્કાલ સમયે કેવી રીતે પ્રગતિના પંથ કંડાર્યા, કઈ નવી પરિસ્થિતિ અંકે કરી, ક્યા સંઘર્ષને સહ્યા અને છતાંય સમન્વયી રસાયણથી પોતાને અંકબંધ રાખી અન્યોને શ્રેય અને પ્રેય બનાવ્યા તેવો હોય ઇતિહાસશિક્ષણનો દૃષ્ટિકોણ. કહેવું હોય તો What makes India India.

## ઇતિહાસનો અભ્યાસક્રમ

ઉપલબ્ધ જ્ઞાપકોનાં અવલોકનથી આપણે સ્પષ્ટતઃ અવગત થવા જોઈએ કે આપણી રાષ્ટ્રીય સંસ્કૃતિ ખસૂસ ખુલ્લી કિતાબ જેવી છે. વાંસોવાંસ વિશ્વના અન્ય ભૂભાગની સંસ્કૃતિથી આપણે પરિચિત છીએ તેનાથી ભિન્ન આપણી સંસ્કૃતિ છે. આપણાં સંસ્કાર અને સંસ્કૃતિનાં મૂલ્યને આપણે અલગ ધોરણથી મૂલવવાં જરૂરી છે. યુદ્ધો અને આક્રમણો, ઉદય અને પતન, રાજ્યોનાં અને સામ્રાજ્યનાં, રાજકીય વિચારધારા અને સંલગ્નિત સંસ્થાઓના અભ્યુદય જેવા મુદ્દાઓને આપણા અભ્યાસક્રમના પ્રમુખપાઠ તરીકે ધ્યાનયોગ્ય ગણવાની જરૂર નથી; બલકે આ મુદ્દાઓને ગૌણ મહત્ત્વ બક્ષવાની જરૂર છે. આથી, વિપરીત તત્ત્વજ્ઞાન, ધર્મ, અધ્યાત્મ, કલાવિજ્ઞાન, શિક્ષણ-સાહિત્ય, સામાજિક અને નૈતિક વિચારોના વિકાસ, ઉપરાંત વિશ્વની સંસ્કૃતિને એનાં મહાયોગદાન તથા આપણા રાષ્ટ્રના આધ્યાત્મિક જીવનના સુચારુ અને લાક્ષણિકતાને ઉજાગર કરે તેવા માનવીય આદર્શ અને તદર્થ સંસ્થાઓની સર્વગ્રાહી અભ્યુદયી બાબતોનો સમાવેશ ઇતિહાસના અભ્યાસક્રમમાં થવો જોઈએ. આપણા મૂર્ધન્ય ઇતિહાસવિદ પ્રાધ્યાપક રમેશચંદ્ર મજુમદારે આ મુદ્દાની જિકર વિશિષ્ટ પરિપ્રેક્ષ્યથી એમનાં લખાણમાં કરી છે.

## રવીન્દ્રનાથ ઠાકુરની ઇતિદૃષ્ટિ

આપણા દેશ અને આપણા રાષ્ટ્રીય ઇતિહાસ બાબતે મનીષી રવીન્દ્રનાથ ઠાકુરના વિચાર જરૂરી પરિપ્રેક્ષ્યમાં પ્રજાગત થયા નથી. એમણે, 'ધ હિસ્ટરી ઑફ ભારતવર્ષ'માં આ વિશે ધ્યાનાર્હ પણ બીજભૂત પૃથક્કરણ કર્યું છે. આપણા દેશના ઇતિહાસનો જે અભ્યાસ આપણે કરીએ છીએ અને પરીક્ષા વાસ્તે જે ઘટનાઓ ગોખીએ છીએ તે તો કેવળ આપણા દેશનો દુઃસ્વપ્નીય અહેવાલ છે. કેટલાક લોકો ક્યાંકથી, કહો કે વિદેશથી, આપણે ત્યાં આવ્યા અને સર્વત્ર અંધાધૂંધી-અરાજકતાને છૂટો દોર હાથવગો થયો. સરવાળે, હુમલા અને પ્રતિહુમલા, મારામારી અને રક્તપાતને મોકળું મેદાન મળ્યું. જો આપણા દેશને આપણે આ દૃષ્ટિ અવલોકીએ, સ્વપ્નીય દૃશ્યોમાંથી પસાર થઈએ, લાલ ચક્ષુથી જોઈએ તો હકીકતી ભારતવર્ષનો ક્યારેય સાચો ખ્યાલ આપણને થશે નહીં. આપણા દેશના લોકો ક્યાં હતા, કેવા હતા જેવા યક્ષપ્રશ્નના ઉત્તર પ્રવર્તમાન ઇતિગ્રંથોથી હાથવગા થશે નહીં. આપણા રાષ્ટ્ર સાથેનો આપણો પારદર્શક અવિનાભાવિ સંબંધ તો આવાં પાઠ્યપુસ્તકોથી બહાર જોવો પ્રાપ્ત થાય છે. આવા સમન્વયી સંબંધોનો દીર્ઘયુગી ઇતિહાસ જો આપણે ગુમાવી દઈશું તો આપણા આત્માનો આધારેય ગુમાવી દઈશું. હકીકતમાં, છેવટે તો આપણે, નીંદામણ કરી શકીએ તેવા, નકામા ઘાસ જેવા તો નથી જ નથી. આપણા રાષ્ટ્રના આત્માને સંવર્ધતાં મૂળિયાં તો હજારો વર્ષથી જમીનગત રહેલાં છે. પરન્તુ દુર્ભાગ્યે આપણને એવા ઇતિહાસ શીખવા વાસ્તે મજબૂત કર્યા છે જેથી આપણાં બાળકો પ્રસ્તુત હકીકતને, કહો કે પોતીકી બુનિયાદને, ભૂલી જાય; જાણે કે આપણે આપણા જ દેશમાં નગણ્ય છીએ.

## અન્ય મનીષીનાં પ્રદાન

આ પ્રકારની વિભાવના આમ તો આપણી પરંપરામાં અનુસ્યૂત છે જ. સ્વામી વિવેકાનંદ, મહર્ષિ અરવિંદ જેવા મનીષીઓએ આ પરંપરાને ઉજાળી છે, જેને મહાત્મા ગાંધીજીએ પ્રજાગત કરવામાં મોટું યોગદાન બક્ષ્યું છે. 'ફાઉન્ડેશન ઑફ ઇન્ડિયન કલ્ચર'માં આ વિભાવના વિગતથી વ્યાપ્ત છે. આ પરંપરામાં સિસ્ટર નિવેદિતા, આનંદકુમાર સ્વામી, કનૈયાલાલ માણેકલાલ મુનશી જેવા ધ્યાનાર્હ અધ્યેતાઓએ આપણી સંસ્કૃતિને સૂત્રતાથી બાંધી છે. આમાં સહુથી મોટું યોગદાન આપણને અંકે કરી આપ્યું છે આપણા રાષ્ટ્રના ઋષિઓએ, સંતોએ, અધ્યાત્મવાદીઓએ અને વીરજનોએ. આ બધાના પ્રદાનની માહિતી આપણને ઉપલબ્ધ કરી આપી છે સહજાનંદ પરંપરાના સત્સંગી સાધુ મુકુન્દચરણદાસે એમના સુંદર અંગ્રેજી ગ્રંથ 'ઋષિઝ, મીસ્ટિક્સ ઍન્ડ હીરોઝ ઑફ ઇન્ડિયા' (ગ્રંથ ૧) નામના પુસ્તકમાં. એમણે ચુંવાળીસ મહામનીષીનાં ચરિત્રચિત્રણ દ્વારા એ સહુએ કરેલાં સાંસ્કૃતિક યોગદાનને સુલભ કરી આપ્યાં છે.

## માર્ક્સવાદી ઇતિહાસલેખકોનાં ખોટાં અવલોકન

તો ઊલટ પક્ષે જેને આપણા તથાકથિત માર્ક્સવાદી ઇતિહાસ લેખકો તરીકે ઓળખીએ છીએ અને જેમના ઉપર સંસ્થાનવાદી ઇતિહાસલેખકોની ભારે અસર વર્તાય છે અને જેમણે આર્થિક-સામાજિક ક્ષેત્રે કરેલાં વિધાન કદાચ જ કિંમતી હોય તો પણ આપણી તળભૂમિને અનુકૂળ તેમ યોગ્ય નથી જ. કેટલાંક મુખ્ય લક્ષણ આમ છે : આપણાં અધ્યાત્મવિદ્યા અને ધર્મની કોઈ કિંમત નથી, બલકે જીવવાદ (animism) અને બૂત પરસ્તી (idolatry)નાં લેબલથી વગોવ્યાં છે. એમનો અભિગમ ભૌતિકવાદનો રહ્યો છે અને માનવીની સામાજિક અને આર્થિક વ્યાખ્યા કરી છે. આપણાં સંસ્કાર અને સંસ્કૃતિની જે આગવી ઓળખ છે, જે ભાતીગળ તાસીર છે અને જે સાતત્યથી (કહો કે શાશ્વતતાથી) સભર રીતે રસાયેલાં છે તેનો તેઓ સ્વીકાર કરતા નથી. આપણા સમાજને એમણે અકુદરતી રીતે વિભાજ્યો છે અને આર્ય-અનાર્યના સંઘર્ષને વિશેષભાવે નિરૂપ્યો છે. તેમણે આપણી વિવિધતાને વાગોળી છે, પણ એકતાના તાણાવાણાનો છેદ ઉડાડ્યો છે. આપણી જ્ઞાતિપ્રથાને એમણે વગોવી છે. બધી સામાજિક અને ધાર્મિક ઘટનાને એમણે જ્ઞાતિના ચોકઠામાં અર્થઘટિત કરી છે. હિન્દુધર્મને એમણે બ્રાહ્મણવાદ તરીકે ખતવ્યો છે, અને આપણા સમાજના બધા સ્તરવિશેષમાં પ્રવર્તી રહેલા સતત શાંતિપૂર્ણ અને મૂળભૂત આંતરકાર્યની અવગણના કરી છે, અવહેલના કરી છે. આદિવાસી પ્રજાઓના યોગદાનને ધ્યાનયોગ્ય ગણ્યું નથી. વિજ્ઞાન, પ્રવિધિવિજ્ઞાન, અધ્યાત્મવિદ્યા, ધર્મ, કલા, સાહિત્ય, લિપિ અને એવાં અન્ય ક્ષેત્રમાં આપણી સંસ્કૃતિએ વિશ્વસંસ્કૃતિને પ્રદત્ત કરેલી અને વિશ્વસમસ્તે અંકે કરેલાં સિદ્ધિ અને યોગદાનને સહજતાથી અને સમજપૂર્વક એમણે શક્યતઃ અવગણી છે; કહો કે એ પરત્વે એમણે નગણ્ય ઝોક દર્શાવ્યો છે. આપણા સમાજની ક્ષતિઓ અને ત્રુટિઓને સૂક્ષ્મદર્શકયંત્રની આંખે એમણે વિરાટરૂપે વર્ણવી છે. એટલું જ નહીં શામવંશોત્પન્ન (semitic) ધર્મો અને સમાજોને નજાકત રીતે વર્ણવી છે. આપણા દેશના ઇતિહાસને એમણે અકુદરતી (દા.ત. અસંસ્કારી, સામંતી, વર્ગસંઘર્ષ જેવી) પરિભાષાથી દબાવી દીધો છે, વિકૃત રીતે નિરૂપ્યો છે. પરિણામે, 'ભારતીય ઇતિહાસ'ને 'અભારતીય' દૃષ્ટિથી અવલોક્યો છે (de-Indianized view of Indian history). – આમ તો માર્ક્સવાદી ઇતિહાસલેખકોનું આપણા દેશના ઇતિહાસ વિશેનું આવું એકાંગી દર્શન-પાર્શ્વદર્શન વિશેષભાવથી અંકે કરવા જેવું નથી; બલકે સંસ્થાનવાદી નજરે કરેલું એ ખોટું અર્થઘટન, કહો કે નિરૂપણ છે એમ જ કહેવું રહ્યું.

## આપણી સંસ્કૃતિની ભાતીગળ વિશેષતા

હકીકતમાં આપણા રાષ્ટ્રીય ઇતિહાસની, આપણાં રાષ્ટ્રીય ચારિત્ર્યની, આપણા સંસ્કારની અને

સંસ્કૃતિની ધ્યાનાર્હ ખૂબીઓ આપણે નજરઅંદાજ કરવી જોઈએ નહીં, ક્યારેય નહીં, બલકે એ તરફ વિશેષભાવે તસવીરી નજર હંમેશાં કરવી રહી. આપણાં સંસ્કૃતિ અને ઇતિહાસનાં પરંપરા અને પુરાવસ્તુઓનાં અવલોકનથી સહજ રીતે ઉદ્ભૂત થતી બાબતો આ મુજબ છે : ૧. આપણી સંસ્કૃતિ ઘણી પૂર્વકાલીન છે, દીર્ઘકાલીન છે. કહો કે પૂર્વકાલીનતા (ancientness) એનું મુખ્ય લક્ષણ છે અને દીર્ઘકાલીનતા એની વિશેષતા છે. ૨. આપણી સંસ્કૃતિ જીવંત છે, મૌલિક છે અને સમૃદ્ધ તથા સંપન્ન છે. ૩. તે શાશ્વત છે, અખંડ છે અને સાતત્યપૂર્ણ છે. ૪. એની બુનિયાદ આધ્યાત્મિક છે. ૫. સર્વદેશીય સર્જનાત્મકપણું (allround creativity) એણે અંકે કરેલું છે. ૬. શાંતિ અને સહનશક્તિની એ સંસ્કૃતિ છે. ૭. લોકશાહી પરંપરા એના રક્તમાંસમાં સભર છે. ૮. અન્ય સાથે શાંતિપૂર્ણ સહયોગ, સમન્વય કે આંતરકાર્ય આપણી સંસ્કૃતિનું પરમ ધ્યેય છે. ૯. અસરકારક કે આશ્ચર્યકારક કે ધ્યાનાર્હ વિવિધતાથી ભરપૂર એવી આ સંસ્કૃતિ ભાતીગળ છે. આપણી સંસ્કૃતિ ધર્મપ્રધાન છે તેમ તાત્ત્વિક અને સ્વસ્થ છે. ૧૦. આપણી સંસ્કૃતિ જીવનધારક છે. અલબત્ત, આ બધી લાક્ષણિકતા વાંસોવાંસ કેટલીક નબળાઈ પણ નોંધપાત્ર છે : ૧. તે સ્વયમ્ આત્મસંતોષી છે, તેમ આપવડાઈથી સભર છે (Self-complacence and egoistic). જો કે ઉભય સાથે સમાધાનકારી-સમન્વયકારી વૃત્તિ-દષ્ટિ પણ અંકે કરેલી છે. ૨. બોધ કે ઉપદેશ તથા આચરણ વચ્ચે ઊંડી ખાઈનો માહોલ રહ્યો છે. ૩. મનોદશા સંકીર્ણ અને જડ છે. ૪. સામાજિક દૂષણો જળોની જેમ વળગેલાં છે. ૫. પરિવર્તનને સ્થાને સ્થગિતપણાનું પલ્લું ભારે છે.

## ઇતિહાસનાં શિક્ષણને અર્થપૂર્ણ કેવી રીતે બનાવશો ?

પ્રસ્તુત લાક્ષણિકતા અને નબળાઈ વિશે આપણે અવગત હોઈ એ વિશે વિગતો દર્શાવવી જરૂરી જણાતી નથી. પરન્તુ અગાઉ નિર્દિષ્ટ સ્વામિ વિવેકાનંદ અને મહર્ષિ અરવિંદના દૃષ્ટિકોણથી એક બાબતનો પ્રત્યય થાય છે કે વર્તમાન ઇતિહાસનું કોઈ સ્તરનું પાઠ્યપુસ્તક અવલોકવાથી ભળતા ભારતની તસવીર હાથવગી થશે; કહો અખંડ ભારતને સ્થાને અવ્યવસ્થિત, અસંગત અને ખંડિત ભારતનો અહેસાસ થશે. આ બધાં પાઠ્યપુસ્તકમાં આપણી સંસ્કૃતિનો વિશુદ્ધ માહોલ અને એની એક સૂત્રતાના તાણાવાણા જોવા પ્રાપ્ત થશે નહીં તેમ જ આપણા દેશની સાચી ભારતીયતા કે આપણા રાષ્ટ્રની સાચી અર્થપૂર્ણ ઓળખની તાસીરેય મળશે નહીં. વિવિધતામાં એકતાના તાણાવાણા સુઘટ્ટ જોવા તો મળશે નહીં પણ તે તૂટેલા અને વિખરાયેલા જોવા મળશે. ભૂતકાળની વૈભવી વિરાસતથી સભર ઓળખ, વર્તમાનમાં એની વ્યપકતાથી લાભ અને ભાવિના ગર્ભમાં રહેલી સુપ્તશક્તિની સમજણ પ્રાપ્ત થશે કેવળ અને કેવળ રાષ્ટ્રીય કેળવણીના પારદર્શક અમલીકરણથી. વર્તમાન શિક્ષણની ભાડૂતી પ્રથા જે છે તેથી આ પરિસ્થિતિ શક્ય નથી. આ ભાડૂતી પ્રથા તો ખોટા આદર્શ ઉપર મંડિત છે અને સંકુચિત મનોદશાને પોષક છે. કેવળ તવારીખબદ્ધ અભ્યાસક્રમના અમલથી આમ થવું શક્ય નથી. આપણી લાક્ષણિકતા અને પરંપરાના હાર્દને ઓળખવો અને સમજવો એ સમયનો તકાજો છે. કેવળ વર્ગખંડની ચાર દીવાલમાં અપાતા શિક્ષણથી ઇતિહાસને સમજવો મુશ્કેલ છે. આ વાસ્તે તો વિદ્યાર્થીઓને ચાર દિશા અન્તર્ગત વિહાર કરાવવાની જરૂર છે. આ સારુ ઇતિહાસી સ્થળવિશેષ, ઐતિહાસિક સ્મારકવિશેષ, સંગ્રહાલયો, પુરાવસ્તુકીય સ્થાનકોની પ્રત્યક્ષ મુલાકાતે વિદ્યાર્થીઓને લઈ જવા એ સમયનો તકાજો છે. દૃશ્ય-શ્રાવ્ય ઉપકરણોની સહાયથી ઇતિહાસની વિગતો વિદ્યાર્થી પ્રત્યક્ષ કરવાની જરૂર છે. વિવિધ પ્રકારના નક્શાઓના વિનિયોગથી-ઉપયોગથી વર્ગખંડના વાતાવરણને જીવંત કરવાની જરૂર છે. શક્ય છે કે પ્રત્યેક ઇતિહાસ વિભાગ પાસે સંલગ્નિત સંગ્રહાલયની સુવિધા ના પણ હોય, પણ જે તે ઇતિહાસી સ્થળે કે ઐતિહાસિક સ્મારક પાસે તો વિદ્યાર્થીઓને જરૂર લઈ શકાય. દફતરભંડારની મુલાકાતે પણ વિદ્યાર્થી જાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. શક્ય હોય ત્યાં સ્થાનિક ઉત્ખનનકાર્યમાં વિદ્યાર્થીઓને જોતરવા જોઈએ અને તે કાજે પૂર્વતાલીમથી

સજ્જ કરવા જોઈએ. જ્યાં આવી શક્યતા ના હોય ત્યાંથી વિદ્યાર્થીઓને જ્યાં ખોદકાર્યપ્રવૃત્તિ ચાલતી હોય તેની મુલાકાતે લઈ જવા જોઈએ. પ્રસંગોચિત્ત ઇતિહાસ વિભાગે કોઈને કોઈ વિષય પરત્વે પ્રસંગવિશેષને ધ્યાનમાં રાખી પ્રદર્શનનાં આયોજન કરવાં ખૂબ જરૂરી છે. ઉપરાંત સ્વસ્થ આરોગ્ય ધરાવતા સ્વાતંત્ર્યવીરોનાં વ્યાખ્યાન ગોઠવવાં જોઈએ અને નબળી તંદુરસ્તી ધરાવતા સ્વાતંત્ર્ય વીરોની સામેથી મુલાકાત ગોઠવવી જોઈએ. આ ઉપરાંત મહાનુભાવોની સાથે વિજ્ઞાનીઓ, સાધુઓ, કવિઓ, ઋષિઓ, સમાજસુધારકોની સાથે સંવાદની ગોઠવણ કરવી જોઈએ, જેથી તે સહુએ આપણા રાષ્ટ્રના વિકાસમાં અર્પણ કરેલા યોગદાનને સુપેરે મુલવી શકાય. આમ કરવાથી વિદ્યાર્થી આપણી સંસ્કૃતિનાં વિવિધ પાસાં વિશે દશ્યશ્રાવ્ય ઉપકરણની મદદથી કે વ્યક્તિગત મુલાકાતથી કે પ્રત્યક્ષ અવલોકનથી આપણા પૂર્વજોએ-મનીષીઓએ જે આદર્શો અને વિચારોનાં વાવેતર કર્યાં છે તેથી અવગત થઈ શકાશે. ઇતિહાસના અભ્યાસક્રમને સતત સંમાર્જિત અને સંવર્ધિત કરવો જોઈએ અને સમય-સંજોગાનુસાર અભિનવ મુદ્દા આમેજ કરતા રહેવું જોઈએ. સમયે સમયે ઇતિહાસલેખનનાં સાધન એક યા બીજા કારણે-પ્રકારે હાથવગાં થતાં રહે છે અને તેથી તેવા સ્રોતના પ્રકાશમાં ઇતિહાસનાં અર્થઘટનમાં જરૂરી ફેરફાર કરતા રહેવું અને તે સંદર્ભે ઇતિહાસલેખન પણ ફેરફારક્ષમ બનાવતા રહેવું જોઈએ. આ હિતાવહ અભિગમ છે, જે શ્રેય અને પ્રેય છે તેમ ઉપકારક અને અવશ્યક છે. ઇતિહાસ એ તો સતત ગતિમાન એવા સમયચક્ર ઉપર આધારિત વિષય હોઈ એનાં પરિણામ અને પરિમાણ સતત પરિવર્તનને આધીન રહેવાં જોઈએ. સરવાળે, ઇતિહાસના અભ્યાસક્રમ અને એ અનુસંધાને એનાં પાઠ્યપુસ્તક સમયાંતરે પુનર્લેખન પામતાં રહેવાં જોઈએ. પૂર્વે થયેલાં અર્થઘટનને અને વિધાનને તેમ જ પરિણામને જડતાથી વળગી રહેવાને સ્થાને નવા સ્રોતસંદર્ભે જ્યાં જરૂર જણાય ત્યાં ફેરફાર કરતાં રહેવું અત્યંત આવશ્યક છે.

## નહેરુપંથી સામ્યવાદી ઇતિહાસલેખકો

ઇતિહાસના, સ્વાતંત્ર્યોત્તર સરકાર બોધિત, પાઠ્યગ્રંથોમાં ઘણાં વિકૃત વિચાર અને અર્થઘટન ઘૂસી ગયાં છે જે બધાં સવેળા દૂર કરવાં જોઈએ. દા.ત. આર્યપ્રજા વિદેશથી આપણા દેશમાં આવી છે. બૌદ્ધો આદિમ જાતિના લોકો હતા. બ્રાહ્મણો પ્રારંભે ગાયમાંસ ખાતા હતા. જૈનધર્મના સ્થાપક મહાવીર હતા. નહેરુ-ઇન્દિરા પરિવાર સિવાય આપણા રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં અન્ય કોઇનુંય યોગદાન હતું જ નહીં. સાવરકર, આઝાદ, ભગતસિંહ જેવા વીર ગતિને પામનારનાં નામોલ્લેખ સુધ્ધાં રદ કરી દેવાં. સુભાષબાબુ, ઇન્ડિયન નેશનલ આર્મી, મહાત્મા ગાંધીજી અને એવા સંખ્યાતીત રાષ્ટ્રવાદીઓના યોગદાનને અવગણવું. નદીઓ પવિત્ર નથી. ઇતિહાસનાં કાલવિભાજનમાં મુસ્લિમકાલ છે, ખ્રિસ્તીકાલ છે (પણ તેમના મતે વેદયુગ નથી). શંકરાચાર્ય, ચાણક્ય, અશોક સરીખા રાષ્ટ્રવિધાયકનાં પ્રદાન વર્ણવવાં જરૂરી નથી. આપણાં કીર્તિ ખ્યાતિ-પ્રખ્યાતિ પ્રભામંડળને ઇતિહાસમાં સ્થાન નથી. પરાજય મહત્ત્વના છે. સિંધુ સંસ્કૃતિ મહાન છે. પણ સરસ્વતી સંસ્કૃતિ જેવું કશું નથી. – આવા ઘણા મુદ્દા સરકારી પાઠ્યપુસ્તકોમાં સ્વાતંત્ર્યપ્રાપ્તિના સમયથી સભર છે. અલબત્ત સૌજન્ય : સામ્યવાદી અભિગમથી અને બ્રિટિશ નજરથી તથા જવાહરલાલના આશીર્વાદથી લખાયેલા પોંખાયેલા-પોષાયેલા કહેવાતા ઇતિહાસલેખકો, જેમાં ઇરફાન હબીબ, રોમીલા થાપર, રામશરણ શર્મા જેવા ઇતિવિદો તો મુખ્ય છે જ પણ તેમની મિત્રમંડળી અને શિષ્યમંડળી તેમ જ એમના પ્રેરિત ઇન્ડિયન હિસ્ટરી કૉંગ્રેસનો ફાળો નોંધપાત્ર છે. ટૂંકમાં નહેરુપંથી અને સામ્યવાદને વરેલા ઇતિહાસલેખકોએ આપણા રાષ્ટ્રનાં ઇતિહાસ અને સંસ્કૃતિને વિકૃત રીતે પ્રસ્તાવિત કર્યાં છે.

## વિકૃત ઇતિહાસાલેખનના મુદ્દા

પરન્તુ નહેરુપંથી આ લેખકોએ એથી અવગત થવું કે અભિજ્ઞ થવું ખસૂસ જરૂરી છે કે સરસ્વતી

નદીના અને તેના કાંઠે પ્રાદુર્ભૂત થયેલી સંસ્કૃતિઓના અસ્તિત્વ બાબતે પાકિસ્તાનના અને અમેરિકી વિદ્વાનોને કોઈ શંકા નથી. હા, લાલચશ્માધારી આપણા દેશના સામ્યવાદી બ્લિંકર્સથી પ્રતિષ્ઠિત આ વિદ્વાનો દીવા જેવી પારદર્શક હકીકત સ્વીકારતા નથી. વેદ સાહિત્યમાં સરસ્વતી નદીનો નિર્દેશ લગભગ સાઠ વખત થયેલો જોવો પ્રાપ્ત થાય છે જ્યારે ગંગા નદીનો ઓછી વખત. પુરાવિદોએ અને અંતરિક્ષવિજ્ઞાનીઓએ સરસ્વતી નદીના અસ્તિત્વને પારદર્શક પરિપ્રેક્ષ્યમાં પુરવાર કર્યું છે. તદનુસાર સિંધુસંસ્કૃતિ પૂર્વે આશરે બે હજાર વર્ષ પહેલાં સરસ્વતી નદી વિલુપ્ત થઈ હતી. મહાવીર સ્વામી ચોવીસમા તીર્થંકર હતા એ બાબત પણ સૂર્યપ્રકાશ જેવી જળહળતી છે. અઢારસો સત્તાવનની ઘટના આપણો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ હતો અને તેની સાબિતી માર્ક્સ એંજલના ગ્રંથ 'ધ ફર્સ્ટ ઇન્ડિયન વૉર ઑફ ઇન્ડિપેન્ડન્સ ૧૮૫૭' થી આપણને હાથવગી થાય છે. આ ગ્રંથ ૨૨-૭-૧૮૫૭ના રોજ લખાયો હતો. સત્તાવનનો પ્રથમ સફળ સ્વાતંત્ર્ય સંગ્રામ લાલચશ્માયુક્ત નહેરુદીક્ષિત ઇતિલેખકોને અંકે થતો નથી, પણ તુર્ક, પર્શિયાઈ અને બ્રિટિશ પ્રજાએ આપણને હરાવ્યા છે તેનાં ઢોલ એમણે જોરશોરથી પીટ્યાં છે. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે આપણા રાષ્ટ્રના રાજકીય ઇતિહાસનાં નિરૂપણમાં પરાજયોની ઘટનાઓનાં વર્ણન ઉપર જેટલો ઝોક મૂકવામાં આવ્યો છે તેટલો ભાર તેની વિજયોની સિદ્ધિઓના આલેખન પરત્વે મુકાયો નથી. હાલના પાકિસ્તાનમાંથી વતન પાછા ફરી ગયેલા ગ્રીક રાજવી સિકંદરની આપણા દેશ ઉપરની ચડાઈનો ઇતિહાસ જેટલા ઉત્સાહથી આલેખાયો છે તેનાથી અડધા ભાગનો ઉત્સાહ પણ એ ગ્રીકસૈન્યને આપણા રાજવી ચંદ્રગુપ્ત મૌર્યે હાંકી કાઢ્યા તે વિશે દર્શાવ્યો નથી. સેલ્યુક્સ નિકેટર થોડા હાથીની ભેટ ધરવા ચંદ્રગુપ્ત પાસે આવ્યો અને તેને પોતાની કન્યા પરણાવી તે અફઘાનિસ્તાન છોડી ગયો હતો એ ઘટના આપણા રાષ્ટ્રીય ઇતિહાસની ઓછી ગૌરવપ્રદ નથી જ. પરન્તુ એ વિશે આપણે કેટલું ધ્યાન આપ્યું છે ? એવી જ રીતે મોહમ્મદ બીન કાસીમે સિંધ ઉપર ચડાઈ કરી અને ત્યાંના રાજા દાહીરને હરાવ્યો એ ઘટનાને આ સામ્યવાદી લેખકોએ ઇતિહાસનાં પૃષ્ઠ ઉપર જેટલી ચમકાવી છે તેટલી અવનિજનાશ્રય પુલકેશીરાજે અરબ લશ્કરોને હરાવીને પાછાં કાઢ્યાં હતાં તેની નોંધ લીધી છે ખરી ?

## ઉજાગર થાવ વિવેકાનંદના વિચારથી

શું આપણે આપણા ભાવિ નાગરિકોને આવા ખોટા અને વિકૃત ઇતિહાસથી સજ્જ કરીશું ? ભક્તિમાર્ગના મહારથીઓ શું કેવળ ઉચ્ચવર્ણમાંથી આવ્યા છે ? કબીર તુલસીદાસ ચૈતન્ય રૈદાસ નાનક મીરાંબાઈ જમકુબા કયા સમાજના ભક્ત હતા ? ઔષધવિજ્ઞાનમાં, સ્થાપત્ય વિજ્ઞાનમાં, ભૌતિક વિજ્ઞાનમાં, રસાયણવિદ્યામાં, માનવધર્મમાં, સર્વધર્મસમભાવમાં, પ્રાણીમાત્રના કલ્યાણમાં, વસુધૈવ કુટુંબકમ્ જેવાં અગણિત ક્ષેત્રમાં આપણા પૂર્વજો તજ્જ્ઞ હતા એવું આપણે શું ના શીખવવું જોઈએ ? ફક્ત જરૂર છે સ્વામિ વિવેકાનંદના વિધાનને ઉજાગર કરવાની અને આપણા ભાવિ નાગરિકોમાં વિશ્વાસ પ્રસ્થાપિત કરવાની કે ઊઠો, જાગો અને ધ્યેયની પ્રાપ્તિ સુધી મંડ્યા રહો. પૃથ્વી માતા છે અને નદી માતા છે એ સામે આ સામ્યવાદી લેખકોને વાંધો છે પણ 'ભારતમાતાકી જય' વિશે શું તેઓ વિરોધ દર્શાવશે ? સરહદ ઉપરનો આપણા સૈનિક શા માટે જાનની પરવા કરતા નથી ? કેમ કે તેને વેતન કરતાં દેશરક્ષણની વાત હૈયે વસેલી છે. આપણા રાષ્ટ્રધ્વજ બાબતે ૨-૪-૧૯૩૧ ના રોજ ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસે જે ઠરાવ કરેલો તે ધ્યાનમંત્ર તરીકે ધ્યાનયોગ હોવો જરૂરી છે : ત્રિરંગા ધ્વજ સબબ વિરોધ હતા. આથી, સરદાર પટેલ, મૌલાના આઝાદ, જવાહરલાલ, તારાસિંઘ વગેરેની એક સમિતિ ગ્રથિત થયેલી. એના આવાહક હતા પટ્ટાભિરામ સિતારામૈયા. સમિતિએ એવી દઢ રજૂઆત કરી કે રાષ્ટ્રધ્વજ વાસ્તે કલામય સુરુચિપૂર્ણ લંબચોરસ અને બિનસાંપ્રદાયિક એવો એક જ રંગ પસંદ કરવો અને તે માટે જે રંગ પસંદ થયો તે હતો કેસરી રંગ. આ રંગ આપણા રાષ્ટ્રનો

કીર્તિમાન છે. Saffron represents India's glory, genius and future. It is the colour representing India; its historical importance. આ તરફ કોઈનું ધ્યાન કેમ દોરાયું નથી ?

## સન્માનનું પ્રતીક ત્રિરંગો

જો કે આપણે જાણીએ છીએ કે આપણો રાષ્ટ્રધ્વજ તિરંગો છે જેમાં સહુથી ઉપર કેસરી રંગ છે, વચ્ચે સફેદ રંગ છે અને નીચે લીલો રંગ છે. કેસરી રંગ શૌર્ય અને સમર્પણની ભાવના અભિવ્યક્ત કરે છે, તો સફેદ શાંતિ અને સત્યના પ્રતીકરૂપે છે અને લીલોરંગ શ્રદ્ધા અને સમૃદ્ધિને પ્રસ્તુત કરે છે. ત્રિરંગા ધ્વજમાં વચ્ચે શોભતું અશોક ચક્ર સાતત્ય, શાશ્વતતા અને પ્રગતિનો નિર્દેશ કરે છે. આમ આપણો ત્રિરંગો સન્માન અને પ્રતિષ્ઠાનો દ્યોતક છે.

## આપણા સ્રોતને અંકે કરો

૧૯૪૮માં જવાહરલાલે એક વિશ્વવિદ્યાલયી સંભાષણમાં કહેલું કે તેઓ આપણા ભૂતકાળનું, એની વિરાસતનું, એની સંસ્કૃતિનું, એના પૂર્વાચાર્યોનું ગૌરવ કરે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આપણી મહાન સંસ્કૃતિ સર્વદેશીય છે, સહુને વાસ્તે છે, બધાથી એ સમૃદ્ધ થઈ છે, સહુની માલિકી છે, ભવ્ય ભૂતકાળની સહુને ગરિમા છે અને તે વિશેષભાવે સાતત્યપૂર્ણ છે. ભાગ્યે જ અન્ય કોઈ રાષ્ટ્રે આવી પરંપરા અંકે કરી છે. તો આવા વૈભવી વારસાનાં લેખન આપણે આપણા દૃષ્ટિકોણથી, આપણી પરંપરાને વફાદાર રહીને, અંતિમ છેડાઓથી-વિચારોથી મુક્ત રહીને અને આપણાં સ્રોતને સંદર્ભે કરવાં આવશ્યક છે.

## સરસ્વતીવંદના શું ધાર્મિક છે ?

સામ્યવાદી, સંસ્થાનવાદી અને નહેરુદીક્ષિત લેખકો સરસ્વતીવંદનાનો વિરોધ કરે છે. પણ તેઓ બ્લિંકર્સધારી હોવાથી એટલું સમજવા તૈયાર નથી કે સરસ્વતી એ જ્ઞાનની દેવી છે. એને કોઈ ધર્મ સાથે નિસબત નથી. અને ભગવાકરણ સાથે કોઈ સંબંધ નથી કે નથી એ સાંપ્રદાયિક. આ દેવીના એક હાથમાં પુસ્તક છે, જે જ્ઞાનનું પ્રતીક છે. એના બીજા હાથમાં વીણા છે જે કલાનું દ્યોતક છે. આ દેવી શ્વેત કમળના પુષ્પ ઉપર આરૂઢ છે જે પ્રામાણિકતા અને સમૃદ્ધિનાં સૂચક પ્રતીક છે. અને प्रज्वालितो ज्ञानमयः प्रदीपः । એ તો આપણી સાંસ્કારિક અને સાંસ્કૃતિક પરંપરાનું દ્યોતક સૂત્ર છે. અર્થાત્ જ્ઞાનપ્રાપ્તિ સાંપ્રદાયિક નથી જ નથી અને તેથી સરસ્વતીવંદના પણ બિનસાંપ્રદાયિક જ છે. સામ્યવાદી સરકારથી સંચાલિત પશ્ચિમ બંગાળમાં બધાં કાર્યના પ્રારંભે સરસ્વતીવંદના બુનિયાદી રીતે થાય છે. બંગાળમાં કાલિપૂજા અને દુર્ગાપૂજા તો એક જીવનશૈલી છે. બંગાળમાં દશેરા મહોત્સવ સાંસ્કૃતિક માહોલનું અવિભાજ્ય અંગ છે, જેમ મહારાષ્ટ્રમાં ગણેશપૂજાનું ધ્યાનાર્હ મહત્ત્વ છે અને ગુજરાતમાં નવરાત્રોત્સવનું. શું આ બધા ઉત્સવને આપણે જાકારો આપીશું ? તો સામ્યવાદી-સંસ્થાનવાદી-નહેરુપંથી લેખકોનાં બેવડાં ધોરણ શા કાજે ? ગઈ સદીના અંત સમય સુધી દેશસમસ્તમાં કૉંગ્રેસની સત્તા હતી ત્યારે એમને સરસ્વતીવંદના કઠી નહીં ? દિલ્હીના વિજ્ઞાનભવનમાં થતા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં પ્રારંભે સરસ્વતીવંદના થાય જ છે. બધા રાજકીયપક્ષ એમાં ઉપસ્થિત રહે છે. ક્યારેય ક્યાંય વિરોધ થયો નથી. તો પછી કેવળ ઇતિહાસનાં પાઠ્યપુસ્તકનાં લખાણ પરત્વે ઉહાપોહ શાને ? ઇતિહાસનાં લખાણ ઇતિહાસી પદ્ધતિએ અને પરિપ્રેક્ષ્યમાં લખવા દો ને ? રાજકારણનો હસ્તક્ષેપ એમાં શા સારુ ? 'વંદે માતરમ્'ના ગાયન બાબતે આવો જ બેહૂદો વિરોધ શા વાસ્તે ? સુબ્રમણ્ય ભારતીથી બંકિમચંદ્ર ચેટરજી સુધી અને ભક્ત પરંપરામાં બધા જ સાધુસંત 'વંદે માતરમ્'ના મંત્રને દૃઢશ્રદ્ધ રીતે અપનાવતા રહ્યા છે. આપણા રાષ્ટ્રને સ્વતંત્રતા અપાવવા કાજે લડતા આપણા વીરજનો વાસ્તે તો 'વંદેમાતરમ્' એક પ્રભાવી નારો હતો, પ્રેરણાદાયી મંત્ર હતો અને મંત્રથી પ્રભાવિત થઈને ફાંસીની સજાને

હસ્તા મુખે સ્વીકારનાર ઘણા ભડવીરથી શું આપણે અભિજ્ઞ નથી ? રાષ્ટ્રને એક તાંતણે જોડનાર એ શાશ્વતી મંત્ર છે. આપણા સંસ્કારની એ બુનિયાદ છે. મૂલ્ય આધારિત શિક્ષણ વાસ્તે તો ધર્મ એ ધ્યાનાર્હ બાબત છે, એક મહત્ત્વનો સ્રોત છે. નૈતિક મૂલ્યોના ઉદ્‌ભવ ધર્મની ભૂમિમાંથી થાય છે. તો શું મૂલ્ય આધારિત શિક્ષણ એટલે ધર્મના શિક્ષણની જબરદસ્તી ? ગીતાગ્રંથ સાંપ્રદાયિક નથી. તે શાશ્વત છે. નેતાજી સુભાષબાબુ જેવા ક્રાન્તિવીરો ગીતાપાઠ કરતા હતા. એક તુર્કી વડાપ્રધાને ગીતાનો તુર્કીમાં અનુવાદ કર્યો છે. સારનો સાર એ કે બધા ધર્મની વિભાવના અને બુનિયાદી ખ્યાલથી વિદ્યાર્થીવર્ગને માહિતગાર કરવા જરૂરી છે. વિદ્યાર્થીઓએ પણ બધા ધર્મોનો સરખો સમભાવ અંકે કરવો જોઈએ. આમાં શિક્ષણનું ભગવાકરણ ક્યાં પ્રતીત થાય છે ?

## બુદ્ધિમંત ઇતિહાસવિદોની જરૂર છે.

સરવાળે હકીકત એ છે કે ભારતીય આત્માની કીર્તિગાથા અને અસ્મિતા વિશ્વને અંકે થવા દો ભારતીય દૃષ્ટિના પરિપ્રેક્ષ્યમાં. ઇતિહાસલેખનનું બુનિયાદી કર્તવ્ય એ છે કે આપણા દેશના રહેવાસીઓએ પોતાની સામુદાયિક ઇચ્છાશક્તિના વિકાસાર્થે અને પોતાની ભાતીગળ પ્રાવૃત્તિક પ્રક્રિયાની અભિવ્યક્તિ કાજે યુગે યુગે જે મૂલ્યોએ પ્રેરણાનાં પીયૂષ પાયાં છે તેની શોધ કરવી અને બધાં પ્રજાગત કરવાં. આપણો આવો ઇતિહાસ હજી લખાયો નથી. પરન્તુ ભારતીય વિદ્યાભવને ક.મા.મુનશીની પ્રેરણાથી પ્રખર ઇતિહાસવિદ ડૉ. રમેશચંદ્ર મજુમદારના વડપણ હેઠળ અગિયાર ગ્રંથની જે શ્રેણી આપણને હાથવગી કરી આપી છે તે અને રામકૃષ્ણ મિશન દ્વારા પ્રકાશિત ચાર ગ્રંથની શ્રેણી પ્રસ્તુત ઉણપને દૂર કરવા સમર્થ છે. પરન્તુ વખતોવખત પ્રાપ્ત થતાં જતાં સાધનોના સંદર્ભે આ ગ્રંથોનાં પુનર્લેખન-સંવર્ધન-સંમાર્જન થવાં જરૂરી છે, અર્થઘટનના બદલાતા દૃષ્ટિકોણના પરિપ્રેક્ષ્યમાં, પૂર્વાચાર્યોનાં અર્થઘટિત વિધાન મજબૂત પીઠિકા ઉપર પ્રસ્થાપિત હોવા છતાંય નવા સ્રોતના સંદર્ભે પુનર્વિચારણા કરવી જરૂરી છે. કેવળ ભૂતકાળની યશોગાથા ગાવાની પરંપરામાં ઇતિહાસલેખનની ઇતિશ્રી સમજવી એ ઇતિહાસદૃષ્ટિને બાધક નીવડવા સંભવ છે. જે તે ઘટનાને, જે તે સમયને, જે તે કાલને કે જે તે યુગને તત્કાલીન સ્રોતના સંદર્ભે સિદ્ધિઓ અને મર્યાદાઓ સાથે અર્થઘટિત કરવાની સમયની માંગ છે. જરૂર છે વિશુદ્ધ ઇતિચિત્રને દૃઢતાથી ઉપસાવવાની. વિવિધ રુચિવૃત્તિદૃષ્ટિને ધ્યાનયોગ્ય ગણવાં જોઈએ. પરંપરાને કે લોકસાહિત્યને કે દફતરોને કે સ્થળનામના અભ્યાસને એક સાધન તરીકે અવગણવાની જરૂર નથી. વાણીગત સામગ્રી પણ એના સ્વરૂપે મૂલ્યવાન ગણાય. પુરાવસ્તુકીય સામગ્રી કે સાહિત્યિક સાધન ઇતિહાસ માટે ઉપયોગી છે. પણ સમયાધીન કે સંજોગાધીન અર્થઘટન થતાં રહે તે ઇતિહાસનિરૂપણની પરિશુદ્ધિ સારુ જરૂરી છે. માર્ક્સવાદી અભિગમથી લખતા ઇતિહાસલેખકનાં વિકૃત લખાણોને દૃઢશ્રદ્ધ સ્રોતના સહારે શુદ્ધ રીતે પ્રજાપ્રત્યક્ષ તો કરવાં રહ્યાં, જે કાજે માર્ક્સ અભિગમી પદ્ધતિથી અને રજૂઆતથી પણ પરિચિત થવું જોઈશે.આમ કરવાથી એમનાં લખાણની મર્યાદાને અવગત કરી શકાશે. સામાજિક અને આર્થિક ઇતિહાસનાં લેખનમાં એમનો અભિગમ કેટલેક અંશે સંભવતઃ સ્વીકાર્ય રહે. પરન્તુ આપણા રાષ્ટ્રની સમગ્રતયા અને સર્વગ્રાહી ઇતિહાસી રજૂઆત પરત્વે એમનો દ્વેષપૂર્ણ અને દ્વૈતગામી અભિગમ ખસૂસ ગેરમાર્ગે દોરનારો અને સરવાળે વિઘાતક નીવડવાનો પૂરો સંભવ છે. આપણા ઇતિહાસને, કહો કે ભૂતકાળને આપણા પૂર્વાચાર્યોની અલૌકિક પણ વિજ્ઞાની બુદ્ધિની બુનિયાદ આધારિત સમજણથી પૃથક્કૃત કરવાની તાતી જરૂર છે. કેવળ બાહ્ય અને યાંત્રિક પરિપ્રેક્ષ્યના સહારે આપણા ઇતિહાસને સમજાવી શકાશે નહીં, બલકે બુદ્ધિમંત ઇતિહાસવિદ આપણા સાંસ્કૃતિક ઇતિહાસને સારી રીતે અવગત કરી શકશે. સિસ્ટર નિવેદિતાએ યોગ્ય પરિપ્રેક્ષ્યમાં આ બાબતને મૂકી આપી છે : Only one who loves India can write India's history. મતલબ કે આપણા રાષ્ટ્રની મૂળગત ભાવનાની તાસીરને સૂક્ષ્મ રીતે સમજનાર વ્યક્તિ આપણા દેશનો વ્યવસ્થિત અને પારદર્શક તેમ પૃથક્કૃત અને સંઘેડા ઉતાર ઇતિહાસ રચી શકશે.

## તો શું કરવું જરૂરી છે ?

સરવાળે આપણને એવા અભિનવી અભિગમી પરિપ્રેક્ષ્યથી યુક્ત ઇતિવેદોની જરૂર છે જેઓ આપણા સઘળા સ્રોતથી પૂર્ણ રીતે વાકેફ હોય તેમ પશ્ચિમી પદ્ધતિથી ઉજાગર થયેલા હોય. અને ત્યારે જ આપણે ભારતીય ઇતિહાસ વાસ્તે ભારતીય પદ્ધતિ વિકસાવી શકીશું. આપણી માનસિકતા લવચીક, ચપળ, ચંચળ અને પ્રગતિશીલ છે પરન્તુ સદીઓથી સ્થગિતતાને કારણે પાંગળી થઈ ગઈ છે, ખાસ તો મૂળ વિહીન શિક્ષણપ્રથાએ આપણી માનસિકતાની ઘોર ખોદી છે. આ પરિસ્થિતિમાંથી આપણે સવેળા મુક્ત થવાની જરૂર છે. આપણા યુવાવર્ગે બધા વિષય પરત્વે ચિંતનશીલ થવાની, પ્રબુદ્ધ થવાની, સ્વતંત્ર કે મૌલિક રીતે વિચારવાની જરૂર છે, પ્રત્યેક ઘટનાના મૂળ સુધી જવાની તત્પરતા દાખવવાની જરૂર છે; તેમ જ આંધળા અનુકરણથી અને પશ્ચિમી આભામંડળમાંથી ચલિત થવાની અનિવાર્ય આવશ્યકતા છે. છિદ્રાન્વેષણથી દૂર રહેવાની જરૂર છે, ઉપરચોટિયા અનુભવને ત્યાગવાની જરૂર છે. અર્થાત્ આપણી પરંપરા, સ્રોત અને અભિગમ ઊંડાણથી સમજવાની જરૂર છે. અસ્તુ ।

# અમદાવાદનું અપ્રસિદ્ધ મુઘલકાલીન ખતપત્ર

◆

**ડૉ. ભારતી શેલત***

ખતપત્રો અને દસ્તાવેજો ઇતિહાસનાં લિખિત સાધનોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ખતપત્રો ખાનગી મિલકતના વેચાણ કે ગીરોને લગતા દસ્તાવેજો હોય છે અને તે સંસ્કૃત ગુજરાતી અને ફારસી ભાષામાં લખાયેલા હોય છે. સમય જતાં એ શતકો પહેલાંના રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસના સાધન તરીકે ઉપયોગી નીવડે છે. અમદાવાદના સદ્ગત ડૉ. ગોવિંદભાઈ મોદીના સંગ્રહમાં કેટલાંક સંસ્કૃત-ગુજરાતી અને ફારસી ભાષાના ખતપત્રો સંગૃહીત હતાં. એ ખતપત્રો ગુજરાત સંશોધન મંડળના ત્રૈમાસિકમાં પ્રકાશિત કરવા માટે સામયિકના સંપાદકને આપવામાં આવ્યાં હતાં. અત્રે એમાંનું એક વિ.સં. ૧૬૯૪ નું સંસ્કૃત ગુજરાતી ખતપત્ર મૂળ પાઠ સાથે પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત ખતપત્ર સંસ્કૃતમિશ્રિત જૂની ગુજરાતી ભાષામાં લખેલું છે. એની લિપિ દેવનાગરી છે. ખતપત્રમાં મૂળ લખાણની ૪૫ પંક્તિઓ છે. દરેક પંક્તિમાં ૨૫ થી ૨૭ અક્ષર છે. ખતપત્રની મિતિ વિ.સં. ૧૬૯૪ (ઈ.સ. ૧૬૩૮), શક ૧૫૬૦, ચૈત્ર સુદિ ૨ ને બુધવારની છે. મિતિમાં ઉત્તરાયણ અને વસંત ઋતુના નિર્દેશ છે. લિપિગત વિશેષતાઓમાં ત્રિપાંખિયો 'अ' ઉત્તર ભારતીય શૈલીનો છે. 'घ' માં શિરોરેખા બાંધવાની શરૂઆત હજી થઈ નથી.

આ ખતપત્રમાં શાસકો, ગ્રાહક-દાયક વગેરેની વિગતને લગતું પૂર્વાર્ધનું લખાણ સંસ્કૃતમાં છે. જ્યારે ઘરનું વર્ણન, એનું સ્થાન, ખૂંટ, માલિકીહક વગેરેને લગતી વિગતો ધરાવતો ઉત્તરાર્ધ ગુજરાતીમાં છે. ખતપત્ર મુઘલ બાદશાહ શાહજહાં(ઈ.સ. ૧૬૨૭-૧૬૫૮)ના સમયનું છે. આ સમય દરમ્યાન વજીર તરીકે કાર્ય કરતા અસરફખાનનો ઉલ્લેખ આવે છે. અમદાવાદ નગરમાં વહીવટકર્તા તરીકે **મીરઝા મહેમુદ**, દીવાન તરીકે **ખોજયાહ**, બક્શી તરીકે **મીરઝાં સાભર**, નવાબના દીવાની ઠાકુર **ભગવાન**, દુર્ગપાલ અને કોટવાલ તરીકે **હસનબેગ** અને હવાલદાર તરીકે **શ્રીસાલીબેગ** હતા. ચોખંડી મધ્યે **કાઝી મીર મહંમદ**, ન્યાયાધીશ તરીકે **હમીર**, નગરશેઠ **શાહ સુરદાસ વેણીદાસ**, ચોરા વચ્ચે ફોજદાર **અલીખાન** અને **કમાલખાન** હતા. ત્યાં રામજી, રઘુજી અને હીરજી હરજી ખાત્રી સહિત પંચલોકપાલની હાજરીમાં લેનાર-વેચનારની અનુમતિથી ગૃહવિક્રયનું ખતપત્ર લખવામાં આવ્યું.

કાળુપુર ભંડેરીપુરમાં આવેલું **ખાત્રી (ખત્રી) જ્ઞાતિના વાંઝારા મયા પુજીઆ**નું ઘર દક્ષિણાભિમુખનું અને પાકી ઇંટોથી ચણેલું હતું. આ ઘર મયા પુજીઆએ **સા. ગોપાલજી મહીઆ**ને વેચાતું આપ્યું. હવે એ ઘર **ગોપાલજી મહીઆએ** વેચ્યું અને **વાંઝા હીરજી હરજી**એ લીધું.

---

* માનદ નિયામક, ગુજરાત રિસર્ચ સોસાયટી, અમદાવાદ

**ઘરની વિગત આ પ્રમાણે હતી** : ઘરને બે ઓરડા, તેની વચ્ચે એક ઓરડો હતો. **પશ્ચિમ બાજુએ** એ ઉઘાડું હતું. એ ઘરનાં બારશાખ ૫ હતાં. એની વચ્ચે ૨ બારશાખ, સો છસકા, ત્રણ મોભ, સાગની વળીઓ ૨, માઢ, મોટા મોભિયા, નળિયા, ખાપ સહિત ઘર ૧, **સા. ગોપાલજી મહીઆએ** વેચ્યું અને **વાંઝા હીરજી હરજીએ** એ ઘર નવી અડીના, ૧૧।। માસાના અંકે રૂા. ૩૦ માં ખરીદ્યું. સા. ગોપાલજી મહીઆએ અભરામના દાવે વેચ્યું.

ઘરના કરા ૩, પૂર્વ દિશામાં ૮ બારી, પશ્ચિમ તરફનો કરો ધનજી હેરજીના ઘરની જોડે પડતો. એ ઘરની જગ્યા પોળ સુધી હતી. ઘરનો ચાલનિકાલ ખાળ નળિયા જે જેમ હોય તેમ રહેવા દેવા. ઘરનો દાવો જો કોઈ કરે તો તેને સા. ગોપાલજી જોઈ લેશે.

**ઘરના ખૂંટ** : પૂર્વ દિશામાં રાજમાર્ગ, દક્ષિણ બાજુની એ શેરીમાં સંચાર માર્ગ, પશ્ચિમમાં વાંઝા ધનજી હરજીનું ઘર, ઉત્તર દિશામાંથી શેરીમાં ચાલવાનો માર્ગ હતો. આ પ્રમાણે ઘર ચારે બાજુ આઘાટન યુક્ત હતું. સાક્ષીઓની હાજરીમાં ઘર આપ્યું. આ તળાવમાં જલસંબંધ કોઈનો નહીં. ખતમાં લખેલ વિધિનું પરિપાલન કરવું. શુભ હો, કલ્યાણ હો.....

અંતમાં મતુ કરનાર અને સાક્ષીઓની સહી આવે છે. ખતપત્રમાં 'अत्र मतु' ની નીચે સં.૧૬૯૫, માગશર સુદ ૧૧ ના દિવસે લખાણ કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું છે. ઘરના વેચાણની મિતિ વિ.સં. ૧૬૯૪, ચૈત્ર સુદિ ૨ ને બુધવારની છે. જ્યારે ખતપત્રનું લખાણ વિ.સં. **૧૬૯૫, માગશર સુદિ ૧૧** ના દિવસે કરવામાં આવ્યું હતું. ઘરનું વેચાણ કર્યા પછી ૮ મહિના અને ૮ દિવસ પછી આ ખતપત્ર લખવામાં આવ્યું. આમ આ ખતપત્રમાં ગૃહના વેચાણ અંગેની વિગતો મળે છે. તેમજ ઘરનું વર્ણન એનાં ખૂટ ચારે બાજુના આઘાટનો વગેરે વિશે પણ માહિતી મળે છે.

## પાઠ

૧. ॥ श्री गणेशाय नमः ॥ श्री मननृ(न्नृ)पविक्रमार्क्कः(र्क्क)॥ समयातीत्(त) ॥ संवतः(त)

૨. ॥ १६ आषा(ढा*) दि ९८ वर्षे शाके १५६० प्रवत(र्त)मां(मा)नेः(ने) उत्तरांगते(उत्तरायणगते)श्रीसूर्येः(र्ये) ।

૩. ॥ वसंतरु(ऋ)तौ ॥ मांहां(महा)मंगलप्रदे । चैत्रमासे । क्र* ६* शुक्ल पक्ष्ये(क्षे) द्वी(द्वि)तीया-

૪. ॥ यां पुण्यती(ति)थौ । बुधवासरे । एवं पंचांगशुद्धतीथौ । अद्येह श्रीमत्

૫. ॥ गुर्जरधरित्र्यां समस्तराजावलि श(स)मलंक्र(कृ)तअरिविरुथिनी गज-

૬. घटाकुंभस्थलविदारिनी । पंचाननअं(अ)न्यायांधकारबी(वि)द(दा)रिणी । पंच(चा)

૭. ॥ ननअं(अ)न्यायांधकारनाशैकः मार्तंडन्यायनिजमंदिरराज्यलक्ष्मी-

૮. ॥ स्वयंवरमालाअलंक्र(कृ)ता। कंठकंदलीरिव(लीव)नदहनदावानलअल-

૯. ॥ क्षघश्लभध । प्रहु(प्रौ)ढिप्रत(ता)प । तरणिसंसोषीतमहाराजाधिराज ।

૧૦.॥ पातसाह। श्रीश्रीश्री सात ७ सा(शा)हाझांहांनविजयराज्ये । क्षेत्रे वछ(त्स)रे

૧૧.॥ रीविजारित्यां वजीरां **वजीरषानं श्रीअसर्फषानं**नां(नाम) सांज्ञिकेः(के) ॥

૧૨. एइह पातसाहा सानी(त्रि)धे(ध्ये) राज्यं क्री(क्रि)यते । तत्र नगराधीशषानं **श्रीआज** [—*]

** ૨૬ કરો

१३. **म** पाढा मध्ये अस्वराजयोस्तु ॥ तत्र नग्र(ग)रमध्ये कार्यक्र(क)ता(र्ता) **मीरयां**
१४. ॥ श्री **मिहिमुन( द )**नां(नाम) सांज्ञि(के) तत्र दीवानी **षोज्यहान** नां(ना)म सांज्ञि(के) । ब-
१५. ॥ **कसी मीर्ज्यां साभर** सांज्ञि(के) ॥ नबा(वा)प(ब)नो दीवानी ठाकुर **भगवान**
१६. ॥ नां(नाम) सांज्ञि(के) तत्र दुर्गपाल सेहर(शहेर)कोटवाल श्री **हसंन व्ये(बे)ग** नांम
१७. ॥ सांज्ञि(के) तत्र सं(स)मयेन य इयण(दल)पुर हवालि । मीरकोई **सा**-
१८. ॥ लिवे(बे)ग नां(ना)म सांज्ञि(के) तत्र चोषंडीमध्ये कादी श्री ५ **मीर मिहिमद** ।
१९. ॥ मीरष न्यायवी(वि)चारनार्थे । तत्र हमीर **अदल** सांज्ञिके: नगरसे(शे)ट(ठ)
२०. ॥ **साहा सुरदास वेणीनां(नाम)** सांज्ञि(के) तथा श्रेठ पद्वी(दवी) पर(री)क्ष्य **उधवजी**
२१. ॥ **सुमदनं** नां(ना)म सांज्ञिके ॥ अं(अ)त: परं राज(न)गरात् । पूर्वभागेषु मफ-
२२. ॥ राधिशः मध्ये चत्वरि हो(फो)जदार अलीषांन तथा कमालषां(खा)न नां(नाम) सां-
२३. ॥ ज्ञि(के) तत्र ५० **रामजी रघाना** साम० । षात्री मध्ये प० । **हीरजी हरजी** नां-
२४. म० । एवं पंचलोकपालप्रतीपतौ(त्तौ) दायकग्राहकयोः अनुमत गृ-
२५. हवी(वि)क्रीत षतपत्रमभी(भि)लष्यते । पूर्वं दायकानां मानी षात्रीग्ना(ज्ञा)तीयः
२६. ॥ **वांजारां मया पुजीआनु (नुं)** घर एक १ दक्ष(क्षि)णाभी(भि)मू(मु)षनु (नुं) पक्वेष्टीजी-
२७. ॥ र्ण **वाझिरां मये पुजीये** देणा मांहां **सा. गोपालजी महीआ**
२८. ॥ नि देणा मांहां वेच्यातु(तुं) आप्युं हवि अ(ए)घर **गोपालजी मही** वेच्यु(च्युं)[।*]
२९. ॥ ते **वांझा हीरजी हरजीअि**(ए) लीधुं: (।*) हवि ए घरनी व्यक्तः (विगत) उरडा २
३०. ॥ ते मध्ये उरडो ए १ पश्चिमनी पासानो उघाडो ए घरनां बारसाष
३१. ॥ ५ ते मध्ये बारसाष २ छसका सो मोभ त्रण ३ सागीवली कोडी
३२. ॥ २ माझनिक माड मोतीआं मोभीआं सोतीआं नलीआं षा(खा)पस-
३३. ॥ ही(हि)त घर ए १ अदबद सा. **गोपालजी महीये** वि(वे)च्यु ते **वांझा**
३४. ॥ **हीरजी हरजीअि**(ए) लीधुं [।*] हवि(वे)ए घरनो(नुं) द्रव्य रुपैआ ३०
३५. ॥ अंके त्रीस नवी अढीणा मासा ११॥ माटि **सा. गोपालजी महीए**
३६. ॥ अभ्रांमन दावि(वे) वेच्यु(च्युं) ते **वांझा हीरज( जी ) हरजीअि( ए )** नदावि लीधू(धुं) [।*] हवि (वे)
३७. ॥ए घरना करा त्र ३ ते मध्ये पूर्व द(दि)शि करि बारी ८, त्रि २ पश्चिमनी प-
३८. सानो करो **धनजी हरजीनि(नी)** साध्य । हवि(वे) ए घरनी अवध पोल लग-
३९. ॥णः हवि(वे) घरनो चाल नीकाल षाल पर नालयानी जे जं(ज)म हो(य) ते त-
४०. ॥ मः(म) हवि(वे) घरनो दर दावो करि तेहनि **सा. गोपालजी** प्रीछवि(वी) [।*] ह-
४१. ॥ वि(वे) ए घरना षुटः पूर्वद(दि)शि राजमार्गः दक्षिण द(दि)शि से(शे)री संचरमा-
४२. ॥ र्गः पश्चि(म) द(दि)शि **वांझां धनजी हरजीनुं** घर:(र) उत्तर द(दि)शि सेरी संचरमा-
४३. ॥ र्गः एवंवी(वि)धं गृहं चतु[र*]घाटकोपेतं स्वसीमभोगतव्य । साक पन [।*]
४४. ॥ कायेन दत्तं । अस्य तडागे जलसंम(बं)धो नही । अस्य लषीत वीधे प [-*]
४५. री(रि)पालनाय । शुभं भवतुः । कल्या[ण*]मस्तुः । श्री श्री श्री श्री श्री श्री श्री

| | | |
|---|---|---|
| अत्र मतु | | अत्र साक्ष्यः |
| **ગોપાલદાસ મહીજીનું મતું** | | व.लाल अकामोब- |
| महीआ मतु | | १ |
| बाई हीरन्तर एनी | व. माधवरूपा | १. पा. राम - २ |
| | १. अघल परम | अपर लभा - - |
| स(सं)वत १६९५ वारखा(वर्षे) | १. सामलजी जोगा | १. वा. रामाकवण |
| मागसर | | |
| सुद ११ अक्षर लाषी | ५. पपाषलापूत्र - | १. पः रमूतं - - |
| | १. - - - - - - - | आखल - पर - |
| | १. - - - - - - - | ---------- |
| | १. संघरीयसख | १. लिलानी मत्र |
| | | अ - - - - |
| | १. वादेवा - - - | १. - दव - थीम - |
| | १. - - - - | १. वाझा मराण धनजी |
| | लावा पर - - | साख साषल - - - |
| | साख | १ - - - - - - |
| | १. वीरारम - - य | १ - - - - |

# ગુજરાત રિસર્ચ સોસાયટી

## ગુજરાત સંશોધન મંડળ

### શ્રદ્ધાંજલિ



**ડૉ. ગોવિંદલાલ એસ. મોદી**

(ફેમીલી ફિઝીશિયન)

જન્મતારીખ : ૨૪ સપ્ટેમ્બર, ૧૯૩૧

દેહ વિલય : ૫ ડિસેમ્બર, ૨૦૦૭

ચીવટ, ચાતુર્ય અને અનુકંપા સાથે દર્દીઓની ૪૭ વર્ષ સુધી સેવા કરનાર સુપ્રસિદ્ધ તબીબ ડૉ. ગોવિંદલાલ એસ. મોદી સાહિત્ય અધ્યાત્મવિદ્યા, ધર્માભ્યાસ, સંસ્કૃતભાષા ઉપરાંત સ્થાપત્યકલામાં ઊંડો રસ ધરાવતા હતા. તેમની પાસે ફારસી તેમજ જૂની ગુજરાતી ભાષામાં લખાયેલા દસ્તાવેજોનો અલભ્ય સંગ્રહ હતો, જેને તેમણે અવિરત પ્રયત્નોથી ભાષાંતરિત કર્યા હતા. કુટુમ્બવત્સલ, જ્ઞાતિપ્રેમી તથા મિત્રોના પ્રિયપાત્ર એવા ''હરતા ફરતા સંદર્ભગ્રંથ'' જેવા ડૉ. ગોવિંદભાઈના આત્માને પરમાત્મા ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

**કુટુમ્બીજનો તથા મિત્રો તરફથી.**


॥श्री गणेशाय नमः॥ [illegible]



॥ इ॰ [illegible] तत्र प॰ रामजी रघानासं [illegible] घात्री मध्ये प॰ हीरजी [illegible]
॥ म॰ । एवं पत्र [illegible] गोकुपाल प्रतीपनो दायक [illegible] कयाः [illegible]
॥ [illegible] पत्र [illegible] दायकना मानी घात्री [illegible]
॥ [illegible] गोपालजी [illegible]
॥ [illegible] हवि [illegible] घर गोपालजी [illegible]
॥ [illegible] हीरजी हरजी [illegible] हवि एघरनी [illegible]
॥ [illegible] पश्चिमनी [illegible] घर [illegible] बार [illegible]
॥ [illegible] मध्ये बार [illegible] वली [illegible]
॥ [illegible] गोपालजी [illegible]
॥ [illegible] हीरजी हरजी [illegible] हवि एघरनो [illegible]
॥ [illegible] सा॰ गोपाल [illegible]
॥ [illegible] हीरजी हरजी [illegible]
॥ [illegible] घरना [illegible]
॥ [illegible] धनजी हरजी [illegible] हवि एघरनी [illegible]
॥ [illegible] हवि घरनो [illegible]
॥ [illegible] हवि घरनो [illegible] सा॰ गोपालजी [illegible]
॥ [illegible] पूर्व दिशि [illegible] दक्षिण दिशि [illegible]
॥ [illegible] पश्चिम दिशि [illegible] धनजी हरजी [illegible] उत्तर दिशि [illegible]
॥ [illegible] एवं [illegible]
॥ [illegible]
॥ [illegible]

# વાસ્તવવાદી પ્રશ્નપ્રધાન નાટકો★

◆

**ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા**x

રંગભૂમિની દૃષ્ટિએ ક્રાંતિ સર્જવામાં ઇબ્સનનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. પ્રવર્તતા યુગ અને સમાજના તત્કાલીન તથા ચિરકાલીન પ્રશ્નોને ઓળખી, તેના પર ભાર મૂકી, ઇબ્સને એને નાટકો દ્વારા મૂર્ત કર્યા હતા. એની પ્રવૃત્તિને ઉતારી પાડવાનો પ્રયત્ન થયો છતાં, એક મોટો બચાવપક્ષ પણ આગળ આવ્યો અને જે જૂથ ઊભું થયું એના દ્વારા 'ઇબ્સેનિઝમ' (ઇબ્સનવાદ) પ્રચલિત બન્યો.

ફ્રાંસની ક્રાંતિ તથા નોર્વેના પાટનગર બર્જેનની ચળવળે ઇબ્સનને સાહિત્ય લેખન તરફ વાળ્યો. પણ પરિપક્વ કહી શકાય એવી એની નાટ્યકૃતિઓ તો નોર્વે છોડી એ ઇટલી ગયો એ સમયમાં મળી. એ વેળાએ લખાયેલું એનું નાટક 'બ્રેન્ડ' માનવીની અંશઅંશમાં વહેંચાયેલી અપૂર્ણ જિંદગી સામેનો પડકાર છે અને નાટક ભલે પરંપરાગત કે ઉપદેશાત્મક લાગે પણ એમાં અપવાદરૂપ એવો પૂર્ણ વ્યક્તિત્વવાદી માનવ, મુખ્ય પાત્ર બ્રેન્ડ દ્વારા, આલેખાયો છે. 'પિયર જિન્ટ' પણ એવું જ, 'અંતરમન'ને અનુભવવાનું, નાટક છે. ઇબ્સનના હાથે લખાયેલી નાટ્યકૃતિઓનું ભાવજગત આ નાટકો દ્વારા પૂરી રીતે મળે છે. પછી એ કવિતામાંથી મુક્ત થયો અને એણે સાદી, સરળ, બોલચાલની ભાષામાં ગદ્યલેખન કર્યું, 'એ ડૉલ્સ હાઉસ' 'ઘોસ્ટ્સ' 'હેડા ગેલ્બર' જેવાં નાટકો એણે આપ્યાં. નાટ્યાત્મક અસરકારકતા, સાચકલાં માનવીઓની જીવંત ચર્ચા, એમાં આવતી ગંભીર પ્રકારની સમસ્યાઓ અને પરિસ્થિતિઓ, પ્રતીકની ટેક્નિકનો કલાત્મક ઉપયોગ, એટલે કે એનો અર્થપૂર્ણ અને મર્મપૂર્ણ વિનિયોગ, ઇત્યાદિને કારણે આ પ્રકારનાં નાટકો દ્વારા ઇબ્સન રંગભૂમિની દૃષ્ટિએ ક્રાંતિ સર્જવામાં નોંધપાત્ર રહ્યો. વાસ્તવિક પાત્રોના સાહચર્યે નાટકનો ક્રમશઃ વિકાસ કરી, નાટ્ય-વસ્તુને અંતિમ બિંદુએ લઈ જવું, પાત્રો સ્પર્ધા કે કલહ અનુભવે અને દર્શકોના દિલ નાટ્યાત્મક રીતે તંગ થાય, પાત્રોના સંવાદો ખૂટતાં પદોવાળા પણ હોઈ શકે, પરિસ્થિતિ સુસ્પષ્ટ, સ્પર્શી જાય તેવી હોય, ઇત્યાદિ આ પ્રકારનાં નાટકોનાં લક્ષણો છે. લેખક કે નટચમૂ પ્રશ્નના ઉકેલમાં પડતાં નથી. પણ પ્રશ્નને પ્રશ્નના રૂપમાં મૂકી આપે છે અને પ્રેક્ષકોને વિચાર કરવા પ્રેરે છે. આ સંયમ જે આ નાટકોમાં દેખાય છે તે પણ એક નોંધપાત્ર લક્ષણ છે. આ બધાં લક્ષણો ઇબ્સનનાં અને એની પદ્ધતિનાં વાસ્તવવાદી પ્રશ્નપ્રધાન નાટકોને સૌંદર્યપૂર્ણ સ્પર્શક્ષમ અને અર્થક્ષમ બનાવે છે.

બ્રાઉનિંગ અને મૅટર્લિન્કની કૃતિઓ કરતાં જુદા જ પ્રકારની કૃતિઓ ઇબ્સને આપી અને તે ઉપર કહી એવાં લક્ષણોવાળી વાસ્તવવાદી પ્રશ્નપ્રધાન નાટ્ય-કૃતિઓ. આન્દ્રેયેવની કૃતિઓ કરતાં પણ એ જુદી પડે છે. વાસ્તવિકતાની નક્કર ભૂમિ, જિવાતી જિંદગી, પાત્રોનો તરવરાટ, વ્યક્તિની ઇચ્છાશકિત અને સંકલ્પબળ,

★ બકુલ જોશીપુરાનાં નાટકો, પ્રકાશક : ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા ટ્રસ્ટ, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૮ ને લગતું.

x પૂર્વ પ્રાધ્યાપક, સાબરમતી આર્ટ્સ કૉલેજ, સાબરમતી, અમદાવાદ

ગૂઢ તત્ત્વો તથા સાદી શૈલી એને પ્રિય છે. એ જે પ્રશ્નોને સ્પર્શે છે તે રોજના જીવનને આવરી લેનારા છે તથા દર્શકોના અનુભવનાં રંગથી રંગાયેલા છે. એ જે વાતાવરણ અને પરિસ્થિતિનું નિર્માણ કરે છે તે સહુને પરિચિત છે. એમાં જ એ જીવનની સંગીન હકીકતો તથા બાહ્યજીવનની વિગતો આપે છે અને એ માટે પસંદ કરે છે. સમર્થ તથા વિશ્વસનીય કથાવસ્તુ. એની નાટ્યકળાની સફળતાનો આ ખૂબ જ મહત્ત્વનો ગુણ છે.

ઈબ્સનનાં કેટલાંક નાટકોનો અનુવાદ ગુજરાતીમાં પણ થયો છે. 'લેડી ફ્રોમ ધ સી' નાટક 'સાગરઘેલી' નામે, ઍન એનિમી ઑફ ધ પીપલ'' લોકશત્રુ' નામે, 'વાઈલ્ડ ડક' 'હંસી' નામે 'ડૉલ્સ હાઉસ' 'ઢીંગલી ઘર' નામે, 'ઘોસ્ટ્સ' 'ભૂતાવળ' અને 'ઈન્સ્પેક્ટર કોલ્સ 'સાહેબ આવે છે' નામે અનૂદિત થયું છે.

બકુલ જોશીપુરાએ પણ ઈબ્સનના એક નાટકનો અનુવાદ કર્યો છે. ૨૮ વર્ષની યુવાન વયે બકુલભાઈની પ્રથમ નાટ્યકૃતિ પ્રગટ થઈ 'સમાજના શિરોમણિ' (૧૯૫૩) આ નાટક ઈબ્સનની અમરકૃતિ 'પિપલ્સ ઑફ સોસાયટી'નો અનુવાદ છે.

ઉપર કહ્યાં તે નાટકો ગુજરાતીમાં માત્ર અનુવાદ પામી અટકી ગયાં છે એમ નથી. રંગભૂમિ પર એ ભજવાયાં પણ છે.

૧૯૪૦-૫૦ ના દસકામાં ગુજરાતી રંગભૂમિ ખૂબ ફાલી હતી. અમદાવાદમાં દર્શન, રૂપકસંઘ, રંગમંડળ, રાષ્ટ્રીય નાટ્યસંઘ, લોકનાટ્ય સંઘ, સેવાદળ સંસ્કાર વિભાગ, અખબારી સ્વાતંત્ર્ય સમિતિ, ગુજરાત કૉલેજ, કૉમર્સ કૉલેજ જેવાં મંડળોએ આ દસકામાં ખૂબ પ્રગતિ કરી હતી અને કંઈક નાટકો ભજવ્યાં હતાં, એમાં ઈબ્સનનાં નાટકો પણ ભજવાયાં હતાં,

૧૯૪૩-૪૪ માં'લોકનાટ્ય સંઘ' ની સ્થાપના થઈ હતી અને ઈબ્સનનાં 'ધી ડોલ્સ હાઉસ' નાટકને 'ઢીંગલી ઘર' શીર્ષક નીચે ૧૯૪૮ માં જૂના પ્રેમાભાઈ હોલમાં આ સંસ્થાએ ભજવ્યું હતું. નાટકનો અનુવાદ ગુજરાતીમાં પ્રાણજીવન પાઠકે કર્યો હતો. યશવંત શુક્લે 'લેડી ફ્રોમ ધી સી'નો અનુવાદ 'સાગરઘેલી' નામે કરેલો. એ તા. ૮-૪-૧૯૫૦ ની રાત્રિએ ભજવાયું. અમદાવાદમાં જૂના પ્રેમાભાઈ હૉલમાં તેના સાત થી આઠ પ્રયોગ થયેલા. ૧૯૪૩-૪૪ માં ઈબ્સનનું 'વાઈલ્ડ ડક' હંસી નામે ભજવાયું, જેનો અનુવાદ ૧૯૩૬ માં બાબુભાઈ વૈદ્યે કરેલો, 'ઈન્સ્પેક્ટર કોલ્સ'નો અનુવાદ 'સાહેબ આવે છે.' નામે ધનંજય ઠાકરે કરેલો. એ નાટક તા.૪-૯-૧૯૫૦ ની રાત્રીએ 'રંગમ્' નામની સંસ્થા દ્વારા ભારત ભુવન થિયેટરમાં ભજવાયું, 'એનિમિ ઑફ ધી પિપલ'નો અનુવાદ 'લોકશત્રુ' નામે કરી દિનાબહેને ભજવ્યું હતું. ૧૯૫૨ માં એના ત્રણ પ્રયોગ થયા હતા. આમ ગુજરાતી રંગભૂમિ પર ઈબ્સન છવાઈ ગયા હતા. નાટ્ય સાહિત્ય તેમજ રંગભૂમિ બંને ક્ષેત્રે એમનું સરખું આકર્ષણ હતું.

એના નીરોગી, વીંધી નાખે એવા, આરપાર દેખાતા, ઘરમાં બોલાતાં બળવાળા સંવાદોએ આકર્ષણ ઊભું કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. ભલે રૂકાવટવાળા છતાં ખાતરીપૂર્વક લખાયેલા, એ સંવાદો પ્રેક્ષકોને એટલા વિશ્વાસપાત્ર લાગ્યા હતા કે જેના કારણે એ સમયે સહુને મોહ પમાડી રહ્યા હતા.

'સુંદરી'નાં લખાણોમાં, જ. ઠા. જીવનચરિત્રમાં, ધનસુખલાલ મહેતા કૃત ગુજરાતી બિનધંધાદારી રંગભૂમિનાં ઈતિહાસમાં, ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં, એમ અત્રતત્ર આ નાટકો વિશે લખાયું છે. કેટલુંક લખાણ તો વિગતે ઉતારવું પડે, પણ એ પડતાં મૂકીને આપણે જે લેખકના નાટકો નિમિત્તે આ લખાણ લખી રહ્યા છીએ એમના જ એક લેખના થોડાક ઉતારાથી ચલાવી લેવું પડશે.

''લોકનાટ્યસંઘના આશ્રયે શ્રી. પ્રાણજીવન પાઠક અનુવાદિત 'ઢીંગલી ઘર' નાટકની સુંદર રજૂઆત થઈ. આ નાટકમાં ગુજરાતી રંગભૂમિનાં હાલનાં વિખ્યાત અભિનેત્રી શ્રી. દીના સંઘવીએ પહેલી વાર

અમદાવાદના તખ્તા ઉપર સુંદર ભૂમિકા ભજવી અને એક શ્રેષ્ઠ પ્રકારની અભિનેત્રી તરીકેનું માન પામ્યાં. આ નાટકમાં શ્રી. જશવંત ઠાકરે, શ્રી. વાડીલાલ શાહે, અને શ્રી. ભાસ્કરભાઈ દેસાઈ ઉર્ફે ઘેલુભાઈએ સુંદર કામ કરેલું. અવેતન રંગભૂમિના તખ્તા ઉપર આ નાટકે પહેલી જ વાર પચ્ચીસ પ્રયોગ પ્રેમાભાઈ હૉલમાં પૂરા કરેલા. વર્તમાનપત્રોનાં સમીક્ષકોનું ધ્યાન 'ઢીંગલીઘર' પછી નાટકને માટે ગંભીરપણે કદાચ પહેલી જ વાર દોરાયું છે એમ કહું તો અતિશયોકિત ભર્યું નહીં જ ગણાય. 'ઢીંગલીઘર'નાટકથી અમદાવાદની રંગભૂમિને નવી પ્રેરણા મળી એમ જરૂર કહી શકાય'' (બકુલ જોશીપુરા, વકીલના અસીલ અને બીજાં નાટકો, ૧૯૫૯, પ્ર. આ, પૃ.૧૯ )

આપણે જોયું કે ગુજરાતી સાહિત્ય તેમજ રંગભૂમિ બંને ક્ષેત્રે ઇબ્સનનું સરખું આકર્ષણ હતું. એ વખતે રંગભૂમિ પર કામ કરતા નટ અને નાટ્ય-લેખક શ્રી. બકુલભાઈ જોશીપુરા પણ એ આકર્ષણથી મુકત ન હતા, ઇબ્સનની અસર નીચે એમણે સંખ્યાબંધ નાટકો લખેલાં જે છપાયા વગરનાં તથા અગ્રંથસ્થ સ્થિતિમાં એમનાં ધર્મપત્ની પ્રતિભાબહેન પાસે ઉપલબ્ધ હતાં. તે અહીં પ્રથમ જ વાર ગ્રંથસ્થ થઈ પ્રગટ થઈ રહ્યાં છે.

આ તમામ નાટકો વાસ્તવવાદી પ્રશ્નપ્રધાન નાટકો છે. જીવન કેવું હોવું જોઈએ એની નહીં પણ કેવું છે એની વિગતો આ નાટકો સતત કહ્યા કરે છે, પરંપરાગત રૂઢિઓ રીત-રિવાજોને બૌદ્ધિક અને તર્કબદ્ધ રીતે પડકારે છે. તથા એ પ્રત્યેના મોહનો ભંગ કરે છે અને ભાવકને વિચાર કરતો કરે છે. આદર્શપૂર્ણ કે ભાવનાપૂર્ણ વિચારો તથા ભવ્ય કાલ્પનિક જીવનના આલેખનમાં લેખકને રસ નથી, પણ એમનાં નાટકો સમાજની સવિશેષ પાસેપણાનો અનુભવ કરાવે છે. જિવાતું જીવન અને એની વિવિધ સ્થિતિઓ આ નાટકોની સામગ્રી છે. લેખક કવિ હોવા છતાં ભાષા કાવ્યાત્મક નથી. અપવાદે જ તમને એનો અનુભવ થાય. ઊર્મિલ દશ્ય સામગ્રીનો પણ અભાવ છે. તર્કબદ્ધ વિચાર સામગ્રી, કટાક્ષો, હાસ્ય, તીખાશ જે કંઈ છે તે સરળ અને રોજની જીભવગી પણ કલાત્મક ભાષાથી પ્રગટ થાય છે. જે પ્રભાવ પાડે છે તે બૌદ્ધિક સંવાદો છે, ભલે તે અધૂરા હોય. વ્યવસાયે વકીલ, પ્રવાસનો શોખ, મળતાવડો સ્વભાવ વગેરેથી ઘડાયેલું સર્જકનું ચિત્ત છે. માટે જ સમાજનું વ્યાપક રીતે દર્શન કરાવી શક્યા છે. સ્વભાવે કવિ, સંગીત નાટક વગેરેનો શોખ ઇત્યાદિને કારણે જ એ કલાત્મક રીતે નાટકના માધ્યમથી થઈ શક્યું છે અને થિયેટર સાથેના જીવંત સંપર્કને કારણે જ સમાજ સાથેનો વ્યાપક તથા ઘનિષ્ટ સંબધ આ રીતે નાટ્યકલાના ઉપયોગે આવવો શક્ય બન્યો છે. છતાં એ તો નોંધવું જોઈએ કે નવલકથા અથવા એવા કોઈ પણ સ્વરૂપમાં ટકી જાય એવી વ્યર્થતા કે નીરસતા નાટકમાં તો જરાય ન ચાલે જે સર્જકે ચાલવા દીધી છે તે સમાજનું વ્યાપક દર્શન કરાવવાના પ્રલોભનને કારણે.

૨૮ વર્ષની ઉંમરે પ્રથમ નાટ્યકૃતિ પ્રગટ થઈ 'સમાજના શિરોમણી' (૧૯૫૩). ઇબ્સનની અમર કૃતિ Pillars of Societyનો એ અનુવાદ છે. નાટકમાં એક પાત્ર બીજા એક પાત્રને પ્રશ્ન પૂછે છે 'કહેવાતા મોટા સમાજો બહારથી ઘણા ભભકાવાળા દેખાય છે. પણ એ કાળા પડદા પાછળ શું હોય છે એની તેને ખબર છે ? બકુલભાઈએ નાટકોના માધ્યમથી આ પ્રશ્નનો જવાબ આપવાનું જ કાર્ય લગાતાર કર્યું છે. જે કાર્ય ઇબ્સન, ગોલ્સવર્ધી અને સમસ્યાપ્રધાન નાટકો લખનાર બીજા અનેકોએ કર્યું તે જ કાર્ય બકુલભાઈએ ગુજરાતીમાં એવા જ પ્રકારનાં નાટકો લખીને અને ભજવીને ચાલુ રાખ્યું.

બકુલભાઈ પોતાની દરેક રચનાની પહેલી નકલ એમનાં ધર્મપત્ની પ્રતિભાબહેનને આપતા એ જ રીતે 'સમાજના શિરોમણિ' નાટકની પણ પહેલી નકલ એમણે પ્રતિભાબહેનને આપેલી. આ નકલ પર લખ્યું છે 'આ નાટક વાંચી તને સમાજ શું છે તે સમજાશે.'

બકુલભાઈની મહેનત પણ આ પ્રકારનાં નાટકોના માધ્યમથી સમાજ શું છે એ સમજવાની અને

સમજાવવાની જ નિરંતર રહી છે. આ આખો ગ્રંથ એ જ વાતનું દ્યોતક છે.

બકુલભાઈને આ નાટકો દ્વારા સમાજ વિશે શું કહેવું છે ?

સમાજ એટલે 'પોલ અને સડો'. બસ આ જ બે શબ્દો કહેવા માટે બકુલભાઈની મથામણ સતત રહી છે. શંકા, તરફડાટ, અંતરનો ઉકળાટ, બિનસલામત જિંદગી, કુલક્ષય, મહાસત્યોનો અનાદર ઇત્યાદિ સમસ્યાપ્રધાન નાટકના લેખકોએ કહ્યા કર્યું છે અને સામાજિક રૂઢિઓ, પ્રતિષ્ઠાના ખ્યાલો, **રાજકારણીઓનાં** દંભ, પાખંડીઓનાં પાખંડ પર પ્રહારો કર્યાં છે તથા વ્યક્તિગત બખેડાઓ, અકળામણો અને મંથન **અંગેનાં** લખાણો કર્યાં છે. બકુલભાઈનાં આ નાટકો પણ એ જ વાત પર અજવાળું પાડે છે.

આ નાટકો વાસ્તવવાદી પ્રશ્નપ્રધાન હોવા છતાં એની એ પણ વિશેષતા છે કે એમાં લેખકનું વ્યક્તિ પણ એક યા બીજી રીતે ઉપયોગમાં આવતું રહ્યું છે. જેનું પૃથક્કરણ આ નાટકો પર વિશેષ પ્રકાશ પાડનારું તથા નાટકોને સમજવામાં ઉપકારક થઈ રહે ખરું તે કારણે અહીં કેટલાક મુદ્દાઓ કહ્યા છે.

(૧) અદ્ભુત યાદશકિત એ બકુલભાઈને મળેલી કુદરતી બક્ષીસ હતી. એમની સાથે સંભાષણ કરનારને એ વાતની ખબર છે કે જે વિષય અંગે એઓ કહે તે અંગે એમણે આપેલી માહિતી કોઈ ઇતિહાસ-લેખકે એકઠી કરી હોય એમ લાગે. કોઈ પણ નાટક લો. આ શકિતને કારણે એઓ કેટલી બધી હકીકતો આપે છે. ? 'સરલા'માં દેખાતી જૂની રંગભૂમિની ખબર, 'બાવલું'માં જે તે સમયનો ઇતિહાસ અને રાજકારણ ઇત્યાદિ એ વાત પર પ્રકાશ પાડે છે.

(૨) વકીલાતના વ્યવસાયની પણ સીધી અસર દેખાય છે. 'કાનૂની ક્ષેત્રે નારી' 'મૈત્રી કરાર' 'અદાલતના અરીસામાં' જેવા ગ્રંથો પણ એમણે કર્યા છે. આ ગ્રંથમાં આવતા **'બાવલું'** 'ઊંઘતો જાગે છે' કે એવાં નાટકો પર એવી અસર સ્પષ્ટ વરતાઈ આવે છે. પ્રશ્નો પૂછવાની વકીલાતની ચતુરાઈ જ માત્ર નહિ, ઉલટ તપાસ અંગેની ચતુરાઈ પણ એમાં છે. નાયક ઇચ્છિત જવાબો મેળવવામાં જે સફળતા મેળવે છે તેમાં એ અસર કેવી સ્પષ્ટ દેખાઈ આવે છે !

(૩) આ નાટકોના લેખક અને એમના કુટુંબ સાથે જે કોઈ પરિચયમાં આવ્યા છે તે અચૂક જ એમનાં પ્રસન્ન દાંપત્ય જીવનથી પ્રભાવિત રહ્યા છે. એમના આ વાસ્તવવાદી પ્રશ્નપ્રધાન નાટકોમાં દાંપત્ય જીવનની મુશ્કેલીઓ, પ્રશ્નો ઇત્યાદિ છે છતાં ''જીવનસંધ્યા'' નામક એક એવું નાટક પણ છે કે જેમાં પ્રસન્નદાંપત્ય- જીવનની છબી ઊપસી આવે છે. અપવાદરૂપે સમસ્યાપ્રધાન નાટકો કરતાં અલગ પડી આવતું આ નાટક લખ્યા વગર લેખક રહી શક્તા નથી જે બતાવે છે કે આદર, સ્વતંત્ર વ્યક્તિત્વનો અંગીકાર કરવો, જેવાં તત્ત્વોનો સ્વીકાર દાંપત્ય જીવનની સમસ્યાઓને કેવી રીતે હળવી કરી નાંખે છે ! વૃદ્ધાવસ્થામાં, માંદગીમાં કે ગમે તે પરિસ્થતિમાં પ્રસન્નતા ટકી રહી હતી. જીવન જીવવાની પદ્ધતિને એ માટે તેઓ કારણરૂપ ગણે છે. કેટલો બધો વિશ્વાસ છે એ પદ્ધતિ પર ! તેથી જ એવું પણ સાહસ કરવાનું વિચારે છે અને પત્નીને કહે છે કે 'વૃદ્ધાવસ્થામાં આનંદથી જીવવા માટેની તાલીમ આપવા માટેના આપણે કલાસ ખોલીએ તો ?' બકુલભાઈએ આત્મકથા લખી હોત તો એમના સફળ દાંપત્યજીવન સંદર્ભે એક વિસ્તૃત પ્રકરણ ચોક્કસ જ એમણે લખ્યું હોત. આવી વ્યક્તિને દાંપત્ય જીવનની સમસ્યાઓ શી છે એ સૂઝે જ નહિ, છતાં વ્યવસાયે વકીલ હોવાને કારણે અને મળતાવડા સ્વભાવને કારણે એમની નજર સામે આવા અનેક પ્રશ્નો રોજબરોજ તરતા રહ્યા છે જે આ ગ્રંથનાં નાટકોને ઉપયોગી બન્યા છે.

(૪) સ્થળે સ્થળે લેખકનું પોતાનું જ વ્યક્તિત્વ પાત્રના માધ્યમથી દેખાઈ આવે છે, 'કાકો - ''અંકલ''

પ્રેમ કરતાં શીખવાડે છે', એ નાટક લો. રંગીન છતાં બિલકુલ નિર્દોષ અને પવિત્ર વ્યક્તિત્વ હતું લેખકનું, જે અહીં કાકાના પાત્રમાં ઉદ્‌ઘાટિત થયું છે. કાકા રંગીન છે પણ ક્યાંય અપવિત્રતા નથી. જે કંઈ છે તે નિર્દોષ અને પવિત્ર ગુલાબી રમૂજ છે. લેખકની પોતાની જ છબી એ રીતે એમાં ઊતરી આવી છે. 'જય માઈ' લો. બકુલભાઈને વા હતો. વારે વારે ઢીંચણો પર હાથ ફેરવતા. વેદના છુપાવતા. ભાગ્યે જ ફરિયાદ કરતા પ્રતિભાબહેનથી પણ દરદ છુપાવતા, કેમ કે ફરિયાદ કરે તો પત્નીને ચિંતા થાય. પોતાની જાતે 'વા' ને કઈ રીતે કાઢવો એના પ્રયોગો કરતા. આ બધી વાતો જે એમણે કદી કોઈને કરી નથી તે 'જયમાઈ' નાટક દ્વારા એક સમસ્યાના રૂપમાં મૂકે છે. 'વા'નો દરેક 'ચસક' એમને દેવી મા, 'જયમાઈ', યાદ કરાવી દેતો છતાં ચહેરા પર દરદ પ્રગટ થવા દેતા નહીં. સદાય હસતા રહેતા વ્યક્તિની આ એક વિશેષતા હતી, આ રીતે આ પ્રકારનાં એમનાં કેટલાંક નાટકોમાં એમનું જીવન, વ્યક્તિત્વ, ઉદ્‌ઘાટિત થયું છે. બકુલભાઈને જે માણસ નિકટથી સમજ્યો છે તેને માટે આ નાટકો સમજવા સહેલાં છે. એટલું જ નહિ આસ્વાદ આપનારાં પણ બની રહે છે.

(૫) 'બકુલભાઈ : થોડાંક સ્મરણો' નામક મારા એક લેખમાં, મેં નોંધ્યું છે કે બકુલભાઈ કોઈને છૂટાછેડા અપાવતા જ ન હતા. છૂટાછેડાનો કેસ દાખલ થાય એ દિવસે એઓ બરાબર જમી પણ શકતા ન હતા. આંખમાં પાણી આવી જાય. તેઓ પતિ-પત્નીને સાથે રહેતાં કરી દે. કેટલીક વ્યક્તિઓ એમની પાસે છૂટાછેડા સંદર્ભે આવી હતી. કુશળતાથી તેઓએ બંનેને ભેગાં કર્યાં હતાં. તથા સાથે રહેતાં કર્યાં હતાં. અનેક પ્રસંગો છે. પણ એ બધા પડતાં મૂકીને 'પુનઃમિલન' નાટકનો પ્રસંગ લઈએ. આ પ્રસંગ બકુલભાઈએ 'અદાલતના અરીસામાં' નામક એમના ગ્રંથમાં એક લેખમાં વર્ણવ્યો પણ છે. આ સાચો બનેલો બનાવ છે જે અહીં નાટ્યરૂપ ધારણ કરી, ગ્રંથસ્થ થયો છે. પાત્રોનાં નામો બદલ્યાં છે. પણ એમને મન મહત્ત્વનું છે તે લક્ષ્ય સિદ્ધ કરવું એ છે. લક્ષ્ય શું છે ? લક્ષ્ય એ છે કે લગ્નની ભાવના ભારતીય સંસ્કૃતિમાં હજુ સુધી તેની પવિત્રતા ગુમાવી બેઠી નથી. એ લક્ષ્ય પ્રત્યેના વિશ્વાસથી એની સિદ્ધિ અર્થે છૂટછેડાના કેસો સંદર્ભે એમના પ્રયત્નો જીવનભર રહ્યા હતા. આ પણ એવો જ પ્રયત્ન છે. જેમ તેઓ અનેક પ્રયત્નોમાં સફળ થયા હતા તેમ આમાં પણ સફળ થાય છે. બકુલભાઈને કેસ લડતાં જેઓએ જોયા છે તે વકીલો, ન્યાયાધીશો અને અન્ય હાજર રહેનારાઓને એ વાતની ખબર છે કે તેઓ નાટ્યાત્મક પરિસ્થિતિ ઊભી કરતા અને હસતાં હસતાં પરિણામ સુધી પહોંચતા. એમ કરવામાં એમનું સાહસ પણ દંગ કરી દે એવું દેખાતું. વકીલ તરીકે એમના વ્યક્તિત્વનું આ એક આગવું પાસું હતું. 'પુનઃમિલન' નાટકમાં એ દેખાય છે. નાયિકાના પતિને કે કોઈને વિચારવાની પણ તક ન રહે એ રીતે તેઓ નાયિકાને શ્વસુરગૃહમાં દાખલ કરી દે છે. અપમાનિત થઈને પણ એ સામાપક્ષવાળાના ઘરમાં નફ્ફટ થઈ પ્રવેશે છે. હીંચકે બેસે છે. એ લોકો નાયિકાનું પણ અપમાન કરે છે. છતાં નાયિકાને શ્વસુરગૃહમાં દાખલ કરી દેવામાં સફળ થાય છે. પતિ-પત્નીના મિલનથી પછી તો દાવો પણ નીકળી ગયો.

(૬) બકુલભાઈ જીવનમાં કે કૉર્ટ કચેરીમાં, સમસ્યાઓ સામે, ઠીક ઠીક ચાબખા મારતા રહ્યા છે. એવા એમના વ્યક્તિની સીધી અસર આ નાટકોમાં પણ છે. વિષયની ગંભીરતા મરી ન જાય એ રીતે પ્રશ્નોનું પૃથક્કરણ કરતાં તેઓ ઠેકઠેકાણે ઉપહાસ, કટાક્ષ અને હાસ્યનો ઉપયોગ કરે છે; ઉ.ત., 'બૂફે ડીનર' જેવી આધુનિક પદ્ધતિને પણ હસી નાંખી - હસવામાં નિંદા કરીને ઘરનું ભોજન લેવા સંદર્ભે શીખામણ આપી છે અને જે રીતે સમસ્યા મૂકી છે તે ખરેખર અસર કરે તેવી છે, કેમકે તેઓ કહે છે : '...જે સ્ટ્રગલ ફીસ્ટ, મહેનત ભરી મિજબાની થતી તેનું થોડું આધુનિક સ્વરૂપ, સુધારા-વધારા સાથે, એ

આ બૂફે ડીનર'.

રમૂજવૃત્તિ બકુલભાઈના જીવનની શૈલીનો જ એક ભાગ હતી જે મા તરફથી વારસામાં મળેલી. આ કારણે જ અનેક માણસો એમની તરફ આકર્ષાયા હતા. આ એમની વૃત્તિ એમના દાંમ્પત્યજીવનને પ્રસન્ન રાખવામાં પણ કારણભૂત હતી. એમની સામાજિક કુશળતાનું રહસ્ય, સંબંધો બાંધવાની આવડત એમની તંદુરસ્તી ઇત્યાદિ એમના વ્યક્તિત્વમાં જે હતા તેને પણ આ વૃત્તિ સહાયક રહી હતી.

આ ગ્રંથનાં નાટકોમાં પણ એવા પ્રકારનો નિષ્કર્ષ તારવી શકાય કે દર્શકો એમનાં નાટકો તરફ સભાનપણે જે ખેંચાય છે તેનું એક કારણ રમૂજવૃત્તિ પણ છે. એમાં પેટ પકડીને હસાવે એવો હાસ્યરસ નથી, પણ હળવા છતાં દાઢમાં બોલાયેલા બૌદ્ધિક અને કટાક્ષપૂર્ણ વાક્યો છે. તેથી જ તો તે પ્રશ્નપ્રધાન એવા એમનાં નાટકોની અભિવ્યક્તિને અનુકૂળ અને ઉપકારક રહ્યાં છે. સંખ્યાબંધ ઉદાહરણો ટાંકી શકાય પણ બધાં પડતાં મૂકીને કેટલાંક નોંધીએ.

(અ) પડોશીનો નોકર જતો રહેતાં રમાને દયા આવે છે ત્યારે સુધીર કહે છે : ''તને બધાયની દયા આવે છે ? તું જો રજા આપતી હોય તો એ લોકોના વાસણ વિંછળાવવા માટે હું જાઉં ?' (નોકર)

(બ) સુરેશ રેડિયો, ટી.વી. કે છાપામાં શાકભાજી બાબતમાં કોઈ જાહેરાત જોઈ નથી એમ કહે છે ત્યારે રમીલા કહે છે. ''તમારું ભેજું પણ અજબનું ફળદ્રુપ છે. ભેજામાં ઉંધિયું ભર્યું લાગે છે.'' (ઉંધિયું)

(ક) સવિતાબેનને કચરો નીચે ફેંકવાની આદત છે. સુખલાલ કહે છે : ''જુઓ સવિતાબેન તમારા ઉપર મારે એક કવિતા લખવાની છે. પણ એક શરતે કે તમારે કચરો નીચે ફેંકવાનો નહીં.'' (સુશીલા અને સવિતા)

ઉપર જે વિધાનો કહ્યાં એ જો પેટ પકડીને હસાવે એવાં હોત તો એને સમસ્યાપ્રધાન નાટકોને નુકશાન કર્યું હોત. પ્રેક્ષકોનું ધ્યાન પ્રશ્ન પરથી ખસીને હાસ્ય તરફ કેંદ્રિત થયું હોત અને નાટકો 'વાસ્તવવાદી પ્રશ્નપ્રધાન બનવાને બદલે પ્રહસનો બની ગયાં હોત, પણ એમ થયું નથી.

આમ જોઈ શકાય છે કે બકુલભાઈ જે હાસ્યરસમાંથી દર્શકોને પસાર કરે છે તેને કારણે પ્રેક્ષકો કંઈ બેઠકો પરથી નીચે લપસી જતાં નથી અથવા પડી પણ જતાં નથી, પરંતુ એમનું ધ્યાન પ્રશ્ન કે નાટક-વસ્તુ પ્રતિ દોરાય છે. એટલુંજ નહિ, લખનાર તરફ પણ એ આકર્ષાય છે. એવા પણ તીખાં કટાક્ષબાણો નથી કે કોઈને એ અપમાનજનક લાગે અથવા આત્મસંયમને હાનિ પહોંચાડે. આમ હોવાને કારણે જ કોઈ એમનાં દુશ્મન બન્યાં નથી પણ લેખક પોતે સહાનુભૂતિના હકદાર બન્યા છે. જજ કે વકીલોએ પણ કદી એમની આ વાણીનો વિરોધ કર્યો નથી. કહેવામાં હંમેશાં સાહસી રહ્યા છે. બોલવામાં બીક લાગે એવાં વિધાનો રમૂજ રમૂજમાં તેઓ કહી શકે છે. ઝેરીલા સાપ જેવા અને વાઘ જેવા એ હોય તો પણ સહુ ગમતા તથા ચાહવા જેવાં હોય છે. કારણ કે એ એવા છતાં સરમુખત્યારની જેમ હત્યાકાંડની યોજના કરે તેવા નથી, પરંતુ પશુથી પણ બૂરા એવા માનવીને અને એના દ્વારા સર્જાતી પરિસ્થિતિને પ્રગટ કરે છે. ક્યારેક અવળવાણીમાં તો ક્યારેક સવળવાણીમાં એ ચોટ મારે છે.

આ રીતે આ ક્ષેત્રમાં કામ કરનારાઓમાં બકુલભાઈ અપવાદરૂપ હતા 'બાવલું'માં તો ખુદ ગાંધીજી પણ એમને અપવાદ જેવા ગણે છે. વકીલ તરીકે બકુલભાઈ જે જવાબ આપે છે તે પણ આ જ વાતને વધુને વધુ સ્પષ્ટ થવા દે છે. એઓ કહે છે 'હું જ. અપવાદવાળો જ છું. તેથી જ તો તમારી ઉલટતપાસ કરવાની મને તક મળે છે. બાકી તો મહામાનવ, મહાત્મા, સંત, સત્યવાદી, પ્રખર બુદ્ધિશાળી, રાષ્ટ્રપિતા, એવા મહાત્માજીની ઉલટતપાસ લેવાનો વિચાર બીજો કોઈ કરેને તો તે બેભાન જ થઈ જાય.' આ પ્રમાણે વકીલના

પાત્રને મહત્ત્વ-પ્રદાન કરીને, એના દ્વારા પુછાયેલા પ્રશ્નો, સમસ્યાઓ, ઉપસાવી આપવાનો નાટ્યાત્મક સફળ પ્રયત્ન લેખક કરે છે. આમ વ્યક્તિત્વ રમૂજી, મોજ, મસ્તી, તોફાની હોય તો પણ સમસ્યાના ઉદ્ઘાટન કે એની રજૂઆતમાં આડે ન આવવું જોઈએ પણ નાટક નામના સાધનને મદદકર્તા બનવું જોઈએ એ સમજ બકુલભાઈનાં નાટકોએ પૂરી પાડી છે.

બકુલભાઈ હાસ્યના માધ્યમે કરીને ઘણી ગંભીર વાત વખતોવખત કહેતા રહ્યા છે, પછી એ સામાન્ય વાતચીત હોય. કોર્ટમાં દલીલો હોય કે ગમે ત્યાં હાસ્યનો ઉપયોગ કરતા હોય. આ નાટકોમાં પણ એમ થયું છે. નાટક પ્રહસન હોય તો પણ હાસ્યના માધ્યમે કરીને ગંભીર વાત જ મહત્ત્વ પામે છે, એવી રીતે કે નાટકને વાસ્તવવાદી પ્રશ્નપ્રધાન નાટક બનવામાં પ્રહસનનાં તત્ત્વો બાધારૂપ ન બને; દા.ત.'બૂફે ડીનર'માં પાટલે બેસીને નિરાંતે જમવાની ભારતીય જમણ પદ્ધતિનું ગૌરવ કરે છે. એમ કરવાને માટે તેઓ બૂફે ડીનરની મર્યાદાઓ રમૂજી રીતે અને કુશળતાથી વણે છે. બૂફે ડીનરનો ઇતિહાસ અને સાઈકલોપીડીયા પણ ઉકેલે છે. નાટક આમ તો પ્રહસન છે. પણ એ નિમિત્તે એમનું લક્ષ્ય ભારતીય પ્રજા અને એની જમણ પદ્ધતિ તથા એમાં દેખાતી સંસ્કારિતા ઇત્યાદિ તથા ચર્ચા માટે પ્રશ્ન ઊભો કરવો એ તરફ જ રહ્યું છે અને એમ કરવામાં એઓ સફળ પણ રહ્યા છે.

(૭) જશવંત ઠાકરની બહુ જ ઘેરી અસર હતી. ગુજરાતી ધરતી ઉપર લોકનાટ્ય સંઘ (ઈપ્ટા) સાથે જશવંત ઠાકરે પગ મૂક્યો એ સાલ ૧૯૪૫ હતી. ત્યારે બકુલ જોશીપુરા ૨૦-૨૧ વર્ષની યુવાન વયે જ.ઠા.ની ખૂબ જ અસર નીચે આવ્યા. ઈપ્ટાના નાટકો 'હંસી' 'ઢીંગલી ઘર' 'હેમ્લેટ' 'શાહજહાં' 'મુદ્રારાક્ષસ' વગેરેમાં ભૂમિકા ભજવી અને જ.ઠા.ના નિકટના મિત્ર બની ચૂક્યા. માત્ર નાટક અંગેના જ નહીં, પણ સામ્યવાદ, સુધારાવાદ, સાહિત્ય અને સ્વતંત્રતા સંદર્ભે થતાં આદોલનો ઇત્યાદિ અંગે જ.ઠા. ના વિચારની પણ ઠીક ઠીક અસર પામ્યા હતા. જ.ઠા. ની પ્રવૃત્તિઓમાં મિત્ર તરીકે સતત સહકાર આપ્યો. ૧૯૪૭ માં જ.ઠા.એ શરૂ કરેલ 'નાટક' નામના પાક્ષિક માટે જ.ઠા.ને બકુલભાઈનો સક્રિય સહકાર સાંપડ્યો. આ મિત્રતાને કારણે જ જીવનભર એક વકીલ તરીકે તથા આર્થિક રીતે પણ બકુલભાઈ જ.ઠા.ને સતત મદદરૂપ થતા રહ્યા. 'રોટલી'નામનું જે નાટક ગ્રંથસ્થ થયું છે તે કદાચ જ.ઠા.ની સીધી અસરનું પરિણામ છે. સામ્યવાદી વિચારધારાની નાટકોમાં બોલબાલા હતી તે સમયે આ નાટક લખાયું,'ભૂખ' ને મટાડતી 'રોટલી' એ વિષય, વિષય તરીકે અતિ સામાન્ય લાગે પણ એ માણસની પ્રાથમિક જરૂરિયાત છે. એ વગર પેટમાં રમખાણો થાય છે. લેખકે ભલે પેટમાં થતાં રમખાણની વાત કરી પણ અંગુલિનિર્દેશ તો છે પેટનો ખાડો પૂરવા સમાજમાં જે રમખાણો થાય છે એ સમસ્યા તરફ. એટલું જ નહિ, ઈપ્ટાએ જે નાટકો ભજવ્યાં તેને પણ બકુલભાઈએ લગાતાર પ્રેરણા પૂરી પાડી છે અને ગ્રંથમાં છે એવાં નાટકો ગુજરાતને હમેશાં આપ્યાં છે.

(૮) બકુલભાઈના વ્યક્તિત્વનું એક નિરાળું પાસું શશીકાંત નાણાંવટીએ સુરેખ ઉપસાવી આપ્યું છે. એમના જ શબ્દોમાં જોઈએ '... વાર્તાલાપ કરવાની એમની અદ્ભુત શૈલી ભારે રસપ્રદ હતી. સાંભળનાર થાક્યા કંટાળ્યા વિના તેમને કલાકો સુધી મુગ્ધતાથી સાંભળ્યા કરતો. આ એમની આગવી વિશેષતા હતી જે મને અંગત રીતે ખૂબ જ ગમતી. વાતો કરવાનો રસ તો એમનામાં અનંત કાળ સુધી જળવાઈ રહેલો. એમની વાતોના વિષયો પણ અનેકરંગી હોય. વકીલાત, અદાલત, નાટક, સાહિત્ય, કવિતા, જૂની-નવી રંગભૂમિના નામી કલાકારો વગેરે એમના પ્રિય વિષયો. એ આ બધી વાતો કરે ત્યારે શ્રોતા ''વાર્તારસ''માં ગળાડૂબ ડૂબેલા રહે' - આ અપૂર્વતા ગ્રંથસ્થ નાટકોમાં પણ અત્રતત્ર ફેલાયેલી દેખાય છે. 'પડછાયા પ્લેગના' ઉદાહરણ તરીકે લો. અજય જ બોલબોલ કરે છે. લક્ષ્ય છે પ્લેગના

દૂષણને અભિવ્યક્ત કરવાનું. સીધું ભાષણ નહિ, ઉપદેશ પણ નહિ, સ્વગતોક્તિ પણ નહિ, પણ એવું છાસિયું કે જેના માધ્યમથી પ્લેગ અંગેની અતિ ગંભીરતા ઉદ્‌ઘાટિત થઈ શકે. આમ ખોટી જીભાજોડી કે દલીલોથી બચીને કઈ રીતે પોતાની વાત સામી વ્યક્તિના મનમાં દાખલ કરી દેવી એવી બકુલભાઈની છાપવાળી પદ્ધતિ આ નાટકમાં કેવી અભિવ્યક્તિ પામી છે !

(૯) બકુલભાઈના સંપર્કમાં આવનાર સહુ કોઈ જાણે છે કે ઝાઝા હાવભાવ વગર અથવા બિલકુલ સહજ અને સરળ રીતે, એમના કટાક્ષો પ્રદર્શિત થતા, પછી એ ઘરમાં થયેલા હોય કે કૉર્ટમાં, છતાં એકદમ અસરકારક રહેતા. આ નાટકોમાં પણ એ પદ્ધતિ જ દેખાય છે; દા.ત. બાપુ શાળામાં શિક્ષકો પસંદ કરવા ઇન્ટર્વ્યુ ગોઠવે છે. પણ હજુરિયાને પૂછે છે. : 'અલ્યા, પણ એ લોકોને પૂછવાનું શું ? (બાપુની શાળા.)

બકુલભાઈ જાતે નટ હતા તેથી એ વિધાનોમાં વખતોવખત અંગોપાંગોના તથા વાચા ઇત્યાદિના મરોડોની શક્તિઓ પણ દાખલ થયેલી દેખાય છે. પછી એ વિધાનો કટાક્ષો કે એવા ઉદ્દેશો વગરનાં હોય;

દા.ત. ઇંદ્ર ધરતીને પૂછે છે : 'આ તમારાં રંગરૂપ કેમ બદલાઈ ગયાં છે ? (ઇંદ્રનો દરબાર)

અથવા નીચેનું વિધાન જુઓ.

ઇંદ્ર : તમે તો માણસને ખૂબ જ પ્યાર કરો છો, પોતાના બાળકની જેમ ઉછેરો છો....(ઇંદ્રનો દરબાર)

કે ધરતીમાએ ઉચ્ચારેલું નીચેનું વિધાન જુઓ.

આજનો માણસ એકબીજાના લોહીનો તરસ્યો થયો છે. સગો દીકરો પોતાની માને વિધવા બનાવે છે....' (ઇંદ્રનો દરબાર)

બંને નાટકનાં વિધાનો બરાબર તપાસો. બાપુનું વિધાન અર્થવાહક અવાજના રણકાર પર જ આધાર રાખવાનું અથવા હાથની ચેષ્ટા જો એ કરશે તો કરકસરથી વપરાતી વાચા જેવી હશે. ઇંદ્ર જો હાથની ક્રિયા કરશે તો તે વધારે કઠણ હશે. ધરતીના હાથની ક્રિયા મુલાયમ. બાપુ સાદું બોલે છે. ઇંદ્ર અનુમાન બાંધી બોલે છે. ધરતીની વાણી દુ:ખવાળી, શોકવાળી છે. આમ નટ હોવાને કારણે બકુલભાઈ પ્રશ્નપ્રધાન નાટકોને ઉપયોગી એવા અભિનયને નાટ્ય-લેખમાં દાખલ થવા દે છે. એમાં એમનું સીધુંસાદું તથા નટ તરીકેનું પણ વ્યક્તિત્વ પ્રવેશ પામે છે તથા નાટકોને એક ચોક્કસ મુદ્રા અર્પે છે.

આમ આ નાટકોના માધ્યમથી જોઈ શકાય છે કે બકુલભાઈના જીવનની ફિલસૂફી, જીવન જીવવાની અને અભિનયની પદ્ધતિ ઇત્યાદિ શી છે અને શી રીતે ઉદ્‌ઘાટિત થાય છે.

કેટલાક પ્રશ્નો તો એવા છે કે જેને માટે કાયદો પણ મૌન છે અને અદાલતનું વલણ કેવું હોઈ શકે જેવા પ્રશ્નો એ સંદર્ભે લેખક દ્વારા ઊભા થાય છે. આવા પ્રશ્નો વિચાર માટે, રમતા મૂકવા એ એમનો હેતુ પણ છે; દા.ત. 'રસોડાની રાણી' માં પ્રશ્ન એ છે કે એક આદર્શ ગૃહિણીને એનો પતિ એના જ ઘરમાં રસોડામાં જ રસોઈ કરવા ના પાડે છે. તો એવા ધનાઢ્ય પતિનું એવું વર્તન પત્નીને માનસિક ત્રાસ આપતું ગણાય કે નહિ ? 'મેન્ટલ, ક્રુઅલ્ટી કહેવાય કે નહિ ?

આધુનિક નાટક પ્રશ્નો દર્શકો સામે મૂકે છે, પ્રેક્ષકોને વિચાર કરતાં કરવા એ એમનો હેતુ હોય છે. બકુલભાઈના સંખ્યાબંધ નાટકો આ પદ્ધતિનાં છે. અંતે તો નાટ્યકાર કરે છે શું ? પ્રશ્ન ઊભો કરે છે. નાટક નામના સાધનમાં બકુલભાઈનું લક્ષ્ય પણ પ્રશ્ન ઊભો કરવો એ છે અને એમાંથી સર્જાયા છે આ વાસ્તવવાદી પ્રશ્નપ્રધાન નાટકો. 'પન્ના'માં પ્રશ્ન એ છે કે બાપ ફરી પરણવા માગે છે. મા બીજો ભવ કરવા માગતી નથી,

એનું લક્ષ્ય માત્ર પન્નાનો સારી રીતે ઉછેર કરવો તે છે. બાપને પન્ના પ્રત્યે લાગણી તો છે, પણ માત્ર લાગણી પૂરતી ના ગણાય. આવા સંજોગોમાં પન્ના કોને સોંપવી એ સંદર્ભે અદાલતનું વલણ કેવું હોઈ શકે જેવા પ્રશ્નો લેખક ઊભા કરે છે. કેટલાક વિષયો તો નવા જ લઈ આવે છે. એવા કે જેનું નાટક થઈ શકે એવું કલ્પી શકાય જ નહિ; દા.ત. ઘરોળી ને વિષય બનાવે છે અને 'ઘરોળી પરચેઝ પ્રાઈવેટ લિમિટેડ' નામનું વાસ્તવવાદી પ્રશ્નપ્રધાન નાટક રચે છે. ગાંધીજી રાષ્ટ્રપિતા ખરા, પણ એ માટે કોઈ કાયદો નહિ, બંધારણ સાથે એને સંબંધ નહિ, લોકમતે એ નક્કી થયું છે એમ પણ નથી. એ તો એ રીતે થયું કે કૉંગ્રેસ પક્ષ સત્તા પર આવ્યો અને એમાં બધા ગાંધીજીના અનુયાયીઓ જ હતા એટલે એ જ રાષ્ટ્રપિતા કહેવાયા. બકુલભાઈ 'બાવલું'માં પ્રશ્ન ઊભો કરે છે કે શું આ બંધારણની વિરુદ્ધ બિનલોકશાહી પગલું નથી ? આવા પ્રશ્નો તેઓ આ વાસ્તવવાદી પ્રશ્નપ્રધાન નાટકમાં વણે છે. પ્રશ્નો ઉપરાંત બકુલભાઈ ચિત્કારો, દુઃખો ઇત્યાદિ પણ મૂકે છે; દા.ત ધરતી પર વધી ગયેલી સમસ્યાઓ અંગે ખૂદ ધરતી મા ઇંદ્રના દરબારમાં જઈ ચીસ પાડે છે. લાગવગ, ભ્રષ્ટાચાર વગેરેથી ખદબદતું કેળવણી તંત્ર બકુલભાઈને હચમચાવી મૂકે છે અને 'અંગૂઠો' નાટક લખે છે. ચીલાચાલુ દૃષ્ટિ કે માન્યતા કરતાં જુદી જ દૃષ્ટિ કે માન્યતા પણ હોઈ શકે એ વાત ઉપસાવવામાં પણ બકુલભાઈને રસ રહ્યો છે. એ માટે જ કદાચ 'બાવલું' 'અંગૂઠો' જેવાં નાટકો લખાયાં છે. પરંપરાગત ખ્યાલો- માન્યતાઓનો એમણે ભલે રમૂજો દ્વારા છેદ ઉરાડી દીધો છે પણ જે પ્રશ્નો ઊભા થાય છે તે મહત્ત્વ-પ્રદાન પામીને જૂની માન્યતાઓ તથા ખ્યાલો સામે કંઈકને કંઈક નવું વિચારવાને પ્રેરે છે. 'આ તો આપણને ન સૂઝ્યું'' એમ દર્શકોને સતત થાય છે. અનેક વિષયોને લેખકે એ રીતે છેડ્યા અને છંછેડ્યાં છે. નાટ્ય-સત્ય સુધી આ નાટકો પહોંચે છે કે નહિ એ ચર્ચાનો વિષય હોવા છતાં એટલું તો સ્પષ્ટ છે કે પરંપરાગત રીતે રૂઢ થયેલ વાતને, આ નાટકોમાં વપરાયેલા વાગ્બાણથી દિગ્મૂઢ થઈ જવાય એવી દલીલોથી અને વિચાર કરવા તરતા મૂકાયેલા પ્રશ્નોથી, લેખકે તીતર-ભીતર કરી નાખી છે. જીવનની જુદી જુદી પરિસ્થિતિઓ, અપેક્ષાઓ, ગમા-અણગમા, આશા-નિરાશા, લાગણીઓ, વેદના સામાન્ય કહી શકાય એવા પ્રસંગો, રંગીનતા, મોજ, મસ્તી, તોફાનો ઇત્યાદિ બકુલભાઈના જીવનમાં સતત થયા કર્યું છે. આમ છતાં એ બધું થવામાં મોટી ધમાચકડી, અકસ્માતો કે મોટા બનાવો બન્યા નથી. પાણીના નાના પ્રવાહની માફક એ ચાલ્યું છે. આવા એમના જીવનની જ જાણે કે સીધી છબી એમના આ નાટકોએ ઝીલી છે. તમામ આ નાટકો વાસ્તવવાદી પ્રશ્નપ્રધાન હોવા છતાં એમાં મોટી ધમાચકડી, અકસ્માતો કે મોટા બનાવો નથી. બધું જ શાંત સરળ પાણીના રેલાની માફક ચાલ્યું જાય છે. પરિસ્થિતિ તથા અપેક્ષાનું નાટક 'સ્કૂટર સ્કૂટર સ્કૂટર' જુઓ. 'નોકર' 'ઊંધિયું' કે 'બૂફે ડીનર' જુઓ. આ તમામ નાટકો, ઉપર કહી એ વાત પર જ પ્રકાશ પાડે છે.

આ રીતે આપણે 'વિષયપ્રવેશ' કરી, 'ભૂમિકા'ના માધ્યમથી, લેખકનું વ્યક્તિત્વ શી રીતે ઉપયોગમાં આવતું રહ્યું છે તે જોયું.

આ નાટકો શી રીતે 'વાસ્તવવાદી પ્રશ્નપ્રધાન નાટકો' છે તે હવે આપણે જોઇએ.

કેવાં છે આ નાટકો ? કેટલાંક ઉદાહરણો લઈએ. 'એ કોણ ?'-માં બનાવટી બાવો અને લોકમાનસ છતું થાય છે. 'ઘરોળી' એવી ચિંતામાંથી આવેલું નાટક છે કે પરદેશીઓએ આ દેશમાંથી લીમડો, તુલસી લેવા માંડી છે અને જે કંઈ બાકી છે તે પર પણ એમની નજર છે. આપણે માટે થઈ પડેલી આ 'સમસ્યા' લેખક પ્રહસનના માધ્યમથી ભલે રજૂ કરે છે પણ સર્જે તો છે કરુણ પરિસ્થિતિ. તોલમાપમાં છેતરપિંડીનું નાટક 'ઊંધિયું' છે. વહેમ અંગેનું નાટક 'સઘર્ષ' છે. દાંપત્ય જીવનમાં કેવી નાની નાની બાબતોમાં સંઘર્ષ થાય છે તે એ દર્શાવે છે અને છૂટાછેડાના કાયદામાં સમાધાન કરાવવા ન્યાયાધીશે પ્રયત્ન કરવો જોઈએ એવી કલમ છે એ તરફ ધ્યાન કેંદ્રિત કરે છે.'અકસ્માત' અને 'રડતી જિંદગી' જેવાં નાટકોમાં પ્રશ્ન મજદૂર વર્ગનાં શોષણ તથા માલિકોનાં

જૂઠાણાં અને દંભ અંગેનો છે. શેઠિયાઓ, પોલીસો, વકીલો વગેરેના દુરિતને લેખક ખુલ્લું કરે છે અને એ સામે મજૂરો તથા શોષિતોની લાચારી તરફ દર્શકોનું ધ્યાન કેંદ્રિત કરે છે. એ પ્રશ્ન મૂકવાનું લેખકનું લક્ષ્ય સિદ્ધ થયું ત્યાં નાટક પૂરું થાય છે. સમયસર ના ઊઠતા પતિદેવો પણ એક સમસ્યા જ છે ને ? બકુલભાઈ તે સંદર્ભનું નાટક લખે છે 'ઊંઘતો જાગે છે.' વકીલો અને ડૉક્ટરો 'Professional Secrecy' ના નામે પણ ઘણું મહત્ત્વનું સત્ય છુપાવે છે અને તેનાથી અનિષ્ટો તથા અન્યાય સર્જાય છે એ સમસ્યા સંદર્ભનું નાટક છે 'ડૉ. રમેશ'. પડોશમાં કચરો નાખવો એ પ્રશ્ન લેખક 'સુશીલા અને સવિતા' માં છેડે છે. ગંદકીના ઢગલા, ઉંદરો વગેરેને કારણે મરકી મહામારી પ્લેગની સમસ્યા સર્જાય છે. એને લગતું નાટક 'પડછાયા પ્લેગના અહીં ગ્રંથસ્થ છે. જગત કીમિયાગીરી, આટાપાટાથી, એકબીજાને છેતરીને ચાલે છે. શુદ્ધ સમાજજીવનને માટે આ શું બરોબર છે ? આ કોયડો બકુલભાઈના નાટક 'દુનિયા ઝૂકતી હૈ'નો વિષય બને છે. આ દુનિયા કેવી રીતે છે ? નમી જાય એવી, નમાવનાર જોઈએ ને એ રીતે બાલુ નિરાશ પ્રેમમંડળ સ્થાપે છે અને સફળ થાય છે. આ પદ્ધતિ શુદ્ધ, સમાજરચના માટે જે પ્રશ્નો ઊભા કરે છે એ તરફ લેખક દર્શકોનું ધ્યાન કેંદ્રિત કરે છે અને એમને વિચાર કરતા કરે છે. એવી જ કીમિયાગીરી, આટાપાટા, છેતરામણી, એક ગામનો કાકો કરે છે. એ યુવતીની છેડતી કરે છે, પણ છેતરામણી કુશળતાથી તથા બચીને સમ્માન પામે છે. 'અપમાનિતાના સન્માન' માં તે આલેખાયું છે. એકબીજાને છેતરીને 'એપ્રિલ ફુલ' બનાવવા એ પણ સમસ્યા જ છે ને ? બકુલભાઈ એ વિષયનું પણ નાટક લખે છે. 'નવનીતલાલ ગુજરી ગયા.' આપણે બધાં પશ્ચિમના પ્રવાહે આપણી સંસ્કૃતિ ભૂલતાં જઈએ છીએ. આથી વધુ દુઃખદ પ્રશ્ન બીજો કયો હોઈ શકે ? ગેન્ગી આન્ટીની મોર્નિંગા'માં એ મુકાયો છે. તો પૈસા કમાવાના પ્રલોભને વિદેશ જતા યુવાનો અને એમાંથી સર્જાતી સમસ્યા અંગેનો વિષય પણ 'ડોલરિયા બાપ અને મમતાળુ મા' નાટકમાં રજૂ થયો છે. એવો જ કોયડો પશ્ચિમની ભાષા, જીવન, ઇત્યાદિ અંગેનો છે. આવા તો કંઈ કેટલાય પ્રશ્નો લેખક લઈ આવે છે. સમસ્યા, સમસ્યા. એમને તો પૂરી ધરતી સમસ્યાઓથી ભરી ભરી લાગે છે. ધરતી પોતે પણ ભાર સહી શકતી નથી. માટે પ્રશ્નોની રજૂઆત કરવા જાતે ઇંદ્ર પાસે જાય છે. એનું નાટક છે 'ઇંદ્રનો દરબાર'. આ રીતે બકુલભાઈનો પ્રયત્ન સર્વ ક્ષેત્રોમાં ક્રાંતિની ભાવના જાગૃત કરવાનો રહ્યો છે, પરિણામે એમણે એમનાં નાટકોને અનેક નવા રોચક વિષયોથી સમૃદ્ધ કર્યાં છે. આ જીવન અને સમાજમાં અનેક કોયડાઓ છે. આ નાટકોમાં લેખક એ કોયડાઓને વણી લેવાનો પ્રયત્ન કરે છે. 'ધાર્યું ધણીનું થાય.' વેદનાનું નાટક છે. કેવા પ્રકારની વેદના ? કવિને વેદના છે કે કોઈ એનું મુક્તક સાંભળતું નથી. એટલે પત્નીને સાંભળવાની ફરજ પાડે છે. પત્ની દુઃખી છે, કારણ કે એ મુક્તક સમજાતું નથી. આમ વેદના તો સામાન્ય છે. પણ જે રીતે એ જીવનનો એક ભાગ બની રહી છે તેને ઉદ્‌ઘાટિત કરવા લેખક નાટક નામના કરણનો ઉપયોગ કરે છે. નાયક પોતાની શાંતિ માટે જ આ બધું કરતો હોય એમ લાગે છે, પણ સામી વ્યક્તિ પર જ્યારે એ લાદવામાં આવે છે ત્યારે એ વ્યક્તિ પોતે મરતી હોય એવો અનુભવ કરે છે. આમ વાત સામાન્ય છે. છતાં જીવનના ઘેરા કારુણ્યને આકારિત કરે છે. એમાંય ઉમેરાય છે ઘટના. કેટલીક ઘટના જ એવી બને છે કે જેમાં ભારોભાર દુઃખ હોય. પત્ની પતિને ટિકિટ લેવા મોકલે છે. ભૂલી જાય છે કે તરલિકા અને એના પતિ મહેમાન થઈને આવવાનાં છે. આ પરિસ્થિતિમાંથી ઊભું થતું દુઃખ, ધર્મસંકટ, અંતે તો કુદરતી સહાયથી જ દૂર થાય છે. એ છે આ નાટકનો ચમત્કાર. આવા કેટલાક નાટ્યાત્મક ચમત્કારો. નાટકો નાનાં છે તો પણ આ નાટકોને આગવું પરિમાણ બક્ષે છે. આમ છતાં પ્રશ્નો જે છે તે દર્શકોને વિચાર માટે તો પ્રેરે જ છે.

વ્યક્તિના જ નહીં લોકસમાજના વિચિત્ર માનસને પણ નાટકની રચના કરનાર સ્પર્શે છે. 'એ કોણ ?' ઉત્તમ ઉદાહરણ છે. ખૂનીને એકે સાધુ માની લીધો એટલે ગામ આખું એને સાધુ તરીકે પૂજવા લાગ્યું, પણ વાત જુદી હતી. લેખકને જે કહેવું છે તે એ છે કે લોકોને મગજ હોતું નથી, તે કારણ વગર કોઈ વ્યક્તિને જ ઇચ્છે છે, એમને નેતા જોઇએ છે. લોક નમ્ર વિષયોમાં રાચે છે. આવા લોકનું માનસ ટોળાના માનસની બરાબર

જ નજીક છે જે અહીં ઉદ્‌ઘાટિત થાય છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે લોક-માનસ પોતે જ એક કોયડો નથી શું ?

વિષયો સ્થાયી અને સર્વદેશીય નથી. કેટલાક તો માત્ર છૂટાછેડા, અદાલતમાં તોફાન, લાંચ રુશ્વત જેવી, અખબારોમાં આવતી, સમસ્યાઓ જ છે. એ પણ સમગ્ર માનવજાતની નહીં પણ કોઈ વ્યક્તિ વર્ગ કે જાતિની છે; દા.ત. કોઈના લગ્ન ન થઈ શકે એ પાછળ અનેક કારણો હોઈ શકે પણ બાપ દીકરો બંને કન્યા માટેના ઉમેદવાર હોય તો પણ એકના લગ્ન ન થઈ શકે. આવી સમસ્યા ઊભી થવા પાછળ બંનેની વિચિત્રતા જવાબદાર છે તે લેખક ઉદ્‌ઘાટિત કરે છે 'ઘરમાં એકલું એકલું' લાગે છે નામના નાટકમાં. 'રીસામણે બેઠા' ગમા અણગમાનું નાટક છે. સરસ મઝાનું ઘર છોડી બીજું ખરીદવાની ઇચ્છા કરતી પત્નીને નાયક જુદા જુદા ફ્લેટ વગેરે બતાવે છે ને એ જોતાં, આધુનિકતાના નામે ઊભી થયેલી બદબૂ જોતાં, પત્નીનો ઘર બદલવાનો મોહ જતો રહે છે. એ ઘટના નિમિત્તે આધુનિકતાના નામે સમાજે શું શું વાહિયાત એકઠું કર્યું છે એ સંદર્ભે આ નાટક પ્રકાશ પાડે છે. ભલે એ પ્રહસન છે છતાં અંતે તો બગડેલા જીવન, સમાજ અને પરિસ્થિતિનું ગાંભીર્ય ઊભું કરે છે. અને આ અશુદ્ધિનું શું કરવું એવો પ્રશ્ન મૂકી દર્શકોને જાગૃત કરે છે. આમ છતાં નોંધીયે કે આ બધી સમસ્યાઓ એવી છે કે જે પૂરી થતાં નાટકની લોકપ્રિયતા રહે નહીં, એનું સાહિત્ય મહત્ત્વ પણ રહે નહિ, પરંતુ આ મર્યાદા તો આખા યુગના ઇબ્સનવાદી સમસ્યાપ્રધાન નાટકોની રહી છે. બકુલભાઈનાં નાટકો પણ આ જે કહ્યું એ વાતનાં જ દ્યોતક છે.

છાપામાં એવા સમાચાર આવ્યા અથવા લખાણ આવ્યું કે મેરેલીન મનરોના જૂનાં કપડાં ૪૦ હજાર પાઉન્ડમાં વેચાયાં અને બકુલભાઈએ એ વિષય નાટક માટે પસંદ કરી લીધો. એ જ રીતે આ ગ્રંથમાં એમનાં ગ્રંથસ્થ થયેલાં નાટકોમાં દેખાય છે તેમ પડોશમાં કચરો નાંખવો, નવનીતલાલ ગુજરી ગયા, બાપુની શાળા, અપમાનિતાના સમ્માન, બાવલું, પડછાયા પ્લેગના જેવા વિષયો અથવા નાટકો એમના દ્વારા આવવા પાછળ આ અખબારોએ જ પ્રેરણાસ્રોત પૂરો પાડ્યો છે. સ્વાતંત્ર્યની ભાવના અખબારો, આંદોલનો અને શહાદતોએ સતત પોષી છે. એ ભાવનામાંથી જન્મ્યું છે 'વીર વિનોદ કિનારીવાળા' નાટક. બકુલભાઈ જેવા લેખક પોતાના યુગની રાજકીય સામાજિક ઇત્યાદિ સમસ્યાઓથી તથા તે અંગેના આંદોલનો કે જાગૃતિથી અલિપ્ત ન જ રહી શકે. પરિણામે આ તરેહનાં નાટકો એમના દ્વારા આપણને લગાતાર મળતાં રહ્યાં છે.

'છાણાં', 'છાપું' 'રોટલી' જેવાં નાટકો સામાન્ય લાગે છે. છતાં નાટકક્ષેત્રે વાસ્તવવાદી ચળવળ જે વિકસી તેનું એ પરિણામ છે. 'problem play' જીવન અને સમાજની સમસ્યાઓ તરફ આંગળી ચીંધે છે અને તેનું વિશ્લેષણ કરે છે. બકુલભાઈનો પ્રયત્ન પણ આવાં નાટકો દ્વારા જીવનને વાસ્તવિક સ્વરૂપે રજૂ કરવાનો છે. આ વાસ્તવિકતા જીવનની મોટાભાગની પળોમાંથી, ઘટનાઓમાંથી, કળી શકાય છે. તેથી જ તો એવા મુદ્દાઓ તેઓ નાટકો માટે પસંદ કરે છે. અપરાધ કે રક્તપાત વગેરે કે આકસ્મિક પ્રસંગો અથવા તંગ દશ્યો ઇત્યાદિ દર્શાવવામાં એમને રસ નથી, પણ એમને તો રસ છે ગામડાંનું પેલું રોજીંદું જીવન બતાવવામાં કે જે 'છાણાં' જેવા નાટકથી એમણે નિરૂપ્યું છે. ગાય ભેંસનું છાણ લોકજીવનમાં કેટલું મહત્ત્વ ધરાવે છે અને ગ્રામલોકોના જીવનમાં કેવું વણાઈ ગયું છે તે જાણનારને એ છાણ સરકાર દ્વારા ઝૂંટવાતું જાણીને ચોક્કસ જ આઘાત લાગવાનો. જીવનની આવી વાસ્તવિકતાને બકુલભાઈ સ્પર્શે છે. 'છાપું' નાટકમાં પણ છળકપટ કે સંજોગ અથવા રહસ્યપૂર્ણ દશ્યો નથી. લેખકને એમાં રસ પણ નથી. એમને તો રસ છે અનુભવ, નાની મોટી સમસ્યાઓ ઇત્યાદિમાં કે જે રોજિંદા જીવનમાં બને છે. કઈ સમસ્યાઓ, ક્યા અનુભવો છે તે ? છાપું વાંચવા નિમિત્તે નાટકના અંત વેળાએ આખી યાદી લેખક આપે છે અને રજૂઆત માટે જે ક્રિયાઓ ઉપયોગમાં લેવાઈ છે તે સામાન્ય માનવીની ક્રિયાઓ છે. ક્રિયાઓનું એટલું મહત્ત્વપ્રદાન નથી, જેટલું ભાવનાઓના આંતર દ્વંદ્વ અને માનસિક સંઘર્ષનું છે.

'રોટલી'માં લેખક રોટલીનો આખો ઇતિહાસ નિરૂપે છે, પણ એમનો હેતુ માનવીની ભૂખને વાસ્તવિક રૂપે રજૂ કરવાનો છે. લેખક 'રોટલીના ઇતિહાસથી કંઈ પેટ ભરાતાં નથી' એવું નકરું સત્ય કહીને પેટમાં રમખાણ અનુભવતા માનવીની ચીસો સંભળાવે છે. એમ કરીને ભૂખની સમસ્યાને વાસ્તવિક સ્વરૂપે રજૂ કરે છે. ઇતિહાસ નહિ, સમસ્યા જ નાટકનો કબજો લઈને મહત્ત્વ પામે છે. રોટલીના ઇતિહાસ પ્રત્યેની ભાવનાઓ ભૂંસાઈને ભૂખ અંગેનું જે આંતર દ્વંદ્વ છે અને થતો સંઘર્ષ જે છે તે જ નાટકનો અસાધારણ ધર્મ બનીને રહે છે. ક્રિયા કે એવા સંદર્ભે જે કંઈ મહત્ત્વ-પ્રદાન થાય છે તે બાહ્ય-ક્રિયા કે એવા સંદર્ભે નહિ, પણ મનોવિજ્ઞાન અને વાસ્તવ સંદર્ભે વિશેષ છે. તેથી જ સંવાદ, આંતર દ્વંદ્વ, માનસિક, સંઘર્ષ ઇત્યાદિ જ વધારે મહત્ત્વનાં બને છે. તે કારણે બકુલભાઈ પણ નાટકોમાં પાત્રના વિચારો, ભાવસંઘર્ષ અને વાસ્તવને જ વધુ સ્પષ્ટ થવા દે છે. એ દૃષ્ટિએ ત્રણે નાટકો અને એમના બીજાં નાટકોમાં પણ મનોવિજ્ઞાન તથા વાસ્તવ ઇત્યાદિ ભૂમિકા પર જ નાટકને ગતિ મળતી રહી છે. એ રીતે જોઈએ તો આ પ્રકારનાં સમસ્યાપ્રધાન નાટકો વાસ્તવવાદી છે. કેટલાક એને નિસર્ગવાદી અને નારીવાદી તરીકે પણ ઓળખાવે છે. છતાં મૂળે રણકો જે છે તે માનવતાવાદીનો છે અને આ વર્ગના લેખકોએ પોતાના સમયના માનવીની યથાર્થ સમજને લખવા માટે એ તરફ જવાનું સ્વીકાર્યું છે.

કથાવસ્તુ, અભિનય તથા જીવંત પાત્રોને બદલે એ યુગના સમસ્યાપ્રધાન નાટકોમાં છે એવા, થકવનાર સંવાદો બકુલભાઈનાં નાટકોમાં પણ છે. ઇબ્સનના 'ઢીંગલી ઘર' જેવી આ સંવાદમાળાનાં પાત્રો પરંપરાગત નીતિનિયમોનું ઉલ્લંઘન કરે છે. પણ જીવન તો પાછું સુખે, આનંદ તેમ વૈભવવાળું જીવે છે. કલાદૃષ્ટિએ જીવંત ન હોય એવાં એમનાં પાત્રો પોતાના અલગ મતોનું પ્રતિપાદન કરે છે. તેથી વ્યક્તિત્વ વગરનાં અને કઠપૂતળી જેવાં લાગે છે. આપણને તે શૉના પાત્રોની યાદ આપે કારણ કે એ દ્વારા નાટ્ય-લેખક જાણે પોતાનો જ મત રજૂ કરે છે, એટલું જ નહિ, નાટ્ય-લેખ લખનાર માટે આપણને જે સમજાય છે તે એ છે કે રોજના જીવનનું કેટલું પાસેપણું એમને સાધ્યું છે અને જીવનની રંગબેરંગી હયાતીને સતત રજૂ કર્યા કરી છે. શેક્સપિયરનાં પાત્રોની જેમ પાત્રો ભૌતિક કે આધિભૌતિક જગત સાથે ભલે સંબંધ કે મહત્તા રાખતાં નથી, પણ બાહ્યજગત સાથે ગાઢ સંબંધવાળાં, પ્રમાણભૂત દૃષ્ટિવાળાં અને વિવિધ અનુભવોને અસાધારણ રીતે ખુલ્લું કરનારાં, તો એ છે જ. ઇબ્સન જે પ્રકારે ટ્રેજેડી આપે છે એમાં ઘર્ષણ ગૌણ છે પણ યંત્ર સામે માનવી; સમાજ સામે વ્યક્તિનું ઘર્ષણ દેખાય છે. બકુલભાઈનાં નાટકોમાં પણ એ અસરનું પરિણામ સ્પષ્ટ વરતાય છે; 'અકસ્માત'માં યંત્ર સામે માનવીનું ઘર્ષણ છે. 'બાવલું' 'એ કોણ ?' જેવાં નાટકોમાં સમાજ સામે વ્યક્તિનું ઘર્ષણ છે. યુગને અનુલક્ષીને લખાયેલું લખાણ, ઓછી તખ્તા લાયકી, ભવ્યતાને અપોષક એવી અર્વાચીનતા વગેરે લક્ષણો બકુલભાઈનાં નાટકોમાં છે. તે પણ ઇબ્સનની અસરને પરિણામે જ.'બાવલું','ધનજી' જેવાં નાટકોમાં યુગની સ્પષ્ટ અસર વર્તાય છે. 'ઘરોળી'માં ઓછી તખ્તાલાયકી છે. તો 'બૂફે ડીનર' જેવાં નાટકો ભવ્યતાને અપોષક એવી અર્વાચીનતા દર્શાવે છે.

'બાપુની શાળા'ના કથાવસ્તુમાં જે કહાની દર્શાવી છે તેના મૂળમાં લેખક સમાજવ્યવસ્થાને મૂકે છે. બાપુ, એમની ભાવનાઓ, કાર્યો ઇત્યાદિ પરિસ્થિતિ પાછળની ભૂમિકામાં એ નિરૂપાયું છે. બાપુ અને સમાજનો સંઘર્ષ જે છે તેમાં બતાવાયું છે કે મુખ્યમંત્રીના અંકુશો, લાગવગ, ડોનેશનની લાલચ તથા ચિઠ્ઠી ચપાટી ઇત્યાદિ કેળવણીના નાશ માટે જવાબદાર છે. સમાજ અહીં ખલપાત્ર છે. એમાં જે ક્રૂર વ્યવસ્થાઓ, અંકુશો વગેરે છે એને કારણે આ નાટકમાં ખલપાત્રનું સ્થાન એ લઈ શકેલ છે. બાપુમાં કેળવણીનો અભાવ વગેરે નબળાઈ કે ગુણનું સ્થાન પામતા નથી. ઇબ્સન અને ગોલ્સવર્ધીની માફક લેખક પણ જાણે એવું માને છે કે દૂરિત સંજોગો, પરિસ્થિતિ અને અંકુશ ઇત્યાદિથી પેદા થાય છે અને નહીં કે વ્યક્તિથી. 'ગુનેગાર બાળક' પણ એ વાત પર પ્રકાશ પાડે છે. પરિસ્થતિ અને વાતાવરણે એને ગુનેગાર બનાવ્યો. વ્યક્તિ પરિસ્થિતિના દાસ તરીકે આલેખન પામ્યો છે. પરિસ્થિતિમાં જ એ ખરાબ કે સારો થઈ શકે. આ નક્કર વાસ્તવિકતા બૌદ્ધિક અને તર્કબદ્ધ રીતે

ઉપસાવાઇ છે. નાટકો ચોક્કસ સ્થળ અને ચોક્કસ કલાકોમાં પૂરાં થઈ જાય છે. આ સીમાને કારણે દર્શકોનું ધ્યાન પ્રશ્ન ઉપર કેંદ્રિત થાય છે, પ્રયોગમાં ક્રિયાની એકતા લાવે છે અને રચનાત્મક સંયોજનને પોષે છે. ઉપર 'ગુનેગાર બાળક'નો ઉલ્લેખ કર્યો છે. સાચું વાતાવરણ અને સારી પરિસ્થિતિ મળતાં એ સુધર્યો. આમ આ પ્રકારનાં નાટકોના માધ્યમથી લેખક એમ કહેવા માગે છે કે દૂરિત સંજોગો પરિસ્થિતિ અને અંકુશ ઇત્યાદિથી પેદા થાય છે અને નહિ કે વ્યક્તિથી.

કેટલાક વિવેચકોનો એવો મત છે કે Problem Play સેક્સ અને લગ્નજીવન અંગેના વિષયની આસપાસ જ લખાય છે. પણ આ વાત સાચી નથી. જીવનની અન્ય સમસ્યાઓ પણ આ પ્રકારનાં નાટકોમાં સ્થાન પામી છે. બકુલભાઈનાં નાટકોમાં પણ આપણે તે જોઈ શકીએ છીએ. આમ છતાં સેક્સ અને લગ્નજીવન અંગેના વિષયની આસપાસ પણ સંખ્યાબંધ નાટકો લખાયા છે જ. આ ગ્રંથમાં પણ એવાં નાટકો છે.

સામી વ્યક્તિને પામવાની, એની સાથે સુખી થવાની અને પ્રેમ કરવાની પદ્ધતિ લગ્નજીવનમાં કઈ હોઈ શકે એ એક પ્રશ્ન છે. જે બકુલભાઈનાં ' ''કાકો''-''અંકલ'' પ્રેમ કરતાં શીખવાડે છે' નામક નાટકમાં વિષય બનીને આવે છે. આ ઉપરાંત દાંપત્ય જીવન, મુશ્કેલીઓ, પ્રશ્નો, દહેજ અથવા પુરુષ પોતાની પત્નીને કઈ રીતે જુએ છે એ સંદર્ભનાં નાટકો કે જે સમસ્યા-પ્રધાન નાટકોનો એક મહત્ત્વનો વિષય રહ્યો છે તે પણ બકુલભાઈનાં નાટકોમાં છે. 'આશિર્વચન'માં પ્રશ્ન દહેજનો છે. 'પ્યાલા બરણી મેરેલીન મનરો'માં પુરુષનો પત્ની પ્રત્યેનો અભિગમ એ એક સમસ્યા બને છે. 'પન્ના'માં સમસ્યા છૂટાછૂડા સંદર્ભની છે. એ નિમિત્તે વિષમ દાંપત્યજીવનની દયનીય પરિસ્થતિ અને દુઃખ નિરૂપાયાં છે. 'એકલું એકલું લાગે છે' માં પત્નીએ જીવનભર ઝઘડો કર્યો છતાં પુનઃ લગ્નનો મોહ એ છોડી શકતો નથી. એમાં પિતા પુત્રમાં પણ પરસ્પર અવિશ્વાસ છે. આ નાટકમાં કુટુંબજીવનનું મધુર કહી શકાય એવું એકે દૃશ્ય કે ચિત્ર નથી. પિતા અને પુત્ર બંને એકબીજાને બાધક છે. પુત્ર પિતાના વિશ્વાસ પર આઘાત પહોંચાડે છે અને પિતા પણ પુત્ર કોઈ સ્ત્રીને સુખ આપી શકશે એવું માનવા તૈયાર નથી. કુટુંબજીવનને પોતાનું કોઈ સ્વર્ગીય જીવન હોઈ શકે એવી કલ્પના પણ આ નાટકમાં થઈ શકતી નથી. 'ધાર્યું ધણીનું થાય' માં પત્નીને દરેક ક્ષણ સહન કરવી પડે છે. પત્ની મૃત્યુ તરફ આગળ વધતી હોય એવો અનુભવ કરે છે. આ નાટકમાં પતિ-પત્નીની માત્ર દયનીય સ્થિતિ જ દેખાય છે. એ બધું પરમેશ્વરની ઇચ્છા પ્રમાણે એટલે કે પરિસ્થતિ પ્રમાણે ચાલ્યા કરે છે. 'સુનંદાનો સંસાર'ની રચના 'કુટુંબજીવન સ્વર્ગીય નથી' એવી સમસ્યા- પ્રધાન નાટકોના લેખકોની માન્યતા પર થયેલી છે. સુનંદાનો પતિ સ્વર્ગીય કુટુંબ જીવનની કલ્પના કરે છે ત્યારે સુનંદા તરત જ એનો છેદ ઉરાડી દે છે. એ જે વાસ્તવિક્તાનાં દર્શન કરાવે છે તે એના પતિને બેચેન બનાવી દે છે અને પછી એનો પતિ જેવા છે એવા જીવનનો સ્વીકાર કરી લે છે. 'રસોડાની રાણી' ઇબ્સનનાં 'એ ડોલ્સ હાઉસ'ની યાદ આપે. નિર્દોષ બાળક જેવી સ્ત્રી છેતરામણીભરી પરિસ્થિતિમાં ફસાઈ જાય છે. પૈસાનો ઠસ્સો લઈને ફરતો પતિ પત્નીનાં સ્વપ્નાં ચૂર ચૂર કરી દે છે. શણગાર સજેલી પ્લાસ્ટર ઑફ પૅરીસની પૂતળીના જેવું જીવન તે એને આપે છે. પત્ની આ જીવન સહી શકતી નથી, ઉગ્ર બને છે અને કૉર્ટે ચડે છે. સાચક્લી સ્ત્રી ગૃહિણીનો રોલ પોતાના જ ઘરનાં અભિવ્યક્ત કરી ન શકે, પતિ આપે એ મહોરું પહેરીને એને ફરવું પડે, એ રીતનું પતિનું વર્તન પત્નીને ત્રાસ આપનારું ગણાય કે નહિ, મેન્ટલ ક્રુઅલ્ટી કહેવાય કે નહિ ? એવો પ્રશ્ન મૂકી લેખક નાટક પડતું મૂકે છે અને એ રીતે વાસ્તવવાદી પ્રશ્નપ્રધાન નાટ્યકૃતિનો એક ઉત્તમ નમૂનો પૂરો પાડે છે. તો નોકરોની ગેરહાજરી વેળાનું વાસ્તવિક ચિત્ર લેખક 'નોકર' નામના નાટકમાં આપે છે. સમસ્યા જે ઊભી થાય છે તે સ્ત્રીઓની દયનીય સ્થિતિનું દ્યોતક છે. દાંપત્ય જીવનમાં પરસ્પર આદર-અનાદર વાત્સલ્ય ઇત્યાદિ પ્રશ્નો જે સંકળાયેલા હોય છે તે પણ બકુલભાઈ નાટકો દ્વારા મૂકે છે. 'પ ગ રે સા પ' 'જીવનસંધ્યા' અને 'પુનર્મિલન' એ વાતનાં દ્યોતક છે. 'પ ગ રે સા પ' માં અનાદર છે તો 'જીવનસંધ્યા'માં આદર છે અને 'પુનર્મિલન'માં છે વાત્સલ્ય. 'જીવનસંધ્યા' માં તો લેખક સમસ્યાને જ

ઓગાળી નાખે છે. એમાં લગ્નજીવનના સંઘર્ષ અને પરિસ્થિતિને નવું જ રૂપ આપવામાં આવ્યું છે. વિશેષતા એ છે કે દંપતીનું લગ્નજીવન સમસ્યા વગરનું છે. એટલે સમસ્યા પૂરી થતાં નાટકનું સાહિત્યિક મહત્ત્વ સમાપ્ત થઈ જાય એવો કોઈ પ્રશ્ન જ રહેતો નથી. પાત્રો પણ સમસ્યા-પ્રધાન નાટકનાં રહેતાં નથી; કારણ કે અલગ અલગ દૃષ્ટિબિંદુવાળાં એ નથી, કઠપૂતળી જેવા પણ એ નથી, સ્વતંત્ર વ્યક્તિત્વવાળાં છે. એ દૃષ્ટિએ નાટક જુદું પડે છે. 'પુનર્મિલન' માં સમસ્યાને હલ કરવા લેખક 'વાત્સલ્ય' તત્ત્વનો ઉપયોગ કરે છે અને સફળ પણ થાય છે. એ રીતે કોઈ વાર એમનાં નાટકોમાં પ્રશ્નોનું નિરાકરણ થતાં આનંદ અનુભવાય છે, જો કે ટ્રેજેડી જે રીતે અંત સુધી આનંદ પ્રગટાવે છે એવો આ આનંદ તો નથી જ પણ કશુંક સમાધાનકારક લાગે છે. વાત્સલ્યનો એકરાર થાય છે અથવા પ્રેમ જેવી અદ્ભુત શક્તિનો પરિચય થાય છે અને એ તત્ત્વોની મહત્તા સમજાય છે તથા પ્રશ્નને ગૌણ બનાવી મૂકે છે. ત્યારે જે આનંદ થાય છે. એવો આ આનંદ છે. એ કાર્યને ચોક્કસ રૂપ આપવાને માટે ઉદ્દેશ, પીડા અને નવીન દૃષ્ટિનો સમન્વય નાટ્યવસ્તુમાં લેખકે કરેલો છે.

ઉપર આપણે યથાસ્થાને નોંધ્યું છે કે Problem play સેક્સ અને લગ્નજીવન અંગેના વિષયની આસપાસ જ લખાયાં છે એમ નહિ, જીવનની અન્ય સમસ્યાઓ પણ આ પ્રકારનાં નાટકોમાં સ્થાન પામી છે; દા.ત. હડતાલ, ગરીબી, વેશ્યાવૃત્તિ જેવા વિષયોનું નિરૂપણ પણ એમાં થયું જ છે. બકુલભાઈએ પણ એવા સંખ્યાબંધ વિષયો આ ગ્રંથમાં દેખાય છે તેમ નિરૂપ્યા છે. 'બૂફે ડીનર' 'અંગૂઠો' 'ઘરોળી' અને બીજાં પણ અનેક નાટકો એ સંદર્ભે સૂચિત કરી શકાય. આ પૂર્વે હું બતાવી ગયો છું તેમ ભવ્યતાને અપોષક એવી અર્વાચીનતા દર્શાવતું નાટક 'બૂફે ડીનર' છે. નાટક ત્રણ દશ્યોમાં વહેંચાયેલું છે. ઘર અને પાર્ટીપ્લોટમાં એ ભજવાય છે. ડીનરની સમસ્યા પર પ્રેક્ષકોનું ધ્યાન કેંદ્રિત છે. કથા ભલે સંખ્યાબંધ 'લાફ લાઈન' સાથે અભિવ્યક્ત થાય છે છતાં પૂરેપરી ગંભીરતા પણ ધારણ કરીને રહી છે; કેમકે 'બૂફે ડીનર' અંગેના લેખકના ચોક્કસ વિચારોની આસપાસ તે ફરે છે. 'બૂફે ડીનર'ને લેખક 'સ્ટ્રગલ ફીસ્ટ'ના આધુનિક સ્વરૂપ તરીકે જ વર્ણવે છે. આદિ, મધ્ય તથા અંત એમ નહિ પણ અંત પૂર્વેનાં કાર્યો તરફ લેખકે લક્ષ્ય વિશેષ કેંદ્રિત કર્યું છે. મુખ્ય સમસ્યા ઘરનું ભોજન અને તે લેવાની ભારતીય પદ્ધતિ તથા પરંપરા સામેના વિદ્રોહ અંગેની છે તે પૂરી અસરકારકતા સાથે રજૂ થઈ છે. દશ્યો તથા પાત્રો એકબીજાથી વિરુદ્ધ ગોઠવીને લેખક વસ્તુને નાટ્યાત્મક શક્તિ તથા અસરકારકતા બક્ષે છે, આપણને નાટકમાં પરંપરા અને વિદ્રોહ જોડે મળે છે. ગુરુ દ્રોણાચાર્યે એકલવ્યનો જમણા હાથનો અંગૂઠો ગુરુદક્ષિણામાં માગી વિદ્યાર્થી જગતનો દ્રોહ કર્યો છે તે અંગેનું નાટક 'અંગૂઠો' છે. તો ક્યારેક 'ઘરોળી' જેવા નાટકમાં તેના વેચાણ ઇત્યાદિ અંગેની સમસ્યા પણ નિરૂપાઈ છે. આમ પ્રશ્નપ્રધાન નાટકોનો લેખક જે જુદી જુદી સમસ્યાઓ પરત્વે ધ્યાન ખેંચે છે એવું જ બકુલભાઈનાં આ નાટકો દ્વારા પણ દેખાય છે. આ પ્રમાણે સમસ્યાઓના માધ્યમથી લેખકે સામાજિક આર્થિક અને બીજી બાજુઓનું નિરૂપણ કર્યું છે.

આ પદ્ધતિનાં નાટકો સંદર્ભે અહીં એ પણ નોંધવું જોઈએ કે 'આ નાટક નથી' એવું એક આખા યુગે કહ્યા કર્યું હતું. ઇબ્સનના 'ghost' વિશે 'ક્લિમેન્ટ સ્કૉટે' એમ કહ્યું કે 'આ નાટક નથી, પણ નિબંધ છે.' નાટકના શરીરમાં પાત્રોના સંવાદો દ્વારા અને ભૂમિકાઓમાં નાટ્ય-લેખકના જ વિચારો દેખાયા કરતા અને પ્રચારની ગંધ આવતી ત્યાં વિરોધ થતો, આક્ષેપો મુકાતા, 'આ નાટક નથી' એવો ઉહાપોહ થતો અને એવા પ્રકારના રૂપને સંવાદોની હારમાળા ગણી કાઢવામાં આવતી. આ ગ્રંથમાં બકુલ જોશીપુરાનાં નાટકો આ પ્રકારનાં છે. એ પદ્ધતિના નાટ્ય-લેખકની જેમ અહીં પણ જોશીપુરા પોતાના ઉદ્દેશની સિદ્ધિ અર્થે સાચાપણાને સંદર્ભથી દૂર કરી પરિસ્થિતિ અને પાત્રોને વિકૃત બનાવી દે છે અને કૃતિને ધારેલો અંત આણવા માટે સંઘર્ષ તથા એની પરિસ્થિતિને મન માન્યું રૂપ આપે છે. પછી એ નાટક 'બાવલું' એવા શીર્ષક નીચે લખાયું હોય કે 'બૂફે ડીનર' જેવા શીર્ષક નીચે લખાયું હોય, પણ તેની ઓળખ તો ઉપર કહી તે છે. એક આખા યુગે આમ કર્યું - સ્વીકૃત પરંપરાઓ અને સિદ્ધાતોનો વિદ્રોહ કર્યો. સામાજિક અને અને બૌદ્ધિક જગતની સામે, ચીલાચાલુ મૂલ્યો તથા

માન્યતાઓ સામે તથા નીતિ નિયમોમાં બંધાઈ ગયેલી સેક્સ સામે પણ આ એક બળવો હતો. આ પદ્ધતિના માધ્યમથી સમાજવાદી વિચારધારાના પ્રવેશની સાથે સાથે વિચારવાની વ્યક્તિગત સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે બળવો હતો. જેને કારણે બૌદ્ધિક જાગૃતિ આવી, નવા પ્રશ્નો આવ્યા, વિવાદો થયા, જૂના-નવાનો સંઘર્ષ વધ્યો. લગ્ન, કુટુંબ, નીતિ, અર્થકારણ એમ બધાં ક્ષેત્રે જે ક્રાંતિ જાગી તેને પરિણામે આવાં નાટકોએ જન્મ લીધો અથવા એમ કહો કે નાટક નામના સ્વરૂપને નવા નવા રોચક વિષયો પ્રાપ્ત થયા. પોતાના યુગના પ્રશ્નો, સમસ્યાઓ, જાગૃતિ ઇત્યાદિથી નિર્લેપ ન જ રહી શકે એવો એક નાટ્ય-લેખક વર્ગ ઊભો થયો. બકુલ જોશીપુરા પણ એ વર્ગના જ નાટ્ય-લેખક છે અને તેથી જ તો 'બાવલું' જેવાં નાટકો લખે છે.

ગાંધીજીની હયાતીમાં જ એમના કરતાં ભિન્ન દૃષ્ટિબિંદુ અને જુદા વિચારો તથા વ્યવહારો અનેકોએ રજૂ કર્યા હતા. એ મૂળિયાં એટલાં વિસ્તર્યાં કે એમનો પ્રાણ લેનાર પણ બની રહ્યાં. 'બાવલું' એ નાટકનું પ્રેરણાસ્રોત પણ એ ભિન્ન દૃષ્ટિબિંદુ, ભિન્ન વ્યવહાર, ઇત્યાદિ છે. છતાં લખનારને માટે ગાંધીજી પ્રત્યેનો આદર અને અહોભાવ સહેજ પણ ઓછા થયા નથી. વસ્તુતઃ તો લેખક આમ કરીને પ્રવર્તતી પરિસ્થિતિ અને સમસ્યાઓને જ ઉદ્‌ઘાટિત કરવા માગે છે. લેખકે ઊભી કરેલી વિવાદાસ્પદ બાબતો એ છે કે ગાંધીજી રાજકીય જીવનમાં આવ્યા ના હોત તો ભારતને સ્વાતંત્ર્ય કયા માર્ગે અને કયા વર્ષમાં મળ્યું હોત ? બીજું, ગાંધીજી 'રક્ષિત ક્રાંતિવીર ખરા, પણ બંધારણીય રીતે તેઓ શું 'રાષ્ટ્રપિતા' ખરા ? 'રાષ્ટ્રપિતા' તરીકેના એમના સ્વીકાર પાછળ પ્રજામત લેવાયો હતો ? આ વિવાદ ઊભો કરીને લેખક અનેક પેટા પ્રશ્નો પણ વિવાદ માટે મૂકે છે જે પ્રવર્તતી પરિસ્થિતિ અને સમસ્યાઓ સંદર્ભે છે. વિચારવાની વ્યક્તિગત સ્વતંત્રતા જે સમસ્યાપ્રધાન નાટકોમાં મહત્ત્વ પામી હતી તેનું પીઠબળ આ નાટકને છે. નાટ્યકાર પોતાના યુગ, સામાજિક સમસ્યાઓ અને જાગૃતિથી અલિપ્ત ન રહી શકે એ વાત આ અને આ પ્રકારનાં નાટકોનો પ્રેરણાસ્રોત રહી છે. અહીં પણ લેખક નાટકના શરીરમાં પોતાના જ વિચારો અને મતોને બીજરૂપે મૂકે છે. ભલે તે પાત્રોના સંવાદો દ્વારા અને ભૂમિકામાં મુકાયા હોય છે. એ કામ લેખ કે નિબંધરૂપે વધારે સારી રીતે થયું હોત. પણ એવો આક્ષેપ તો ઇબ્સન અને એ પદ્ધતિએ લખાયેલાં બધાં નાટકો માટે થઈ શકે એમ છે છતાં એ થકવનારા સંવાદોના માધ્યમોથી, વિકૃત થઈ જતાં પાત્રોથી તથા તથ્યોને સંદર્ભેથી દૂર કરીને પણ નાટકના રૂપને પામ્યા છે. જો કે મોટે ભાગે તે 'સંવાદ' કે 'સંવાદમાળા' એવા નામને પામ્યા છે. બકુલભાઈને મન પણ 'બાવલું'+ કે એ પ્રકારનાં નાટકો નાટ્યને બદલે સંવાદ સ્વરૂપવાળા જ છે. ઘટનાઓ એમાં બને જ છે આમ છતાં વાદવિવાદ આગળ નાટકમાં જે કરવાનું હોય તે ગૌણ બની જાય છે.

તો પણ લેખકનો પ્રયત્ન એક ચોક્કસ સમસ્યાને ચર્ચામાં નાખવાનો રહ્યો છે અને પાત્રો તથા જે જમીનમાં એ બહાર નીકળે છે તે જમીન પોતે એ સમસ્યાની નિશાનીરૂપ બની રહ્યાં છે.

ચર્ચા ઊભી કરવા માટેનાં આ નાટકો ચર્ચા થતી જ અટકાવે એ રીતે રજૂ થવા ન જોઈએ એ વાતની લેખકને ખબર હોઈ રજૂઆત જ વાસ્તવિક અને ચમત્કારરહિત એવાં તત્ત્વોવાળી છે. બાવલું ખસે કે બોલે એ પરિસ્થિતિ જ અવાસ્તવિક અને ચમત્કારભરી છે. આવા તત્ત્વોનું શું મૂલ્ય ? એવો પ્રશ્ન જ ચર્ચાને અટકાવે. માટે એવો પ્રશ્ન જ ઊભો ન થાય એવી યોજના લેખક કરે છે. એક વ્યક્તિમાં મોહનલાલ ગાંધીનો આત્મા પ્રવેશે છે અને એ વ્યક્તિ પાંજરામાં આવી ઊભો રહે તો અદાલતી કામકાજ ચાલી શકે એવી પરિસ્થિતિનું લેખક નિર્માણ કરે છે. રચના કરનાર આ સ્થળે વાસ્તવિકતા તરફ ગતિ કરી કુશળતાથી નાટકની વસ્તુને વિવાદ ચાલી શકે એવી બનાવે છે. તો નાટકની અસરકારકતા એમાં રહેલી છે કે ગાંધીજીના નામે બીજાંઓ વલવલાટ કે અસંતોષ રજૂ કરે એ કરતાં ગાંધીજી પોતે જ એવી રજૂઆત કરે છે. નાટકની પરિસ્થિતિ અને અસંતોષના લેખક જાતે નિકટના સાથી પણ બને છે. પોતે કોચરબ આશ્રમની પડોશમાં રહે છે. તેથી આશ્રમ અંગે નજરે જોયેલું

અને સચ્ચાઈ ભરેલું કહી શકે છે. સમસ્યાપ્રધાન નાટકોના શિલ્પની સફળતા માટે લખનાર જે સમર્થ અને વિશ્વસનીય કથાવસ્તુ આપવાનો પ્રયત્ન કરે, તે તરફની આ ગતિ છે. પ્રશ્નપ્રધાન નાટકોએ દંભીઓને ખુલ્લા પાડ્યા. ખોટો ડોળ કરનારાઓને પ્રગટ કર્યા અને ઊંચે બેઠેલાઓને એમની ઊંચાઈથી વિખૂટા કરી બતાવ્યા. અહીં પણ લેખક એવું કરવા ગાંધીજીના પાત્રનો ઉપયોગ કરે છે; દા.ત ન્યાયાધીશ ગાંધીજીને પૂછે છે કે 'તમે જો સત્યને વરેલા હતા તો પછી વકીલાતના વ્યવસાયને સ્વીકારીને સફળ વકીલ થવાના પ્રયત્ન શા માટે કરેલા ?' બીજા પણ અનેક પ્રશ્નો લેખક ઊભા કરે છે અને એ પ્રેક્ષકો સમક્ષ વિચાર તથા ચર્ચા હેતુએ તરતા મૂકે છે; દા.ત ગાંધીજીએ આટલી બધી લડતો આપી છતાં લડતો દરમ્યાન બ્રિટિશરો ગાંધીજીને પકડી લેતી કે ગોળીથી વીંધતી નહીં. બ્રિટિશરોનું વલણ કૂણું રહ્યું હતું. બ્રિટિશરો આવા કૂણું વલણ રાખનારા હતા ખરા ? – જો એમ હોત તો છેલ્લા મુઘલ બાદશાહને એની વૃદ્ધાવસ્થામાં પણ સાંકળોથી બાંધી રંગૂન લઈ જવાયો ન હોત. વિદ્રોહમાં બાદશાહે કોઈ ભૂમિકા ભજવી ન હતી છતાં લાલ કિલ્લાની એક ઓરડીમાં એને કારાવાસ આપવામાં આવ્યો અને રિબાવવામાં આવ્યો, દેશનિકાલની સજા ફરમાવવામાં આવી, વતનની હવાને માટે તરસતો એ પક્ષાઘાતનો શિકાર થયો. એના મૃત્યુની નોંધ કોઈ છાપાએ ન લીધી. 'દફન' ને માટે પણ એને માટે વતનમાં બે ગજ જમીન ફાળવવામાં ન આવી. ક્રૂર અંગ્રેજો હિંદની જનતાને એમ બતાવવા માંગતા હતા કે એમના બાદશાહની કેવી અધોગતિ કરી શકાય છે– અબુ ઝફર સિરાજુદીન મહંમદ બહાદુર શાહ જેવાની સામે પણ કશું કૂણાપણું નહીં દાખવનારા 'અંગ્રેજો ગાંધીજી પ્રત્યે કૂણા કેમ રહ્યા' એ પ્રશ્ન લેખકને મૂંઝવતો હતો જે એમણે પ્રેક્ષકોને માટે વિચાર કરવા તરતો મૂક્યો છે. લેખકની દલીલ એવી છે કે પ્રત્યેક ગામડામાં હિંસાત્મક પ્રવૃત્તિ શરૂ થાય તો કદાચ અંગ્રેજો ભારતને સાચવી ન શકે. ગાંધીજીના અહિંસાના વિચારો આ પ્રકારની હિંસાને ખાળવામાં મદદરૂપ થાય એવા હતા. એ લાભને કારણે જ એમનું સામ્રાજ્ય ગાંધીજીના આગમન પછી દાયકાઓ સુધી સલામત ચાલતું રહ્યું. બ્રિટિશરોની આ મુત્સદ્દીગીરી જ ગાંધીજી પ્રત્યેના એમના કૂણા વલણનું કારણ હતું. લેખકનું આ જુદું દૃષ્ટિબિંદુ પ્રેક્ષકોને પેલા પ્રશ્ન પરત્વે વિચાર કરવા પ્રેરે. એ માટે બીજરૂપે નંખાયું છે.

'રીસામણે બેઠા'નો નાયક કલાકંથ આમ તો ઉચ્ચ વર્ગનો છે પણ એ જ્યારે કહે છે કે 'કપડાં ઉતારી નાખો કહેતો હોઉં' તો તમારી કઈ ઇચ્છા પૂરી કરવાની છે તે તમારે સમજી જવું જોઈએ' આ એક જ વાક્ય નાયકને નવું સ્થાન બક્ષે છે અને તે ખૂબ સામાન્ય સાધારણ વ્યક્તિ તરીકેનું. આમ સમસ્યાપ્રધાન નાટકોમાં શાસ્ત્રીય નાયક ઊંચા આસનેથી ઊતરીને જનસમાજમાં ખોવાઈ જાય છે એ લક્ષણ જે રહેલું છે તે દેખાય છે. કલાકંથ રાજમહેલમાં રહેનારાઓનું વર્ણન કરે છે. એ રહેનારો ઉચ્ચ વર્ગનો પણ અહીં લેખકની રજૂઆતથી, અતિ સામાન્ય, અતિ સાધારણ વ્યક્તિ થઈ જાય છે. સુગમ્યા અદ્‌ભુત જિગીષાવાળી છે. એના વિચારોના વહન માટે સામે જે પાત્ર જોઈએ તે કલાકંથ છે, પણ એનું સર્જન અનેક પ્રકારની સમસ્યાઓને ઉદ્‌ઘાટિત કરતાં કરતાં થાય છે અને એ જ રીતે તે સુગમ્યાની જિગીષાને પણ ઉદ્‌ઘાટિત કરે છે. એ પાત્ર માર્મિક વ્યક્તિત્વવાળું છે અને સમકાલીન જીવનનું અત્યંત જાગૃત, બુદ્ધિમંત જીવંત તથા ગંભીર સામાજિક છે. પરિસ્થિતિ તથા સામાજિક અને આર્થિક દબાણો પ્રત્યે તે ક્રિયાશીલ પણ છે. એના દ્વારા રજૂ થયેલા વિચારો જીવનની વાસ્તવિકતામાંથી આવેલા છે. બીજી વાત જે અહીં નોંધવા જેવી છે તે એ છે કે કલાકંથ સમસ્યાઓ પર જે સંભાષણો કરે છે તેમાં વ્યક્તિ નહિ પણ સામાજિક અભિરુચિના જ પ્રશ્નો છે, એવા કે જેના પર ચારે બાજુથી વિચાર વિમર્શ થઈ શકે. પડકાર જે છે તે નવાં નવાં આયોજનથી સમાજ પર જે વીતી રહ્યું છે તે સામે છે. એ સંદર્ભે જે વિચારવિમર્શ થાય તે પેલી વાસ્તવિકતાને જ વિશેષ ને વિશેષ ઉદ્‌ઘાટિત કરી આપે. આ વાસ્તવિકતાનું જ લેખકને આકર્ષણ છે.

માત્ર સમાજની જ નહીં, જીવનની સમસ્યાઓનું પણ વારંવાર વિશ્લેષણ લેખક કરે છે. એમ કરીને જીવનને વાસ્તવિકરૂપે રજૂ કરવાનો એમનો પ્રયાસ છે; દા.ત સ્કૂટર હોવા અંગે જેવા વિષયો સામે પણ પ્રશ્નાર્થ

ચિહ્ન મૂકે છે. 'સ્કૂટર' નાટકમાં સેકન્ડ હેન્ડ સ્કૂટર ખરીદી, નાયક પત્નીને સુખી જીવનની કલ્પના, ભ્રમણા અને રોમાન્સ ઇત્યાદિમાંથી મુક્ત કરે છે અને કઠોર સત્યનું દર્શન કરાવે છે. નાટકોમાં આવી કથા કોઈ ચોક્કસ વિચારની આજુબાજુ ફરે છે અને જે કાર્ય યોજવામાં આવે છે તે એને પ્રકાશમાં લાવે છે. વિષય સમગ્ર કથામાંથી ઊપસે એવી રીતે, બનાવોને સાંકળવાનો પ્રયત્ન થાય છે. એટલે કે કાર્યની એકતા અને પ્રભાવને વિષયની એકતા સાથે સાંકળવાનો પ્રયત્ન જે અત્ર ગ્રંથસ્થ થયાં છે તે નાટકોમાં દેખાય છે.

જાતીય, ધાર્મિક તથા આર્થિક પ્રશ્નો પણ બકુલભાઈનાં નાટકોમાં સતત આવ્યા કરે છે. એ દ્વારા લેખક 'અકસ્માત' જેવા નાટકમાં દેખાય છે તેમ માનવી અને જગત વચ્ચેના વેરને રજૂ કરે છે.

'રીસામણે બેઠાં'માં દેખાતી સુગમ્યા જેવા માનવો એમનાં નાટકોમાં ડોકાયા કરે છે. પાત્રો કોઈવાર બળવાખોર પણ બને છે, જગતની ગોઠવણ સામે માથું ઊંચકે છે તેમ કર્તવ્યને અદા પણ કરે છે. 'વીર વિનોદ કિનારીવાલા'એ વાત પર પ્રકાશ પાડે છે.

'''કાકા'' ''અંકલ'' પ્રેમ કરતાં શીખવાડે છે' એ નાટક ઇબ્સનના 'હેડા ગેબ્લર'ની યાદ અપાવે. ત્યાં બિનજવાબદાર નાદાન સ્ત્રી છે. એવો 'અપૂર્વ' અહીં છે. ઇબ્સનના નાટકમાં હેડાને જેમાં એ જીવંત રહી શકે એવી કોઈ પ્રવૃત્તિ આકર્ષી શકતી નથી. અહીં એવી કોઈ પદ્ધતિ નથી કે જેના માધ્યમથી 'અપૂર્વ પીંકલને પામી શકે. હેડાને જેમ જીવનની વાસ્તવિકતામાંથી ભાગીને, પોતાના જ કાલ્પનિક વિશ્વમાં જીવવું છે તેમ અપૂર્વને પણ અહીં પીંકલને પામવાની કોઈ વાસ્તવિક પદ્ધતિ ફાવતી નથી. એનું વિશ્વ અવાસ્તવિક અને કાલ્પનિક છે જેમાં જીવવાને માટે અંકલ અને આન્ટી એને નિષ્ઠુરતાથી છોડી દે છે.

ધનિકોના ઘરમાં જૂના નોકરોનું વર્ચસ્વ કેવું હોય છે એ બતાવતું નાટક 'ધનજી' છે. શેઠિયાઓના બધા કારરસ્તાનોથી આવા જૂના નોકરો પૂરેપૂરા માહિતગાર હોય છે. એટલે શેઠિયાઓ જૂના નોકરોથી થોડા ડરતા પણ રહે છે. આ વાત તો અત્યંત સામાન્ય છે. કદાચ નાટકના વિષય માટે બીજો લેખક એનો સ્વીકાર ન પણ કરે, પરંતુ બકુલભાઈ આવી બાબતો નાટકના વિષય તરીકે સ્વીકારે છે એ એમાં રહેતી વાસ્તવિકતાને કારણે. આવી જ વાસ્તવિકતાના હેતુએ સરલા જેવું નાટક લખવાને તેઓ પ્રેરાય છે. નવી રંગભૂમિની દયનીય પરિસ્થિતિ એમને મૂંઝવે છે. જૂની પેઢીના નટ દ્વારા, નવી પેઢીએ આપેલી રંગભૂમિ અને સર્જેલી પરિસ્થિતિ પ્રત્યેનો વિરોધ એ આ નાટકનો મુખ્ય વિષય છે. નાટકના માધ્યમ દ્વારા રંગભૂમિની વાસ્તવિકતા લેખક ખુલ્લી કરી આપે છે. બીજું, નાટકની કથા વસ્તુમાં દામ્પત્યજીવનનો ચિતાર પણ સાંપડે છે. અવિશ્વાસને કારણે નાયકને પડતી મુશ્કેલી પણ આ નાટકમાં વણાઈ છે. 'ગોલ્સવર્ધી' એ જે Problem Play લખ્યા તેમાં મુખ્ય આકર્ષણ એમને વિષમ દામ્પત્યજીવન, છૂટાછેડા ઇત્યાદિ હતું. બકુલભાઈના નાટકમાં પણ પત્નીના નિયમો, અવિશ્વાસ ઇત્યાદિ કુટુંબના અન્ય સભ્યોની સ્વતંત્રતા તથા અધિકારના માર્ગમાં બાધક બને છે.

સમસ્યા-પ્રધાન નાટકોમાં સ્વગતોકિત કૃત્રિમ ગણાઈ છે. બકુલભાઈએ પણ એનો અસ્વીકાર કર્યો છે અને મનમાં જ કહી શકાય એવી વાતો સંવાદોના નાટ્યાત્મક ઉપયોગથી કરી છે; દા.ત. નાયકના શરીરમાં 'વા' પ્રવેશ્યો. જીવનમાં એક મોટી સમસ્યા ઊભી થઈ ગઈ. લાંબી લાંબી સ્વગતોક્તિ દ્વારા જ એ વાત કહી શકાય. પણ એમ કરવાને બદલે લેખકે નાના નાના રોજના, કુદરતી સંવાદોના માધ્યમથી એ કહી છે. સંવાદો લાંબા છે. પણ મુદ્દા પર પ્રકાશ ફેંકે છે. એ નાટક તે 'જય માઈ'. એમાં ભાષા બોલચાલની છે, 'રેસ્ટ-હાઉસ'ની છે. લેખકે એને નાટ્યાત્મક, અસરકારક તથા અર્થપૂર્ણ બનાવીને ઉપયોગમાં લીધી છે. જો કે આયોજનકલાનું વૈવિધ્ય એમનાં નાટકોમાં દેખાતું નથી, છતાં દશ્યો અને દશ્યરચના વાસ્તવિક છે. તો પણ સંવાદ દ્વારા જે ભાવ નિરૂપાય છે તેની અને દશ્યરચના વચ્ચે વિરોધ સ્પષ્ટ દેખાય છે. નાટ્યગૃહ નાનું અને એકદમ અંગત હોય એવું ચાલે. આ પ્રકારનાં નાટકો ટ્રેજેડીના ખ્યાલને બદલી શકે; ઉ.ત 'વા' અને 'બાવલું' જેવાં નાટકોમાં નાયક નથી

એવાં તત્ત્વો એરિસ્ટોટલના સિદ્ધાંતોને અનુકૂળ નહિ એવા છે અને ટ્રેજેડીના નવા સ્વરૂપની ગતિના સૂચક છે. આમ છતાં લેખક માનવ રહસ્યોને સ્વપ્નમાં જોતા નથી કે કેવળ આત્મલક્ષી તત્ત્વોને જ રજૂ કરતા નથી, તેથી જીવન અને નાટક વચ્ચે કોઈ ખાઈ નથી. ઇબ્સનને જ એ વધુ અનુસરે છે અને બાહ્યજગતની પણ ક્યારેય અવજ્ઞા કરતા નથી કે ભૂલી જતા નથી.

લેખકે પસંદ કરેલ નાટ્યસ્વરૂપ ભલે એકદમ તખ્તા માટેનું બનતું ન હોય અને એમના સમયની રંગભૂમિ સાથે સંતોષનો દેખાવ કરતું હોય તો પણ એ રંગભૂમિને બંધનરૂપ છે એમ એમને લાગ્યા વગર રહ્યું નથી. તેથી જ તો 'હું ગાંધી અને ગોડસે'ની પ્રસ્તાવનામાં લખે છે, 'આજ લખાણ લેખ સ્વરૂપે કે નાટ્યસ્વરૂપે વધારી સારી રીતે લખાઈ શકાયું હોત. પરંતુ અત્યારે તો માત્ર તે સંવાદસ્વરૂપે વધારે લખ્યું છે. એટલે શાસ્ત્રોક્ત રીતે નાટ્ય નથી જ, પરંતુ તેને સંપૂર્ણ નાટ્યમાં પલટાવવું હોય તો પલટાવી શકાય ખરું'. આમ રંગભૂમિને બાજુએ રાખી છે, તો પણ રૂપાન્તરિત નવલકથાઓની જેમ તખતા પર એની રજૂઆતની અને સફળતાની શક્યતાઓ સ્વીકારી છે જ.

બકુલભાઈએ કહ્યું છે તેમ આ નાટકોએ પલટાવવાની જરૂર છે ખરી ? એ વગર શું રંગભૂમિને સર્જી ન શકાય ? કેમ કે રંગભૂમિ કંઈ નાટકને નહિ, નાટક જ રંગભૂમિને સર્જે છે. બર્નાડ શૉએ કહ્યું છે તેમ 'આજનાં નાટકો રંગભૂમિ માટે લખાય છે- આમ ન હોવું જોઈએ. આંતરજરૂરિયાતમાંથી નાટકનો જન્મ થવો જોઈએ. સમસ્યાપ્રધાન નાટકો આવી આંતરજરૂરિયાતનું પરિણામ છે. બકુલભાઈનાં નાટકો પણ એવી જ આંતરિક આવશ્યકતાનું ફળ છે. આમ છતાં એવું તો કહી પણ શકાય કે કૃતિમાં આવતાં ગૂઢ તત્ત્વો તથા પ્રશ્નોનો મર્મ પકડી, સમજી, એ પદ્ધતિ દ્વારા થતો અનુભવ કેટલે અંશે અને કેવી રીતે મૂર્તરૂપ પામી શકે એ ધ્યાન પર લઈ આપણે એમાં કસબ કરી શકીએ. કેમકે એવાં કારીગરી પામેલાં નાટકો અભિનય શક્તિને વધુ શોભા આપી શકે. લેખક પોતે કુશળ અભિનેતા હોઈ નાટકોમાં એમને જ જરૂરી માર્ગદર્શન તો આપ્યું જ છે જે નાટકો તથા પાત્રો વિશે વધુ પ્રકાશ ફેંકે છે. આપણે જે અભિનયશક્તિની વાત કરી તે વાસ્તવવાદી પ્રશ્નપ્રધાન નાટકોના સંદર્ભે વિકસવી જોઈએ. તો જ આ પ્રકારનાં નાટકોને ન્યાય મળે.

એ યાદ રહે કે આ અભિનયશક્તિ જોર-શોરથી બૂમબરાડા પાડતા પાત્ર ઘડતરમાંથી દિગ્દર્શક દૂર રહે. ખૂન, મારામારી ઇત્યાદિનો સ્વીકાર પ્રશ્નપ્રધાન નાટકો કરતું નથી. બીજી વિશેષતા જે છે તે એ કે આ પ્રકારનાં નાટકો આંગિક અભિનયને ખૂબ જ મહત્ત્વ આપે છે. વાચિક અભિનય પણ એ રીતે થવો જોઈએ કે તે ખાસ કરીને સાત્ત્વિક લાગે અને વાસ્તવિકતા પ્રગટાવે.

આપણે યથાસ્થાને જોયું છે કે આ લેખક વાસ્તવવાદી આંદોલનનો લેખક છે. વસ્તુતઃ જે છે તે જ જુએ છે અને કલ્પના કે ભાવનાથી દોરાયા વગર યથાર્થનું દર્શન કરાવે છે. એમનાં નાટકોમાં જીવનની વાસ્તવિક્તા અને સમસ્યાઓને પૃથક્કરણ પામતી આપણે જોઇયે છીએ અને તેથી જ કલ્પના, અથવા ભ્રમમાં નાખે એવા આદર્શો કે રોમાન્સથી મુક્ત એવા જીવનને એ યથાર્થરૂપે રજૂ કરે છે, જે નિરૂપણ છે તે જીવનના કઠોર સત્યોનું છે. 'પદ્મશ્રી'માં કોઈ મોટી દુઃખદ ઘટના નથી પણ ઘરમાં પોલીસનું આગમન એક સમસ્યા બની જાય છે. આ વાસ્તવિક્તા અહીં પૃથક્કરણ પામે છે અને પોલીસ અંગેના આપણા ખ્યાલોને યથાર્થરૂપે રજૂ કરે છે જે દર્શકોને વિચાર કરવા પ્રેરે છે. 'ધનબાઈનો ગગલો'ના પાત્રો ગામડાંનાં છે. આજ સુધી ગામડાંને આપણે સ્વર્ગ માનતા આવ્યા છીએ તથા એના સમાજને આદર્શ તરીકે સ્વીકારતા આવ્યા. એ સામે લેખકે આ નાટકમાં સંઘર્ષ કર્યો છે અને એમ કરીને એમણે ગ્રામ્યજીવનની કેટલીક વિરૂપતા જે આજ સુધી આપણે છુપાવતા હતા તે ખુલ્લી કરી છે. ધનબાઈ અને ગગો છે તો ગામડાના પણ એટલા જબરા તથા ચાલાક છે કે જામફળ, બટાકા, મુસાફરી, ટ્રેનમાં જગ્યા બધું જ ચાલાકીથી તથા મફતમાં મેળવે છે. આખા નાટકમાં ધનબાઈ આ પદ્ધતિએ

વર્તે છે અને ગગો એના હાથ નીચે એના જેવો જ તૈયાર થયેલો છે. ગ્રામજીવનની આ શક્યતાને પણ સમજવાની લેખકની અહીં મથામણ છે અને એ પ્રકારે એઓ જીવનની ભયંકર વાસ્તવિક્તાને પ્રકટ કરે છે તથા ગ્રામજીવનના ખરાપણાને છુપાવતા બધાના ઢોંગ તથા મિથ્યાડંબરને આ રીતે ખુલ્લું કરે છે. જૂની અને નકામી વાતોને લેખકે એને સ્થાનેથી હટાવી દીધી, ખોટી ભાવુકતાને તિરસ્કારી. અહીં માનવી, પછી એ શહેરનો હોય કે ગામડાનો, જીવનની વ્યાવહારિકતાના વર્તુળમાં નિરૂપાયો છે. પૂર્વે કહી તે મનોવૈજ્ઞાનિક ભૂમિકા જ નાટકને ગતિ મળવાનું કારણ છે અને નહિ કે બાહ્ય ક્રિયાઓ. આને કારણે જ તો પાત્રો ઘણી વાતો કરવાની ટેવવાળા છે અને નાટકમાં સંવાદ દશ્યો સર્જે છે. એમાં વિચાર વિવિધ બાજુઓથી તથા દષ્ટિઓથી થાય છે. ધનજી જેવા ગામડાના માનવીના જીવનના કઠોર સત્યોને નિરૂપવાનો અહીં પ્રયાસ છે. ભ્રામક આદર્શોથી લેખકે નાટકને ગૂંગળાવી દીધું નથી. એમ કરીને તેઓ ગ્રામજીવનની વિરૂપતા છુપાવવા પણ માગતા નથી. જે સંવાદ દશ્યો સર્જાયાં છે તે ધનજી જેવા પાત્રના નસીબને અસર કરતી અને હૃદય તથા આત્માને ઢંઢોળતી સ્થિતિમાંથી સર્જાયાં છે અને એ પ્રેક્ષકો સમક્ષ લઈ આવે છે પાત્રોની બૌદ્ધિક તથા ભાષાત્મક પ્રતિક્રિયાઓ.

'અંગૂઠો' છે તો મોક ટ્રાયલ. દ્રોણ ઇત્યાદિ પાત્રો પણ પૌરાણિક મીથ છે. કૉર્ટ ફરિયાદીને ઠપકો આપે છે અને કેસ કાઢી નાખે છે, છતાં લેખકે આજની કેળવણીનું જે પૃથક્કરણ થવા દીધું છે તેમાંની વાસ્તવિક્તાનું મૂલ્ય કોઈપણ રીતે ઓછું થઈ જતું નથી. એ દર્શન આદર્શોથી આપણને અલગ લઈ જઈને વિચાર કરવાને પ્રેરે છે. દ્રોણ અને બીજાઓની પૌરાણિક કથાની સ્વીકૃત પરંપરાઓ તથા સિદ્ધાંતોની સામે બળવો કરતો આ એક નવો પ્રયોગ છે. ભલે એ નાટક નથી, સંવાદોની હારમાળા છે, પણ છતાં એને માટે નિબંધનું સ્વરૂપ વધારે યોગ્ય રહ્યું હોત તો પણ, લેખક પોતાના વિચારો અને કોઈના તાબામાં નહિ એવા અભિપ્રાયો નાટક નામના આ સાધનમાં, તથ્યોને સંદર્ભથી દૂર કરીને તથા પરિસ્થિતિ અને પાત્રો થોડા વિકૃત બનતાં લાગે તો પણ, પોતાના ઉદ્દેશની સિદ્ધિ અર્થે મૂકી શક્યા છે. એ વાત જ આશ્ચર્યચકિત કરે એવી છે તથા વિષયગત અને સ્વરૂપગત આ નવીનતા સ્પષ્ટ રીતે આપણને સમસ્યાપ્રધાન નાટકોના ઇબ્સન કે ગોલ્સવર્ધીના યુગમાં લઈ જાય છે. જૂના-નવાનો આ સંઘર્ષ વિવાદ સર્જવા માટે પૂરતો છે. આજના શિક્ષણમાં પ્રવર્તતી અરાજક્તા સામે સાવધ એવો લેખક જ એવો વિવાદ સર્જી શકે. પોતાના યુગની સમસ્યાઓથી અને કઠોર વાસ્તવિકતાઓથી ભાગીને માત્ર કલ્પનાલોકમાં વિહરતો નાટ્યલેખક એ કરી ન શકે પણ એ માટે તો એવા લોકના ક્રોધનું કારણ બનનાર અને બળવો જગાડનાર તથા જૂની સડેલી માન્યતાઓ બદલવા જાગૃતિ લાવનાર જ ચાલે. એવા લોકની જમાતથી બકુલભાઈ અલિપ્ત ન રહી શક્યા. જેને પરિણામે એમના આ પ્રકારનાં નાટકો આપણને ઉપલબ્ધ થયાં છે.

હવે આપણે એ જોઈએ કે બકુલભાઈના નાટકોમાં હાસ્યરસનો અને ટ્રેજેડીનો ચહેરો ક્યા પ્રકારનો છે અને તે વાસ્તવવાદી પ્રશ્નપ્રધાન નાટકોને શી રીતે ઉપકારક અથવા હાનિકારક છે.

પ્રથમ તો એ કે બકુલભાઈ કૌટુંબિક ટુચકાઓનો ઉપયોગ કરતા નથી કે 'નોન્વેજ' જોક્સ કરતા નથી. પોતાની રમૂજવૃત્તિનો ઉપયોગ કોઈ પાત્રને ઉતારી પાડવા પણ કરતા નથી. પ્રશ્ન એ થાય છે કે તો પછી લોકો શા માટે હસે ? એ વાત સાચી છે કે હાસ્યપ્રધાન નાટકોની જેમ લોકો અટ્ટહાસ્ય કરતા નથી, મંદમંદ સ્મિત પણ દેખાતું નથી, જે અનુભૂતિ થાય છે તે હૃદયમાં થતા આનંદની છે. પ્રશ્નપ્રધાન નાટકોમાં પણ જો ઊભા થતા પ્રશ્નોનું નિરાકરણ થઈ જાય તો આનંદની અનુભૂતિ થાય. પણ બકુલભાઈ પ્રશ્નો પ્રેક્ષકોને વિચાર કરવા માટે ઊભા કરી નાટક પડતું મૂકે છે. હવે પ્રેક્ષકોને લેખકની રમૂજવૃત્તિથી આનંદનો અનુભવ થયો છે તે એમને હળવા રાખે છે. સમસ્યાને કારણે તંગ થયેલો પ્રેક્ષક જે હળવાશ અનુભવે છે તેને કારણે વિચાર કે ચિંતન કરવાને રાહત અને સ્વસ્થતા અનુભવે છે. એમ ન હોત તો દર્શકોનું વર્તુળ તૂટી ગયું હોત; દા.ત. જો રમૂજવૃત્તિનો ઉપયોગ

કોઈને ઉતારી પાડવા થયો હોત તો અપમાનિત પાત્ર કે પ્રેક્ષકોએ અથવા ટીકા પામેલા લોકોએ કે જેની માનસિકતાનો ગેરલાભ લેવાયો છે એવા લોકોએ, વર્તુળની બહાર નીકળી જવાનો પ્રયાસ કર્યો હોત, પણ એમ થતું નથી. બકુલભાઈનાં પાત્રો એવા છેડતી કરતાં ન હોઈ તદ્દન બિનહાનિકારક છે. ભલે એ સામાજિક રીતે સ્વીકારાયેલો માર્ગ છે અને પ્રહાર કરવાનું શ્રેષ્ઠ સાધન છે છતાં આ નાટકો માટે બકુલભાઈએ એનો ઉપયોગ કર્યો નથી, કેમકે બીજાને ખરાબ બતાવી સારા દેખાવાની આ વૃત્તિ વધુ આક્રમક અને તીવ્ર અસર કરનારી હોય છે અને જો દર્શકોને ખબર પડી જાય તો એનો ઉપયોગ કરનાર કે એની કૃતિઓથી દૂર રહેવાનું સ્વીકારે છે. તેથી બકુલભાઈ એ કરામતથી બચતા રહ્યા છે. પરિણામે દર્શકોને ચિંતા કે વિચાર કરતા કરવાની જવાબદારીમાંથી બચી શકતા નથી. તેઓ એમ કરે જ અને તેથી જ નાટક પ્રહસન થઈ જવાને બદલે સમસ્યાપ્રધાન બને છે; દા.ત. 'બાવલું' નાટકમાં અસત્યને વરેલા વકીલોને ખુલ્લા પાડવા માટે એમને ગાંધીજીના પાત્રને ઉતારી પાડ્યું નથી કે આક્રમકતા વ્યક્ત કરી નથી. પરંતુ ગાંધીજી જ્યારે કહે છે કે 'હું સત્યમાં જ માનતો હોવાને કારણે જીવન દરમિયાન નિષ્ફળ વકીલ હતો' ત્યારે એ તકનો લાભ લઈ લેખક વકીલ તરીકે પૂછે છે કે 'તમે જો સત્યને વરેલા હતા તો પછી વકીલાતના વ્યવસાયને સ્વીકારીને સફળ વકીલ થવાનો પ્રયત્ન શા માટે કરેલો ?' એમના આ પ્રકારનાં વિધાનો વકીલોના ગંભીર મિજાજને હળવો બનાવી દે છે. મારી મચડીને ઊભો કરેલો આ કોઈ દર્દનાક વિનોદ નથી પણ ગાંધીજીના સત્ય અંગેના મૂળભૂત સંદેશને વિચાર કરવા વકીલો તથા લોકો સુધી પહોંચાડવાનો એક માર્ગ છે, એટલું જ નહિ, પણ ગાંધીજી માટે આદર્શ વકીલ તરીકેના પોતાના વિચારો રજૂ કરવાનો માર્ગે ખુલ્લો થઈ શકે એવી સ્થિતિ સર્જવાનો આ પ્રયત્ન છે અને એમ જ થાય છે. આમ લેખકની આવી વિનોદવૃત્તિ લોકોને ખડખડાટ હસાવવા માટે નથી. પણ પરિસ્થિતિ સાથે વધુ સારી રીતે કામ પાર પાડવા માટે છે. જોઈ શકાય છે કે હકારાત્મક અને પોઝિટિવ રમૂજવૃત્તિ જે શ્રેષ્ઠ પ્રકારની છે એનો જ ઉપયોગ એમનાં નાટકોમાં થયો છે. તેથી જ આ નાટકો પ્રહસનોમાં સરી જવાને બદલે અથવા ટ્રેજેડી અને કૉમેડીનું અંશરૂપ સ્વરૂપ થઈ જવાને બદલે વાસ્તવવાદી પ્રશ્નપ્રધાન નાટકો બની રહ્યા છે.

ટ્રેજેડીનો ચહેરો કયા પ્રકારનો છે. ? ૧૬૯૦- ૧૭૨૦ એટલે કે હીરોઈક ટ્રેજેડી પછી ટ્રેજેડીના જે બે પ્રવાહો દેખાયા તે શેક્સપિયર કરતાં જુદી એવી રંગદર્શી ટ્રેજેડી જે બ્રાઉનિંગ અને મૅટર્લિન્ક વગેરેમાં દેખાય છે. બીજો પ્રવાહ તે વાસ્તવવાદી ટ્રેજેડી જે ઇબ્સન અને એ વર્ગના લેખકોમાં છે. બકુલભાઈનાં નાટકો આ બીજા પ્રવાહની અસર નીચે લખાયેલાં છે. આ પ્રકારનાં નાટકોને ટ્રેજેડી કહેવા માટે ગ્રીક ટ્રેજેડી અને શેક્સપિયરની ટ્રેજેડીની વ્યાખ્યાને વિસ્તારવી પડે; ઉ.ત. માનવ પ્રત્યેનું ઈશ્વરનું વલણ યોગ્ય છે એવું શેક્સપિયર સૂચવે છે અને પુરવાર પણ કરે છે. ઇબ્સનમાં એવું નથી પણ નિરાશાવાદની અભિવ્યક્તિ છે જે ઈશ્વરના વલણને યોગ્ય પુરવાર કરવાની અશક્તિમાંથી આવેલ છે. આ એ જગ્યા છે કે ગ્રીક અને શેક્સપિયરની ટ્રેજેડીની વ્યાખ્યાને વિસ્તારીને જ આપણે ઇબ્સન વર્ગના લેખકોના નાટ્યપ્રવાહને ટ્રેજેડીના વર્ગમાં મૂકી શકીએ. એ પ્રશ્નપ્રધાન નાટકો છે એટલા કારણસર જ ટ્રેજેડી નથી એમ કહી શકાય નહિ.

બાહ્યજગતની જાણે કંઈ અસર થતી ન હોય એવા બ્રાઉનિંગ કે મૅટર્લિન્કના પાત્રો જેવી સૃષ્ટિ ઇબ્સનવાદી લેખકોની જે નથી તે બકુલભાઈમાં પણ નથી. વિશિષ્ટ મનોદશા કે સહજવૃત્તિ પરિણામરૂપ પાત્રો અથવા આંતરવૃત્તિની અથડામણ પણ નથી. અદ્‌ભુત, અલૌકિક, મૂંઝવી નાખે એવી પ્રતીકોની પરંપરાવાળાં પાત્રો પણ નથી. સંવાદો પણ ગૂઢ રીતે ફલિત થાય એ પરિસ્થિતિ નથી, મૌનનું મહત્ત્વ કે ટ્રેજેડીનાં તત્ત્વો સામાન્ય જીવનમાં જ સતત શોધ્યા કરવા એવું વલણ નથી, પણ એ શોધ માટે કાર્ય, સંવાદો, તથા ઘર્ષણ જેવાં તત્ત્વો પર વિશેષ લક્ષ્ય કેંદ્રિત કરવાનું વલણ છે. સ્વગતોક્તિ જેવું કંઈ છે જ નહિ તેથી આન્દ્રેયેવમાં બને છે તેમ પાત્રો અંતર્મુખ બની જતાં કે આત્માના ઊંડાણમાં ચાલ્યાં જતાં હોય એવું પણ દેખાતું નથી. 'અહમ્' નહિ પણ બાહ્ય

સૃષ્ટિ પર ઇબ્સનવાદી લેખકોમાં જેમ ટ્રેજેડી સર્જાય છે એવું જ બકુલભાઈના આ નાટકોમાં પણ પ્રત્યક્ષ થાય છે. જીવન માટે ઝઝૂમતા એમનાં પાત્રો વાસ્તવિક્તાની નક્કર ભૂમિ પર છે. પાત્રોની ગુપ્ત અને સૂક્ષ્મવૃત્તિઓનું નિરૂપણ પણ થયેલું દેખાય છે. જેમાં ટ્રેજેડીને પ્રકાશતી આપણે જોઈએ છીએ; દા.ત. ' ''કાકો'' ''અંકલ'' પ્રેમ કરતાં શીખવાડે છે' એ નાટકમાં પીંકલ માટે ઝઝૂમતો અપૂર્વ ગુપ્ત અને સૂક્ષ્મવૃત્તિઓનું બરાબર નિરૂપણ પામે છે. પણ પ્રેમ કરવા માટે ઈશ્વરે એનામાં જે શક્તિ મૂકી છે તે વલણને યોગ્ય ગણી એ સ્વીકારી શકતો નથી, નિરાશાનો અનુભવ કરે છે અને કહે છે 'મને એ નહિ ફાવે' જેમાં ટ્રેજેડી બહાર આવતી આપણે જોઈએ છીએ.

આમ જોઈ શકાશે કે રંગભૂમિની દૃષ્ટિએ ક્રાંતિ લાવવામાં ઇબ્સનવાદી નાટ્ય-લેખકોનો જે નોંધપાત્ર ફાળો રહ્યો છે એમાં બકુલ જોશીપુરાનું પણ યથાશક્તિ પ્રદાન રહ્યું છે. સાદી, સરળ બોલચાલની ભાષામાં એમણે સંખ્યાબંધ વાસ્તવવાદી પ્રશ્નપ્રધાન નાટકોનું સર્જન કર્યું. રોજિંદા જીવનને આવરી લેનારા તથા અનુભવના રંગે રંગાયેલા પ્રશ્નો એમાં વણાયેલા છે. સેક્સ અને લગ્નજીવન જ નહિ, હડતાળ, ગરીબી, છાણાં, છાપાં, રોટલી જેવા વિષયો પણ સમસ્યાના રૂપમાં આવ્યા છે. લેખકે પસંદ કરેલ નાટ્યસ્વરૂપ લેખકને પોતાને પણ નાટકશાળા માટે બંધન કરતું લાગ્યું હતું. તેથી જ તો તેઓ એને સંવાદ કહે છે. પણ તખતા પર એની રજૂઆત અને સફળતાની શક્યતાઓ હોઈ એમાં રંગભૂમિ સંદર્ભે ચોક્કસ જ કસબ કરી શકાય એવાં એ છે. પણ એ આંતરજરૂરિયાતનું પરિણામ હોઈ આ રીતે જન્મ્યાં છે અને પોતાને અનુકૂળ એવી રંગભૂમિ પણ સર્જી શકે. હાસ્યરસના એક ચોક્કસ ચહેરાનો એમાં ઉપયોગ થયો હોવા છતાં એ પ્રહસનો બની ગયાં નથી. એ જ રીતે ટ્રેજેડી હોવા છતાં ગ્રીક અને શેક્સપિયરની ટ્રેજેડીની વ્યાખ્યામાં એને સમાવી શકાય એમ નથી. એ વ્યાખ્યાને વિસ્તારીને જ આ પ્રકારનાં નાટકોને એ વર્ગમાં મૂકી શકાય.

## Psalm of Life

Tell me not in mournful numbers
Life is but an empty dream
For the soul is dead that slumbers
and things are not what they seem to be.

Life is real life is earnest
and the grave is not its goal
Dust thou art to dust returnth
was not spoken of the soul

Let us be then up and doing
with a heart for any fate
still achieving still persuing
Learn to labour and to be.

**H. G. Longfellow**

# પિત્તાશયની પથરી

◆

**ડૉ. કે. એસ. પુરોહિત*** એમ.એસ.

આપણા શરીરમાં ખોરાકના પાચન માટે પાચનતંત્ર આવેલું છે. આ પાચનતંત્રમાં અનેક અંગોનો સમાવેશ થાય છે. ખોરાક હોજરીમાંથી આંતરડામાં જતો હોય ત્યારે તેની જોડે પાચકરસ ભેળવવા જરૂરી હોય છે. આવો એક પાચક રસ-પિત્ત, જે લીલાશ પડતા પીળા રંગનું ચીકણું પ્રવાહી હોય છે – એ યકૃત(લીવર)માં બને છે, આ પિત્તરસ લીવરમાંથી એક નળી મારફતે આંતરડામાં પહોંચે છે. આ પિત્તરસ એ સામાન્ય કદના માણસમાં આશરે બે લિટર જેટલો ઝરે છે.

પિત્તાશય એ આશરે ૧૦-૧૨ સેંમી. લાંબી ફુગ્ગા જેવી થેલી છે જે લીવરની નીચે ચોંટેલ હોય છે. આ પિત્તાશયનું શરીરમાં ખાસ કોઈ કામ નથી હોતું (દા.ત. આંત્રપુચ્છ અથવા એપેન્ડિક્સ) અને તેમાં આશરે ૨૦ મિ.લિ. જેટલો પિત્તરસ સમાય છે.



પિત્તાશયમાં દેખાતી પથરીઓ

શરીરમાં ઘણાં એવાં અંગો છે કે જેમાં પથરી થવાની શક્યતા હોય છે. આ જુદા જુદા અંગોમાં થતી પથરીનાં કારણો, અસરો, જોખમો અને સારવાર બિલકુલ અલગ અલગ હોય છે. આમાંનું એક અંગ એ પિત્તાશય છે.

પિત્તાશયમાં થતી પથરીનાં કારણોમાં મેદસ્વીપણું, બેઠાડું જીવન, આનુવંશિકતા, ખોરાકનો પ્રકાર, એ ઘણો ભાગ ભજવે છે. ખોરાકમાં, અનાજમાં આવતી પથરીના કારણે શરીરના અંગોમાં પથરી થાય છે એ માન્યતા સદંતર ખોટી છે.

આપણા શરીરમાં અગત્યનાં તત્ત્વો હોય છે જેમાં કેલ્શિયમ ઘણું અગત્યનું છે. લોહી મારફતે આ કેલ્શિયમ બધે ફરતું રહેતું હોય છે. આ કેલ્શિયમ જ્યાં વધુ પ્રમાણમાં થાય ત્યાં પથરી બંધાય છે. પિત્તાશય એ આવી એક જગા છે.

## ★ શું જેના પિત્તાશયમાં પથરી હોય તેને તકલીફ થાય જ ?

ના. ન પણ થાય. હકીકતમાં એક તારણ મુજબ વસ્તીમાંની લગભગ ૧૦ ટકા જેટલી વ્યક્તિઓને નાની મોટી પિત્તાશયની પથરી હોય છે. આમાંના માંડ થોડા લોકોમાં આ પથરી તકલીફ ઉત્પન્ન કરે છે.

---

* ગેસ્ટ્રોસર્જન, લેપરોસ્કોપીસ્ટ અને થેરાપ્યુરીક એન્ડોસ્કોપીસ્ટ : સુભદ્રા ગેસ્ટ્રોસર્જરી હૉસ્પિટલ, કોચરબ આશ્રમ સામે, આશ્રમ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬

★ **પથરીના લક્ષણો ક્યાં હોય ?**

પેટમાં દુઃખાવો ઉપડવો. ખાસ કરીને છાતીના નીચેના અને પેટના ઉપરના ભાગમાં અચાનક, ખાસ કરીને જમ્યા પછી અને રાત્રે દુઃખે છે. આ દુખાવો પીઠ તરફ પણ જાય છે. સાથે સાથે પેટ ચઢી જવું, ઊલટી ઊબકા થવા, સામાન્ય તાવ આવે એવું પણ થાય છે.



પિત્તાશયની કોથળી તથા નાનું આતરડું

★ **આ પથરીનું નિદાન કેવી રીતે કરવામાં આવે છે ?**

કોઈ પણ દરદનું સચોટ નિદાન કરવા માટે જે તે વિષયના નિષ્ણાત પાસે જવું હિતાવહ છે. આ નિષ્ણાત દર્દીને તપાસી, એની સાથે સવાલ જવાબ કરી નિદાન કરે છે. આ નિદાન યોગ્ય છે કે નહિ તે માટે જરૂરી તપાસ કરાવતા હોય છે. પેટની સોનોગ્રાફી એ આ અથવા કોઈ પણ પથરીના નિદાન માટે ખૂબ જ ઉપયોગી તપાસ છે અને ૯૯ % કેસમાં એ સફળતાપૂર્વક નિદાન કરી શકે છે.

આ ઉપરાંત લોહીના પણ ટેસ્ટ જરૂરી હોય છે.

★ **પિત્તાશયમાં પથરી કેવી, કેટલી અને કેવડી હોઈ શકે ? શું તેનાથી નિદાન કે સારવારમાં કોઈ ફેર પડે ?**

પથરીના બંધારણ (composition) અને કેલ્શિયમના પ્રમાણ મુજબ પથરી સખત અથવા નરમ હોઈ શકે. એ જ પ્રમાણે તે નાની કે મોટી (૧ મિ.મી. થી ૪ સેં.મી.) હોઈ શકે. પીળા, કાળા કે બ્રાઉન કલરની હોઈ શકે.

એકથી માંડી અસંખ્ય હોઈ શકે.

જેમ પથરી નાની તેમ આ પથરી આગળ પિત્ત-નળીમાં સરકી જઈ ઘણા ગંભીર પરિણામો લાવી શકે.

★ **પિત્તાશયની પથરીની સારવાર શું હોય છે ?**

સૌ પ્રથમ એ જાણવું જરૂરી છે કે જુદાં જુદાં અંગોમાં થતી પથરીની સારવાર તદ્દન જુદી હોય છે. પિત્તાશયમાં થતી પથરી મોટે ભાગે નુકસાન કરતી નથી કે ચિહ્નો પેદા કરતી નથી. પણ જો એક વાર પણ એ દુઃખાવો વગેરે તકલીફ કરે પછી તેની સારવાર જરૂરી બને છે. આની એકમાત્ર સારવાર એ ઓપરેશનથી પિત્તાશયની થેલી કાઢી નાખવી એ જ છે. પિત્તાશય શરીરમાં કોઈ અગત્યનો ભાગ ન ભજવતું હોવાથી અને જો તે રાખવામાં આવે તો તેમાં વારંવાર પથરી બનતી હોવાને કારણે જ આમ કરવામાં આવે છે.

★ **પિત્તાશય કાઢી નાખવાથી દરદીને તુરત અથવા ભવિષ્યમાં કોઈ તકલીફ પડે ?**

ના. બિલકુલ નહીં.

★ **બાળકોમાં પિત્તાશયની પથરી થાય ?**

હા. થઈ શકે. પરંતુ બાળકોમાં અમુક પ્રકારના લોહીના રોગો હોય તો પણ તે પથરી થવાનું કારણ બને છે અને તેથી લોહીની સંપૂર્ણ તપાસ કરવી જરૂરી બને છે.

★ **સગર્ભા સ્ત્રીને પિત્તાશયની પથરી થાય ? સારવાર શું ?**

હા. હકીકતે સગર્ભા સ્ત્રીઓમાં પિત્તાશયની પથરીનું પ્રમાણ વધુ હોય છે. બાળકના જન્મ પછી આમાંની

ઘણી પથરી ઓગળી જતી હોય છે, પરંતુ જો વધુ પ્રમાણમાં દુઃખાવો, ઊલટીઓ વગેરે થાય તો બાળક માટે જોખમી બને છે. આ માટે ઓપરેશન કરાવી લેવું જરૂરી બને છે. આ ઓપરેશન સગર્ભાવસ્થાના ચારથી છ મહિના દરમિયાન કરવું હિતાવહ છે.

### ★ પિત્તાશયનું ઓપરેશન કેટલું મોટું ? કેટલું જોખમી ?

પહેલાંના સમયમાં આ ઓપરેશન પેટ ખોલીને કરવામાં આવતું હતું હવે વિજ્ઞાન અને ટેકનોલોજીના સહયોગથી લેપરોસ્કોપથી—ફક્ત નાના છિદ્ર / છિદ્રોમાંથી આ આપરેશન થઈ શકે છે. ૨૪ કલાકમાં ઘરે જઈ શકાય છે. જોખમ પણ નહિવત્ હોય છે. બે-ત્રણ દિવસ પછી કામે પણ જઈ શકાય છે.

### ★ જો આ પથરીનાં ચિહ્નો અવગણવામાં આવે તો શું થાય ?

ઘણી સમસ્યાઓ સર્જી શકે.



Liver, Distended Gall Bladdar & Stomach

- પિત્તાશયના મુખ આગળ આ પથરી ફસાઈ જાય અને ચેપ લાગે તો આખા પિત્તાશયમાં પરુ થઈ શકે.
- જો વારંવાર આવો દુઃખાવો થાય તો પિત્તાશય ઘણું જાડું-સોજાવાળું થઈ લીવર સાથે સજ્જડ ચોંટી જાય. આ કારણે લેપરોસ્કોપ (દૂરબીન)થી ઓપરેશન ન થઈ શકે પણ પેટ ખોલવાની જરૂર ઊભી થાય.
- જો હજી અવગણવામાં આવે અને આ પથરી પિત્તાશયમાંથી નીકળી અને પિત્તરસ લઈ જતી નળી (C.B.D.)માં દાખલ થઈ જાય તો નીચેના કોમ્પ્લીકેશન કરી શકે.

  → કમળો થવો.

  → લીવરની નસોમાં પરુ થવું.

  → સ્વાદુપિંડનો સોજો, સ્વાદુપિંડમાં પાણી ભરાવું, સ્વાદુપિંડ પાકવું વગેરે.

જો કમળો થાય તો આ પથરી નળીમાંથી કાઢવા માટે ખાસ પ્રકારના દૂરબીનની મદદથી કાઢવામાં આવે છે.

આ પૈકી સ્વાદુપિંડનો સોજો કોઈવાર જીવલેણ સાબિત થઈ શકે છે.

### ★ પિત્તાશયમાં પથરી ન હોય તો પણ પિત્તાશયનો સોજો આવી શકે ?

હા. આવી શકે. આના કારણો નીચે મુજબ છે :

- દર્દી કોઈ મોટી બીમારીથી પીડાતો હોય અને આઈ.સી.યુ.માં હોય તેમાં લોહીનું પરિભ્રમણ ઓછું થવાને કારણે પિત્તાશયમાં ચેપ લાગે અને સૂજી જાય.
- ખરેખર પથરી હોય પણ ખૂબ નાની રેતીના કણો જેવી હોય તો સોનોગ્રાફીમાં ન પણ દેખાય.
- આખું પિત્તાશય વારંવાર સૂજીને સાંકડું થઈ ગયું હોય અને પથરીની ખીચોખીચ ભરેલું હોય તો પણ સોનોગ્રાફી મશીનથી જોઈ શકાતું નથી.

ઉપરના લગભગ બધા કિસ્સામાં ઓપરેશન જરૂરી બને છે.

-------

# अभिज्ञान शाकुन्तल का तांत्रिक (आध्यात्मिक) अर्थघटन

◆

डो. हर्षदेव माधव*

प्रस्तुत नाटक में नाटककार की यात्रा '**या**' (नान्दी का प्रथम अक्षर) से लेकर **शक्ति (शिवा) आत्मभूः** (शिव) तक है। दुष्यंत (दुःषन्त) इस नाटक का नायक है। 'ष' का 'ख' पढ़ने पर (**यजुर्वेद** के **मंत्रपाठ** की प्रक्रिया में ष का ख पढ़ा जाता है) दुःख अन्त पढा जा सकता है। दुःख अन्त तत्त्वज्ञान का लक्ष्य है।

सांख्य दर्शन के अनुसार - '**दुःखत्रयाभिघातात् जिज्ञासा**' होती है।[१] नायिका शकुन्तला है। 'शकुन्त' जीवात्मा का प्रतीक है। 'द्वा सुपर्णा' मंत्र से भी यह स्पष्ट है।[२] शकुन्त जैसे जीवात्मा से प्रकृति पोषित होती है, यही 'शकुन्तला' शब्द का तत्त्वार्थ है। प्रकृति के दुःख-अन्त प्राप्त करने पर ही वह आपवर्ग की यात्रा में सफल होती है। शकुन्त का पालन (भोग-अपवर्ग) करनेवाली शक्ति हि शकुन्तला है।

दुष्यन्त '**अर्हतां प्राग्रसरः**' है। शकुन्तला '**मूर्तिमती सत्क्रिया**' है।[३] बृहदारण्यक उपनिषद के **अनुसार 'अयमात्मा सर्वेषां भूतानां मध्यस्याऽऽत्मनः भूतानि मधु... यश्चायमात्मा तेजोमयोऽमृतमयः पुरुषोऽयमेव स योऽयमात्मेदममृतमिदं ब्रह्मेदं सर्वम् ।'**[४]

शकुन्तला पराम्बा या प्रकृति है। वह 'क्रियामयी' है। सांख्यदर्शन के अनुसार - **'पुरुषविमोक्षनिमित्तं तथा प्रवृत्तिः प्रधानस्य है।'**[५]

दुष्यंत राजा के रूप में रजस् और सत्त्वप्रधान जीव है। उसे तमोगुण से रोकने का प्रयास अर्थात् 'तीन ऋषियों द्वारा मृग को मारने का निषेध' ऐसा अर्थ लिया जा सकता है। त्रिगुणात्मिका प्रकृति पुरुष को तमोगुण से रोकने के लिए कृतसंकल्प होती है।[६] पुरुष को प्रकृति की पहचान के लिए विवेक आवश्यक है। बिना विवेक सृष्टि से मुक्ति नहीं होती। पाँचवें अंक में दुष्यंत में विवेक का (शकुन्तला उसकी पत्नी है या नहीं) अभाव है। वह ही उसमें मोह उत्पन्न करता है। आवरण पैदा करता है। यथार्थ ज्ञान होने पर मोह के आवरण स्वतः दूर होने लगते हैं।

अंगूठी शकुन्तला के हाथ में होने पर भी उसमें नाम तो दुष्यंत का ही है। पुरुष जीवात्मा हो

---

* अध्यापक, संस्कृत विभाग, ह. का. आर्ट्स कॉलेज, अमदावाद

तो भी चैतन्य तो स्वयम् उसी का हि है । आत्मा को 'अभिज्ञान' प्राप्त होने पर समदर्शिता प्राप्त होती है । छठ्ठे अंक में दुष्यंत सर्व प्रजाओं के 'बंधुत्व' का अनुभव करता है यही उसके आत्मतत्त्व का परमात्म तत्त्व में विस्तरण है । भगवद्गीता के श्लोक 'शुनि चैव श्वपाके च...' में सर्वत्र समदर्शिता का विस्तरण ही है ।

विश्वामित्र (सत्त्व + रजस्) एवं मेनका (रजस् + सत्त्व) से सर्गरचना होती है । कण्व (सत्त्व + सत्त्व + रजस्) से उसका पालन होता है, दुर्वासा (तमस् + रजस्) से दुःख और मोह उत्पन्न होता है । और सृष्टि प्रक्रिया चालू रहती है । अंततः मोह (शपान्तकारक मुद्रिका अर्थात् 'स्व पहचान' (self realization) होने पर) सत्त्व के उद्रेक रूपी (मारीच) के पास पर्यवसान होता है । मारीच 'सत्त्वोद्रेक' है क्योंकि भोग और विलास की सामग्रियाँ उसकी शांति और स्वस्थता को चलित नहीं करती ।[७]

(१) 'कल्पवृक्षवाले वन में प्राणों को स्थायी करने की वृत्ति – इच्छाओं की पूर्ति हो ऐसा ऐश्वर्य होने पर भी प्राणायाम, समाधि की ओर आगे बढ़ने की प्रक्रिया (२) सुवर्णकमल के परागरज से पीताभ होते पानी में धार्मिक स्नान = स्वाधिष्ठान चक्र और अनाहत चक्र की सिद्धि के पश्चात् विशुद्धिचक्र तक पहुँचने की घटना । (३) **'ध्यानं रत्नशिलासु'** प्रभा से देदीप्यमान आज्ञाचक्र में योगी की आत्मा का केन्द्रित होना । (४) **'विबुधस्त्रीसंनिधौ संयमः'** प्रकृति की उपस्थिति बाधक न बने ऐसी तटस्थता प्राप्त होती है । इस समय मलिन प्रकृति शुद्ध सात्त्विकता की ओर अग्रेसर होती है । **'वसने परिधसरे वसाना'** अर्थात् सृष्टि में बन्धनकारक रजस् एवं तमस्' का आवरण दूर होता है । 'शुद्धशीला' ('शुद्धशीला' मूल नाटक में उपयुक्त शब्द) प्रकृति दीर्घ विरह व्रत त्यागकर सामरस्य की ओर पुनः मुड़ती है ।[८]

शुद्ध दर्पण के प्रतिबिम्ब की भाँति शिवा में शुद्ध शिव के दर्शन होते हैं । कालिदास **'छायां न मूर्च्छति मलोपहतप्रसादे शुद्धं तु दर्पणतले सुलभावकाशा ।'** जैसे शब्द प्रयोग करते हैं । सात्त्विकी बुद्धि में ही आत्मज्ञान होता है। प्रकृति जैसे बाँधती है वैसे प्रकृति ही पुरुष को मोह में से छुड़ाती है। **(सैव पुरुषार्थं प्रति विमोचयत्येकरूपेण ॥)**[९] नाटक के सातवें अंक में शकुन्तला ही स्वयं आती है । दुष्यंत शकुन्तला की ओर नहीं जाता, यह सूचक बात है ।[१०] प्रथम अंक में मृगया को गये हुए राजा को तापस आश्रम में जाने का आग्रह करते हैं । तमोगुण की मात्रा में परिवर्तन होने पर साम्यावस्था खंडित होती है ऐसा यहाँ सूचन है । दुष्यन्त की मृग मारने की द्रष्टा से 'शैव दर्शन में वर्णित 'पशुभाव' को तमोगुण से नष्ट नहीं किया जाता, उसके लिए आश्रम की शांति का (सत्त्वगुण) का आश्रय लेना पड़ता है, शकुन्तला (शिवंकरी भक्ति) का सेवन करना पड़ता है' यह भी सूचित है । दुष्यन्त की पाशवी वृत्ति भी धीरे धीरे शांत होती है। आ यहाँ भी तीन तापस तीन गुणों के प्रतीक हैं । दुर्वासा तमोगुण + रजोगुण का प्रतीक है । तमोगुण से क्रोध उत्पन्न होता है, क्रोध से उत्पन्न अहंकार के कारण 'अहम्' जागृत होता है । (**अहमहं भोः** । अ शा चतुर्थ अंक-दुर्वासा की उक्ति) अहंकार के कारण पुरुष प्रकृति को भूल जाता है और मोह उत्पन्न होता है । प्रकृति के पास पुरुष का अभिज्ञान है, परंतु वह निरर्थक है – पुरुष प्रकृति को समझे तो ही अपवर्ग होता है – इसी लिए तो दुष्यंत को शाप का असर होता है, शकुंतला को नहीं ।

पाँचवें अंक में राजा **'औत्सुक्यमात्रमवसादयति प्रतिष्ठा'** कहता है । प्रकृति भी पुरुष का 'औत्सुक्य' संतुष्ट करने के लिए प्रयत्न करती है । आतपत्र अर्थात् छत्र का धर्म का 'छादन' का और

'त्राण' (छादयति त्रायते) तो है प्रकृति पुरुष के स्वरूप को ढँककर छत्र का काम करती है।[११] क्लिश्नाति' शब्द श्लोक में है, वह क्लेश की ओर इंगित करता है।

शारद्वत कहता है –

**अव्यक्तमिव स्नातः शुचिरशुचिमिव प्रबुद्ध इव सुप्तम् । बद्धमिव स्वैरगतिर्जनमिहि सुखसङ्गिनमवैमि ॥**[१२] इस उक्ति में 'विदेहमुक्ति' मुक्ति का सूचन है। राजा दुष्यंत को सातवें अंक में 'सर्वदमन' की प्राप्ति इन्द्रियों को वश करने वाला संयमी योगी सूचित करती है। सर्वदमनत्व और चित्शक्ति (शकुन्त=आत्मा शकुन्तला=आत्मशक्ति) मिलने के पश्चात् शरीर रूपी रथ व्यवस्थित बनता है। जिसका सूचन सुज्ञजन इस पंक्ति से समझ सकते हैं –

**'रथेनानुद्धातस्तिमितगतिना तीर्णजलधिः ।'**[१३]

दुष्यंत और शकुन्तला का मिलन वैयक्तिक स्तर पर स्त्री-पुरुष का मिलन है, ब्रह्मांड स्तर पर पृथ्वी और आकाश का मिलन है, अध्यात्म स्तर पर मन और प्राण का ऐक्य है।[१४] वैश्विक मन के स्तर पर स्थल और समय का मिलन है। गेटे को शाकुन्तल में पृथ्वी और स्वर्ग के मिलन का अनुभव भी हुआ था।

प्रथम तीन अंक में शकुन्तला में प्रातःकाल की गायत्री या उषा जैसी नजाकत (कोमलता) स्फूर्ति और प्रसन्नता है। पाँचवें अंक में सावित्री या मध्याह्न सूर्य की प्रभाशक्ति जैसी उग्रता है, सातवें अंक में तपस्वी जीवन जीनेवाली शकुन्तला में सरस्वती की सौम्यता है। सातवें अंक का मारीच का आश्रम-मरीचि(तेज) और शांति का द्योतक है। पृथ्वी से ऊर्ध्वस्थान में मन और प्राण को सहस्रार में मरीचि=गुरु (देवगुरु) मिलन साध देता है। मरीचि (देवपिता) और देवमाता के सान्निध्य में आरोहण मार्ग से अवरोहण की ओर गति करती चित् शक्ति शांति का आह्लादक अनुभव होता है। सर्वदमनत्व मिलने से शकुन्तला को दुःख-अन्त से कोई रोक नहीं सकता। यहाँ कुंडलिनी का आरोहण व अवरोहण भी सूचित है।

'काली' का एक नाम 'संततिप्रदा' है। शकुन्तला दुष्यन्त का वंश आगे बढ़ानेवाली शक्ति है। शकुन्तला 'तारा' रूप में दुष्यन्त की 'भ्रमरवृत्ति को निर्वृत्ति (संतोष) के मार्ग पर ले जाती है, त्रिपुर सुन्दरी की कल्याणशीलता भी उसमें है। भुवनेश्वरी के रूप में शकुन्तला प्रकृति के कण-कण में बिखरी हुई है वह भरत (भरण पोषण करने वाला-ईश्वर)की माता है। जिसकी प्रतीति चौथे अंक में होती है। भैरवी के प्रतीकरूप में वह तपश्चर्या में लीन होती है और दुष्यंत को अपनी उग्रता पुण्य-प्रकोप रूप में सूचित करती है। छिन्नमस्ता रतिरूपा है छिन्नमस्ता की करुणा के कारण साधक का स्थूल जगत नामशेष हो जाता है। दुष्यंत वसंतोत्सव भी नहीं मनाता, यह बात छठ्ठे अंक में निरूपित है। धूमावती के मलिन वस्त्रों की उदासीनता शाकुन्तल के सातवें अंक में शकुन्तला के वर्णन में है। बगुलामुखी की भाँति दुष्यंत के समग्र चेतनातंत्र को शकुन्तला की स्मृति विक्षुब्ध और आश्चर्यचकित तथा पक्षघाती बना देती है। मातंगी की भाँति वह शकुन्तला मन को आत्मचिन्तन की ओर मोड़ती है। विशुद्ध चक्र में मातंगी की अनुभूति से नदी, झरना आदि का अनुभव होता है। दुष्यंत मालिनी नदी के किनारे शकुन्तला का चित्र छठ्ठे अंक में आलेखित करता हैं। कमला, शुचिता, आनंद सिद्धि और आत्मविद्या की द्योतक है। उस धूमावती की मलिनता को दूर करके, अभूति एवं असमृद्धि को दूर करता है। (**क्षुत्पिपासामलां**

ज्येष्ठामलक्ष्मीं नाशयाम्यहम्)।[१५]

